ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ

# ગિરનાર: ગ્રંથોની ગોદમાં... ૨




ઃ સંપાદક ઃ

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. શ્રી **ચન્દ્રશેખરવિજયજી** ગણિવર્યના શિષ્ય

પરમ પૂજ્ય આચાર્ય શ્રી **ધર્મરક્ષિતસૂરિ** મહારાજ સાહેબના શિષ્ય

પરમ પૂજ્ય આચાર્ય શ્રી **હેમવલ્લભસૂરિ** મહારાજ સાહેબ



ઃ પ્રકાશક ઃ

**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**

C/o ગિરનારદર્શન ધર્મશાળા,

શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧.

ફોન ઃ ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯ મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**ગિરનાર : ગ્રંથોની ગોદમાં... – ૨**

પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦ નકલ

કિંમત : તીર્થભક્તિ

સંપાદક : આચાર્ય હેમવલ્લભસૂરિ

gyann0003



**આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલું હોવાથી સદ્‌ગૃહસ્થોએ ૧૦૦ રૂપિયા ભરી માલિકી કરવી**

## પ્રાપ્તિસ્થાન

**શ્રી ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**
C/o ગિરનારદર્શન ધર્મશાળા,
શિવનિકેતનની બાજુમાં, રૂપાયતન રોડ,
જુનાગઢ-૩૬૨૦૦૧.
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯
મો. ૯૪૦૯૬૮૫૯૯૯

**વર્ધમાન સંસ્કાર ધામ**
ભવાનીકૃપા બિલ્ડીંગ, ૧લે માળે,
૧૧૨, જગન્નાથ શંકર શેઠ રોડ,
ગિરગામ ચર્ચ પાસે,
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૬૭૦૯૭૪

**સમકિત ગ્રુપ**
૧૪૮/૧૦૨, ચંદ્ર દર્શન, જવાહરનગર, રોડ નં. ૯,
ગોરેગામ (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૨.
મો. ૯૮૨૦૧૨૧૧૯૫

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
૦૨૬૧-૨૫૯૯૩૩૭

**કેયુરભાઈ શેઠ**
G/F-31, અર્પણ કોમ્પલેક્ષ,
ડીલક્ષ ચાર રસ્તા, પાસપોર્ટ ઓફીસ પાસે,
નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨.
મો. ૭૨૮૫૦૦૫૧૫૨, ૯૫૧૦૫૮૦૪૮૭

**Amitkumar Mahaveerji Salecha**
C/O Arham Gold, Ground Floor, Ram
Rajendra Kuteer, Isukavagu Street,
R.Agraharam Guntur - 522003 (A.P)
98492 76450, 86366 47791

**જ્ઞાનની બારી**
જી-૧, લાભ કોમ્પલેક્ષ, ૧૭ તાલુકા સોસાયટી,
નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪.
મો. ૯૪૦૮૩૭૧૨૦૬

**મહેતા ડેરી**
તળેટી રોડ, પાલિતાણા-૩૬૪૨૭૦.
ફોન : ૦૨૮૪૮-૨૫૨૨૩૨

મુદ્રકઃ કિરીટ ગ્રાફિક્સ - અમદાવાદ
મો. ૯૮૯૮૪૯૦૦૯૧, ૯૪૦૯૩૪૨૬૦૧



પ્રથમ ભાગમાંથી સાભાર

## ગિરનાર મહાતીર્થની તળેટીએથી....

જગપ્રસિદ્ધ એવા શ્રી ગિરનારજી મહાતીર્થના માહાત્મ્યથી પરિચિત એવા પૂર્વપુરુષો દ્વારા ભૂતકાળમાં આ મહાતીર્થના મહિમાની વાતો આગમાદિ અનેકગ્રથોમાં કંડારવામાં આવેલી છે. તે મહિમાના આલંબનથી ભૂતકાળમાં અનેક આચાર્યભગવંત આદિ પૂજ્યો તથા સમર્થ શ્રાવકવર્ગ દ્વારા આ મહાતીર્થના ઉત્કર્ષ અને સંરક્ષણ માટે કાળે કાળે એકથી એક અનુમોદનીય પ્રયાસો કરવામાં આવ્યા હતા. પૂર્વપુરુષોએ કરેલા પુરુષાર્થનો ઝળહળતો ઈતિહાસ આજે પણ આપણી સમક્ષ મોજુદ છે.

પરંતુ ભવિતવ્યતાના યોગે છેલ્લા સૈકા દરમિયાન કોઇને કોઇ કારણોસર ચતુર્વિધસંઘ દ્વારા આ મહાતીર્થ પ્રત્યે ઉપેક્ષાભાવ સેવાયેલ છે. જેના પરિણામે અનેકવિધ વિકટ પરિસ્થિતિઓમાંથી પસાર થઇ રહેલ આ તીર્થ ચતુર્વિધસંઘની દૃષ્ટિથી અગોચર રહેવા પામ્યું હતું તેવા અવસરે આજથી લગભગ ૪૦ વર્ષ પૂર્વે સહસાવન તીર્થોદ્ધારક **પ.પૂ.આ.હિમાંશુસૂરીશ્વરજી** મહારાજા દ્વારા આ મહાતીર્થના ઉત્કર્ષ અને સંરક્ષણ માટે એકલા હાથે અથાગ પરિશ્રમ લેવામાં આવ્યો હતો. જેની ફલશ્રુતિ સ્વરૂપે આજે આપણે બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિને સુરક્ષિત રાખવા સમર્થ બન્યા છીએ.

ભારતભરના વિવિધ ધર્મ-સંપ્રદાયમાં સૌ-સૌના ધર્મગ્રંથોમાં ગિરનાર મહાતીર્થનો મહિમા ગાવામાં આવ્યો છે. તેથી વિવિધ સમયે અનેકવિધ વાદ-વિવાદોના વાયુવંટોળનાં ધસમસતા વાવાઝોડાંની



વચ્ચે ઝીંક લેતો ગઢ ગિરનાર આજે પણ અડોલ ઊભો રહી લાખો શ્રદ્ધાવંત આત્માઓની શાંતિ અને સમાધિનું ધામ બનેલ છે.

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં છેલ્લા સૈકા દરમિયાન ઉપેક્ષા પામેલા આ મહાતીર્થની અનેકવિધ વાતો આગમાદિ ગ્રંથોમાં વર્ણવવામાં આવેલ છે. આ માહિતીઓ ચતુર્વિધસંઘમાં પ્રસરે તેવા શુભાશયથી આ આગમાદિ ગ્રંથ અંતર્ગત મહિમાની આછી ઝલક પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવંતો સુધી પહોંચાડવાનો આ અલ્પ પ્રયાસ કરેલ છે.

જ્યાંથી આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા પરમપદને પ્રાપ્ત કરવાના છે એવા આ મહાતીર્થની વાતો અનેક ગ્રંથોમાંથી ચૂંટી ચૂંટીને આ પુસ્તિકામાં સંગ્રહિત કરેલ છે. સંદર્ભ ગ્રંથોમાં આ પુસ્તિકામાં સંગ્રહિત કરાયેલ માહિતિ ઉપરાંત પણ ગિરનાર સંબંધી માહિતિ તથા કથાદિ જોવા મળે છે, કેટલીક બાબતોના મતાંતરો પણ આ ગ્રંથોમાં દષ્ટિગોચર થાય છે, વળી આ સંદર્ભ ગ્રંથો ઉપરાંત અન્ય ગ્રંથોમાં પણ ગિરનાર સંબંધી ઘણી માહિતી જોવા મળે છે. તેથી જિજ્ઞાસુ અને વિદ્વદ્વર્ય પૂજ્યો તે તે ગ્રંથોનો પણ ઊંડો અભ્યાસ કરી શકશે.

પ્રાન્તે આ મહાતીર્થ પ્રત્યેની તીવ્ર લાગણીને વશ તીર્થોત્કર્ષના કાર્યમાં નિમિત્તભૂત બનવાના યત્કિંચિત્ પ્રયાસનો પૂજનીય સાધુસાધ્વીજી ભગવંતો સ્વીકાર કરે તથા આ પુસ્તિકામાં રહેલી ક્ષતિઓ તરફ અંગુલીદર્શન કરે એ જ અપેક્ષા સાથે વિરમું છું.

આ પુસ્તિકાના પ્રકાશનમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો તે બદલ ક્ષમાપના ચાહું છું.

વિ.સં. ૨૦૬૭ — એ જ લિ.
આસો સુદ દશમ(દશેરા) — ભવોદધિતારક ગુરુપાદરેણુ
ગિરનાર તળેટી. — મુનિ હેમવલ્લભવિજય (હાલ આચાર્ય)

# ગિરનાર : ગ્રંથોની ગોદમાં... (ભાગ-૨)ના પ્રકાશન અવસરે

ગિરનાર મહાતીર્થની તળેટીથી...

ગિરનાર : ગ્રંથોની ગોદમાં... (ભાગ-૧) નામના પુસ્તકમાં ગિરનાર મહાતીર્થની તળેટીથી... નામની પ્રસ્તાવના અંતર્ગત આ પુસ્તક પ્રકાશનની ભૂમિકા આવરી લેવામાં આવેલ છે.

પરંતુ સમયે સમયે વિવિધ ગ્રંથોના અભ્યાસ દરમ્યાન ગિરનાર મહાતીર્થની અલ્પપ્રસિદ્ધ અને અજ્ઞાત એવી અનેક વિધ જૂની-નવી વાતો વાંચવામાં આવી છે. આ વાતો મારા સુધી મર્યાદિત ન રહેતાં સૌ કોઈ તેને જાણે-માણે, સૌના હૈયામાં આ મહાતીર્થ પ્રત્યે ભક્તિ-બહુમાનભાવ વૃદ્ધિ પામે અને આ મહાતીર્થના માહાત્મ્યનો પરચિય સ્વ-પર સૌના આત્માનું કલ્યાણ કરવામાં સહાયભૂત થાય તેવા શુભાશયથી હાલ આ ગિરનાર : ગ્રંથોની ગોદમાં... (ભાગ-૨) અને (ભાગ-૩)નું પ્રકાશન થઈ રહ્યું છે. આ પુસ્તકની મેટરો છેલ્લા લગભગ ૩-૪ વર્ષથી તૈયાર હોવા છતાં સંયોગવશાત તે સમયસર પ્રકાશિત કરવામાં વિલંબ થયેલ છે તે બદલ દિલગીર છું. ભાવિમાં પણ આ પુસ્તકની

શૃંખલામાં અન્ય ૩ થી ૪ ભાગ અવસરે અવસરે પ્રકાશિત થાય તેવી ભાવના છે.

સદા શ્રુતસાગરમાં અવગાહન કરતાં, વિદ્વદ્વર્ય પ.પૂ.આ. મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે શ્રુતભક્તિના અનેકવિધ કાર્યોની વ્યસ્તતા વચ્ચેથી પણ પોતાનો અમૂલ્ય સમય ફાળવી આ પુસ્તક અંતર્ગત આવતાં વિવિધ ગ્રંથોના ગ્રંથકારોના સંક્ષિપ્ત પરીચય કરાવી વિસ્તૃત પ્રસ્તાવના લખી આપી મહાન ઉપકાર કરેલ છે, અન્ય પણ નામી-અનામી ગિરનારભક્ત એવા અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રાવક-શ્રાવિકાની સહાયવૃત્તિનું ઋણ અવિસ્મરણીય રહેશે સાથે સાથે આ કાર્યમાં બધી જ રીતે અનુકૂળ બની અનેક રીતે સહાયક બનતા મારા શિષ્યવૃંદના ઉપકારોને તો કેમ વિસરાય !

પ્રાન્તે આ પુસ્તક પ્રકાશનમાં રહેલી ક્ષતિઓ તરફ અંગુલી-દર્શન કરી વિદ્વદ્વર્યો માર્ગદર્શન આપશે તો આનંદ થશે.

આ પ્રકાશનમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો તે બદલ ક્ષમાપના ચાહું છું.

વિ.સ. ૨૦૭૬<br>
શ્રાવણ સુદ-પાંચમ<br>
નેમિનાથ જન્મકલ્યાણક દિન

એજ લિ.<br>
હેમવલ્લભવિજય

# વિષયાનુક્રમ


૧) ચન્દ્રગચ્છીય શ્રી ધનેશ્વરસૂરિકૃત શ્રી શત્રુંજય માહાત્મ્ય :

- ક ઉજ્જયંતગિરિના મહિમા વિશે અશોકચંદ્ર રાજાની કથા ૧
- ખ રૈવતગિરિના પ્રભાવે થયેલ ગોમેધ યક્ષની કથા ૬
- ગ રૈવતગિરિના મુખ્ય જિનાલયના નેમિનાથ ભગવાનની પ્રતિમાની... ૯
- ઘ રત્નશ્રાવકની કથા ૧૩
- ચ ગજપદ કુંડનું નામ અને મહિમા ૨૮
- છ અંબા કુંડ અર્થાત્ વશિષ્ઠ કુંડની વાત ૩૦
- જ વસ્ત્રાપથ તીર્થ અને ભવ નામના દેવની કથા ૩૬
- ઝ ગિરનાર ઉપર અમલકીર્તિ નદીના પ્રભાવ વિશે... ૩૮
- ટ દેવતાઓથી સદા અધિષ્ઠિત એવા ગિરનારનો મહિમા ૪૩

૨) મુનિહંસરત્ન વિરચિત ગદ્યમય શત્રુંજય માહાત્મ્ય :

- ક ભરતેશ્વરે કરેલ રૈવતાચલની યાત્રા, જિનપ્રાસાદની સ્થાપના ૪૮
- ખ વીરપ્રભુ મુખે શ્રી ગિરનાર મહાતીર્થ માહાત્મ્ય ૫૬
- ગ જાંગલ તાપસે કહેલ શ્રીરૈવતગિરિ માહાત્મ્ય ૬૦
- ઘ ભીમસેનરાજા દીક્ષા લઈને રૈવતગિરિ પર તપ કરે છે તે પ્રસંગ ૬૨
- ચ સિદ્ધિવિનાયક યક્ષની કથા ૬૩
- છ વરદત્ત ગણધરનો વૃત્તાન્ત ૬૬
- જ ગજપદકુંડ ઉત્પત્તિ અને મહિમા ૭૦
- ઝ ત્રણ કલ્યાણકથી પવિત્ર રૈવતગિરિ તીર્થ ૭૨

૩) શ્રી પ્રભાચન્દ્રાચાર્ય વિરચિત પ્રભાવક ચરિત્ર :

- ક શ્રી વિજયસિંહસૂરિ ચરિત્ર ૭૫
- ખ શ્રી પાદલિપ્તસૂરિ ચરિત્ર ૮૧

| | | |
|---|---|---|
| | ગ શ્રી શાંતિનાથ ચરિત્ર | ૮૩ |
| | ઘ શ્રી બપ્પભટ્ટસૂરિ ચરિત્ર | ૮૪ |
| ૪) | શ્રી નાભિનંદન જીર્ણોદ્ધાર પ્રબંધ | ૮૮ |
| ૫) | શ્રી હરિભદ્રસૂરિ વિરચિત નેમિનાહ ચરિઉ | ૯૨ |
| ૬) | ભદ્રબાહુ સ્વામિ પ્રણિત શ્રી આવશ્યક નિર્યુક્તિ | ૯૭ |
| ૭) | નિરયાવલિકા સૂત્રનો પાંચમો વર્ગ - વહ્નિદશા સૂત્ર | ૯૯ |
| ૮) | પાંચમાં ગણધર ભગવંત શ્રીસુધર્માસ્વામિ પ્રરૂપિત જ્ઞાતાધર્મકથા | ૧૧૧ |
| ૯) | પાંચમાં ગણધર ભગવંત શ્રીસુધર્માસ્વામિ પ્રરૂપિત અંતકૃદ્દશાંગઃ | |
| | ક અંતકૃતદશાંગ સૂત્ર : ત્રીજો વર્ગ આઠમું અધ્યયન | ૧૧૪ |
| | ખ અંતકૃદ્દશાંગ સૂત્ર : પાંચમો વર્ગ | ૧૧૯ |
| ૧૦) | શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર મહાકાવ્ય | ૧૨૩ |
| ૧૧) | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | ૧૨૫ |
| ૧૨) | પ્રભુવીર અંતેવાસી શ્રીધર્મદાસગણિ વિરચિત ઉપદેશમાલા | ૧૨૭ |
| ૧૩) | રાજીમતિ ચરિત્ર | ૧૨૮ |
| ૧૪) | શ્રીઉદયપ્રભસૂરિ વિરચિત વસ્તુપાલ મહાકાવ્ય | ૧૨૯ |
| ૧૫) | કુમારપાલ ચરિત્ર | ૧૩૨ |
| ૧૬) | શ્રીજયસિંહસૂરિવિરચિત કુમારપાલભૂપાલચરિત્ર મહાકાવ્ય | ૧૩૪ |
| ૧૭) | ચતુરશીતિપ્રબંધ | ૧૩૬ |
| ૧૮) | અજ્ઞાતકર્તૃક પુરાતન સંક્ષિપ્ત કુમારપાલદેવ ચરિત્ર | ૧૩૮ |



## વિ.સં. ૧૩૭૧માં ચન્દ્રગચ્છીય શ્રી ધનેશ્વરસૂરિકૃત શ્રી શત્રુંજય માહાત્મ્ય

### ઉજ્જ્યંતગિરિના મહિમા વિશે જાંગલ ઋષિએ કહેલ અશોકચંદ્ર રાજાની કથા

દશમો સર્ગ :-

अस्मिन् क्षणे जांगलः खादागाज्जटिलसन्निधौ ।
शिष्यः कुर्वन्नमस्कारं, गुरौ विनयवामनः ।। ३८ ।।


पप्रच्छ जाङ्गलं शिष्यं, जटिलोऽकुटिलाशयः ।
वत्स त्वमधुनाऽऽयातः, कुतः कथय तन्मम ।। ३९ ।।

अथाह जाङ्गलः स्वामिन्, सुराष्ट्रायामहं गतः ।
शत्रुंजयोज्जयन्ताद्रौ, कृत्वेतो जिनपूजनम् ।। ४० ।।

तीर्थयोः कथ्यते कीदृग्, मद्विधैर्महिमैतयोः ।
यं न जानाति जनता, केवलं वेत्ति केवली ।। ४१ ।।

भवद्वयसुखं सर्वं, नृणां स्याद्यदुपासनात् ।
विशेषादुज्जयन्ताद्रेर्महिमानममुं श्रृणु ।। ४२ ।।

कान्तिं कलाश्च कमलां, प्रभूतां चक्रिवज्रिणोः ।
यदाराधनतो जन्तुर्लभेताशोकचन्द्रवत् ।। ४३ ।।





तथाहि पुर्यां चम्पायां, क्षत्रीयः परजीवकः ।
अशोकचन्द्रनामाऽभूद्दरिद्रो विरतो गृहात् ।। ४४ ।।

उद्विग्नो विचरन् सोऽथ, वीक्ष्य जैनतपोधनान् ।
नत्वाऽपृच्छच्च दौर्भाग्यभङ्गोपायं दयामयान् ।। ४५ ।।

ऊचुस्तं मुनयो वत्स, प्रमादकलितो भवे,
जन्तुर्भ्राम्यति सर्वत्र, कर्मणा सबलोऽबलः ।। ४६ ।।

तत्कर्म त्वन्यथाकर्त्तुं, शक्यते केनचिन्न हि ।
बाध्यते केवलं स्वात्मा, विकल्पैरेव निर्भरम् ।। ४७ ।।

विना भोगं न मुच्येत, जीवस्तत्कर्मपञ्जरात् ।
सेवया रैवताद्रेर्वा, कृतया शुद्धभावतः ।। ४८ ।।

इत्युक्त्वा विरतेष्वेषु, स ययौ रेवताचलम् ।
वित्ताभिलाषी सद्भक्तिः, प्रातनोत्सत्तपः स्थिरः ।। ४९ ।।

कियद्भिर्दिवसैरम्बादेवी प्रीतिपरैत्य च ।
अदात्स्पर्शोपलं तस्मै, स्पर्शाल्लोहस्य हेमकृत् ।। ५० ।।


गत्वाऽथ स्वपुरं भृत्यान्, स्थापयित्वा च भूरिशः ।
राज्यमर्थबलाल्लात्वा, सर्वसौख्याण्यभुंक्त सः ।। ५१ ।।

अथैकदा चकारासौ चिन्तां चेतसि चारुधीः ।
धिग्मे जीवितमर्थं च, राज्यं च निखिलाः स्त्रियः ।।५२।।

अम्बिकायाः प्रसादेन, सर्वमेतदुपार्जितम् ।
तामेव न स्मराम्यस्मि, न नमामि च पापवान् ।।५३।। युग्मम्

अथ संघस्य सामग्रीं, कृत्वाऽन्येद्युः स संयुतः ।
स्वजनैरचलच्चित्तेऽचलः सकलदानदः ।। ५४ ।।

दिनैः कियद्भिर्गत्वा स, शत्रुंजयगिरिं जिनम् ।
पूजयित्वा च विधिना, पुना रैवतमागमत् ।। ५५ ।।





गजेन्द्रपदकुण्डादिपयोभिः स्नानमाचरन् ।
तज्जलैः स्नाप्य नेमीशं, पुपूज कुसुमैर्घनैः ।। ५६ ।।

अथाम्बां जगताम्म्बां, भक्त्या सम्पूज्य चादरात् ।
विरक्तोऽचिन्तयच्चिते, स इति प्रीतिपेशलः ।। ५७ ।।

शतानि त्रीणि वर्षाणि, राज्यं कृतममुष्य तु ।
देवस्यैवाम्बिकायाश्च, प्रासादान्महतो मया ।। ५८ ।।

ततोऽतः परमेतस्य, श्रीनेमेरेव पादुके ।
शरणं मम भूयास्तां, सुतो राज्यं करोतु च ।। ५९ ।।

निवेश्य राज्ये तनयं, प्रेक्ष्य देशान् प्रति द्रुतम् ।
नीत्वा दीक्षां शुभध्यानात्प्रान्ते प्रापच्छिवं च सः ।। ६० ।।

प्रत्यक्षं भगवन्नेतत्समग्रं वीक्षितं मया ।
तज्ज्ञानेऽहं महातीर्थमिदमेव न चापरम ।। ६१ ।।

प्राप्यते पुरुषैर्नूनं, यस्य तीर्थस्य सेवनात् ।
इह सर्वस्य सम्पत्तिः, परत्र च परं पदम् ।। ६२ ।।

लभन्ते सेवनाद्यस्य, प्राणिनः पापिनोऽप्यलम् ।
सर्वकर्माणि संक्षिप्य, शिवमव्यक्तमक्षयम् ।। ६३ ।।

भ्रमतां पक्षिणां खेऽपि, छाया येषां स्पृशत्यमुम् ।
लभन्ते कुगतिं नैते, किं पुनः सहवासिनः ।। ६४ ।।

इति जाङ्गलतः श्रुत्वा, महिमानं महागिरेः ।
रैवतस्य मुदं प्रापुः, सर्वे तत्र तपोधनाः ।। ६५ ।।

આ અવસરે વિનયથી નમ્ર બનેલો, ગુરૂભગવંતને નમસ્કાર કરતો જાંગલ નામનો શિષ્ય આકાશમાંથી જટિલ ઋષિ પાસે આવ્યો. સરળ આશયવાળા જટિલ ઋષિએ શિષ્ય એવા જાંગલ ઋષિને પૂછ્યું, ''હે વત્સ! તું હમણાં ક્યાંથી આવ્યો? તે મને કહે.''






જાંગલે કહ્યું, ''હે સ્વામિન્ ! અહીંથી જિનપૂજન કરીને હું સૌરાષ્ટ્ર દેશમાં શત્રુંજય અને ગિરનાર પર્વત પર ગયો હતો. આ બંને તીર્થોનો મહિમા મારા જેવા કેવી રીતે કહી શકે ? જે મહિમાને સામાન્ય લોકો જાણતા નથી, માત્ર કેવલી ભગવાન જ જાણે છે. આ તીર્થોની ઉપાસનાથી મનુષ્યોને બંને ભવનું સુખ પ્રાપ્ત થાય છે. હવે વિશેષથી ઉજ્જ્યંતગિરિનો મહિમા સાંભળો. જેની આરાધનાથી જીવ અશોકચંદ્રની જેમ ચક્રવર્તી અને ઈન્દ્રની ઋદ્ધિ, કાંતિ અને કળાઓ મેળવે છે. તે આ પ્રમાણે –

ચંપાનગરીમાં ઘરથી ત્યજાયેલો, બીજાના આશરે જીવનારો, અશોકચંદ્ર નામનો એક ગરીબ ક્ષત્રિય હતો. નિરાશાથી ફરતા એવા તેણે દયાળુ જૈન મુનિઓને જોઈને, નમસ્કાર કરીને, દરિદ્રતા ભાંગવાનો ઉપાય પૂછ્યો.

તેને મુનિઓએ કહ્યું કે, ''હે વત્સ ! સબળ કે નિર્બળ પ્રમાદયુક્ત જીવ કર્મના કારણે સંસારમાં સર્વ ઠેકાણે ભમે છે. તે કર્મોમાં ફેરફાર કરવા માટે કોઈ સમર્થ નથી, ફક્ત વિચારો વડે આત્મા અત્યંત પીડા પામે છે. તે કર્મો ભોગવ્યા વિના કર્મ પાંજરામાંથી જીવ મુક્ત થતો નથી. અથવા શુદ્ધ ભાવથી રૈવતગિરિની સેવા કરવા વડે મુક્ત થાય છે.''

આ પ્રમાણે કહીને તેઓ મૌન થયે છતે તે અશોકચંદ્ર રૈવતગિરિએ ગયો. સારી ભક્તિવાળા, સ્થિર અને ધનના અભિલાષી તેણે સમ્યગ્ તપ કર્યો. કેટલાક દિવસો પછી પ્રીતિવાળી અંબિકાદેવીએ આવીને તેને સ્પર્શથી લોઢાને સોનુ બનાવનાર પારસમણી આપ્યો. પછી પોતાના નગરમાં જઈને તે અશોકચંદ્રે ધનના બળથી પોતાના ભાઈઓને સ્થાપન (ભેગા) કરીને, રાજ્ય પ્રાપ્ત કરી સર્વ સુખો ભોગવ્યા.

હવે, એક વખત સારી બુદ્ધિવાળા એવા તેણે મનમાં વિચારણા કરી કે, મારૂં જીવન, ધન, રાજ્ય અને બધી સ્ત્રીઓને



ધિક્કાર થાઓ. જે અંબિકાની (નેમિનાથ ભગવાન અને રૈવતગિરિની) કૃપાથી આ સર્વ મને મળ્યું તેને જ હું પાપી નમતો નથી કે યાદ પણ કરતો નથી. ત્યારપછી બધું દાન આપનાર ગિરિને મનમાં ધારણ કરીને, સંઘની સામગ્રી કરીને અર્થાત્ સંઘ લઈને, સ્વજનો સાથે ચાલ્યો. કેટલાક દિવસે શત્રુંજયગિરિ પર જઈને, પરમાત્માને વિધિપૂર્વક પૂજીને, પુણ્યશાળી એવો તે રૈવતગિરિએ આવ્યો. ગજેન્દ્રપદ કુંડ વગેરેના પાણી વડે સ્નાન કરતા તેણે તે પાણી વડે અભિષેક કરીને, ઘણા પુષ્પો વડે નેમિનાથ ભગવાનને પૂજ્યા. ત્યારપછી જગતની માતા સમાન અંબિકાદેવીને ભક્તિપૂર્વક આદરથી પૂજીને, પ્રીતિથી મનોહર એવો પણ વૈરાગી થયેલો તે ચિત્તમાં વિચારે છે કે,

'આ ભગવાન અને અંબિકા દેવીની અત્યંત કૃપાથી મારા વડે ૩૦૦ વર્ષ રાજ્ય કરાયું. તેથી આજથી આ નેમિનાથ ભગવાનના ચરણ મને શરણ હો અને રાજ્ય પુત્ર કરે.' (આમ વિચારીને) દેશ પ્રત્યે પુત્રને જલ્દી મોકલીને, રાજ્ય ઉપર સ્થાપન કરીને, દીક્ષા લઈને, શુભધ્યાનથી અંતે મોક્ષ પ્રાપ્ત કર્યો.

હે ગુરૂ ભગવંત ! મેં આ બધું પ્રત્યક્ષ જોયું, તેથી હું માનું છું કે, મહાતીર્થ આ જ છે. જે તીર્થની સેવાથી પુરૂષો વડે આ લોકની બધી સંપતિ અને પરલોકમાં મોક્ષ નિશ્ચે મેળવાય છે. જે તીર્થની સેવાથી પાપી પ્રાણીઓ પણ સર્વ કર્મોનો ક્ષય કરીને અક્ષય પદને મેળવે છે. આકાશમાં ભમતા જે પક્ષીઓની છાયા આ તીર્થને સ્પર્શે છે, તેઓ દુર્ગતિને પામતા નથી, તો ત્યાં રહેનારાનું તો શું કહેવું ?''

આ પ્રમાણે જાંગલ ઋષિ પાસેથી રૈવતમહાગિરિનો મહિમા સાંભળીને ત્યાં રહેલા બધા ઋષિઓ હર્ષ પામ્યા.

❋❋❋



## રૈવતગિરિના પ્રભાવે થયેલ ગોમેધ યક્ષની કથા

તેરમો સર્ગ :-

इतोऽभवद्गौतमगौत्रजन्मा, गोमेधमुख्याध्वरकारकत्वात् ।
गोमेधनामा द्विजराट् कलावान्, सुग्रामवासी द्विजलक्षसेव्यः ।।९१।।

तत्पातकान्नष्टकलत्रपुत्रः कालक्रमेणोद्गतकुष्टरोगः ।
मुक्तोऽनुगैरप्यतुलार्त्तिदूनोऽकदर्थ्यतोत्पन्नकठोरकीटैः ।। ९२ ।।

अङ्गारशय्याखिललीनमूर्तिः, सोऽमन्यतैतन्नरकातिशायि ।
दुःखं दहद्देहमशेषरोमकूपाश्रितं मानसमान्द्यकारि ।। ९३ ।।


मार्गे लुठन्तं श्रवदच्छपूतिं, लालाविलं शुष्कसमग्रधातुम् ।
दुर्गन्धिलुब्ध्यागतमक्षिकाढ्यं, तं वीक्ष्य कश्चिमुनिराह शान्तः ।।९४।।

भद्र त्वयाकारि यदङ्गिघातो, धर्मैकबुद्धया कुगुरूक्तिलाभात् ।
अत्रोग्रपापद्रुसुमं हि लब्ध्वा, फलं पुनः प्राप्स्यसि दुर्गतौ तत् ।।९५।।

ततोऽधुनाप्याश्रय जीवरक्षामयं जिनोक्तं शुभधर्मसारम् ।
सर्वेषु सत्त्वेषु निजापराधक्षान्तिं च देह्याश्रय तेषु च त्वम् ।।९६।।

तत्पापशान्त्यर्थसमर्थमीड्यं, श्रीरैवताद्रिं स्मर मानसान्तः ।
सर्वर्द्धिलुब्धाखिलदेववृन्दसेव्यं जिनौकःशतपूतपृष्ठम् ।। ९७ ।।

इत्युक्तिमासाद्य मुनेः स साम्यपीयूषपूर्णो रहितो विकल्पैः ।
शान्तार्त्तिरासाद्य मृतिं क्षणेन, यक्षेश्वरोऽभूत् प्रवरर्द्धिपूर्णः ।।९८।।



त्रैलोक्यनाथस्य गुणानसंख्यान्, स्तुवन् पवित्रास्यधरो बभूव ।
रत्नत्रयाधारवृषाधिवासो, यक्षः स वाक्यान्मुनिपुङ्गवस्य ।।९९।।

वामेषु दोष्षु त्रिषु शक्तिशूले, दधच्च तद्वन्नकुलं क्रमेण ।
अन्येषु चक्रं पशुमातुलिङ्गं, गोमेधनामा मनुजासनः सः ।।३००।।

अम्बेव भक्त्या कृतयानयातस्तदैव सोऽप्युच्चपरिच्छदः सन् ।
गत्वा जिनं रैवतकाद्रिसंस्थं, ननाम तस्योपकृतिं विदानः ।।१।।

निशम्य सोऽपीशवचः प्रबुद्धः, शक्रार्थितोऽम्बेव बभार नेमेः ।
सच्छासने सर्वसमीहितार्थदाता ह्यधिष्ठातृपदं जनानाम् ।। २ ।।


આ બાજુ ગૌતમગોત્રમાં જન્મેલો, કલાવાન, સુગ્રામમાં રહેનારો, લાખો બ્રાહ્મણોથી સેવાતો, ગોમેધ વગેરે યજ્ઞ કરતો હોવાથી ગોમેધ નામનો શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો. તે (યજ્ઞોના) પાપથી પત્ની-પુત્રાદિ નષ્ટ થવાથી અને કાલક્રમે કોઢ રોગ ઉત્પન્ન થવાથી અનુયાયીઓ વડે પણ ત્યજાયેલો, પીડાથી દુઃખી થયેલો, ઉત્પન્ન થયેલા કઠોર કીડાઓ વડે કદર્થના પામતો હતો. જાણે અંગારાની શય્યામાં સૂતેલો તે બધા રૂંવાટાને આશ્રિત આખા દેહને બાળતા, મનને માંદા કરનારા આ દુઃખને નરકથી પણ વધારે દુઃખદાયી માનતો હતો.

રસ્તા પર આળોટતા, પરૂ ઝરતા, લાળથી વ્યાપ્ત, બધી ધાતુઓ સૂકાઈ ગયેલા, દુર્ગંધમાં આસક્તિથી આવેલી માખીઓથી વ્યાપ્ત એવા તેને જોઈને કોઈક શાંત મુનિ ભગવંતે કહ્યું, ''હે ભદ્ર ! ધર્મની બુદ્ધિથી અને કુગુરૂના વચનોથી તારા વડે જે પ્રાણીઓની હિંસા કરાઈ છે, તે પાપ રૂપી વૃક્ષનું પુષ્પ અહીં જ મેળવીને તેનું ફળ વળી દુર્ગતિમાં મેળવીશ તેથી હજી પણ જીવરક્ષામય શુભધર્મના સારભૂત જિનેશ્વર ભગવાને કહેલા ધર્મનો આશ્રય કર અને બધા જીવો પાસે પોતાના અપરાધની ક્ષમા માંગીને તેઓને તું આશ્રય (ક્ષમા) આપ (તથા) તે પાપને

શાન્ત કરવા માટે સમર્થ, વખાણવા લાયક, સર્વ ઋદ્ધિમાં આસક્ત એવા દેવોના સમૂહથી સેવાતા, જિનેશ્વરોના સેંકડો મંદિરોથી પવિત્ર ભૂમિવાળા રૈવતગિરિને મનની અંદર સ્મરણ કર.''

આ પ્રમાણે મુનિનું વચન પામીને સમતારૂપી અમૃતથી પૂર્ણ થયેલો, વિકલ્પ રહિત થયેલો, પીડા શાંત થઈ છે જેની એવો તે ક્ષણવારમાં મૃત્યુ પામીને શ્રેષ્ઠ ઋદ્ધિથી પૂર્ણ યક્ષનો સ્વામી થયો. મુનિભગવંતના વચનોથી ત્રૈલોક્યનાથના અસંખ્ય ગુણોની સ્તુતિ કરતો, પવિત્ર મુખ ધરનારો, રત્નત્રયના આધારભૂત ધર્મથી અધિવાસિત યક્ષ થયો.

ડાબા ત્રણે હાથમાં અનુક્રમે શક્તિ, શૂળ, નોળીયો અને જમણા હાથમાં ચક્ર, પશુ, બીજોરૂ ધારણ કરનાર, મનુષ્યના આસનવાળો ગોમેધ નામનો યક્ષ થયો. અંબિકાની જેમ કર્યું છે વાહન વડે ગમન જેણે એવો તે ત્યારે જ પરિવાર સહિત જઈને, રૈવતગિરિ ઉપર રહેલા ભગવાનને તેમનો ઉપકાર જાણતો નમ્યો. ભગવાનના વચન સાંભળીને બોધ પામેલા તેણે ઈન્દ્રની પ્રાર્થના થકી અંબિકાની જેમ, નેમિનાથ ભગવાનના શાસનમાં લોકોને સર્વ ઈચ્છિત વસ્તુ આપનાર અધિષ્ઠાતાનું પદ ધારણ કર્યું.





## રૈવતગિરિ ઉપર મુખ્ય જિનાલયમાં વર્તમાન કાળે પૂજાતા શ્રી નેમિનાથ પ્રભુના બિંબની ઉત્પત્તિ અને વરદત્ત ગણધરનો પરમાત્મા સાથેનો સંબંધ

તેરમો સર્ગ :-

इतश्च नेमिनं नत्वा, सुरेन्द्रो रचिताञ्जलिः ।
अपृच्छद्वरदत्तोऽभूत्, केन पुण्येन तेऽनुगः ।। ३ ।।

कृपावान् विभुरप्याख्यद्भव्योद्बोधकृते ततः ।
उत्सर्पिण्यामतीतायां, सागरोऽर्हंस्तृतीयकः ।। ४ ।।

वरज्ञानधरः पृथ्वीं, पावयन् स्वांह्रिरेणुभिः ।
समवासरदुद्याने, चम्पापुर्याः पवित्रगीः ।। ५ ।। युग्मम्।।

लोकपुंसो विचारस्यावसरे विश्वविश्ववित् ।
स जगाद शिवागारविचारमिति पावनम् ।। ६ ।।

पञ्चचत्वारिंशल्लक्षयोजनायामविस्तृता ।
उत्तानछत्राकृतिभृदस्ति सिद्धिशिलोज्ज्वला ।। ७ ।।

चतुर्विंशतिमे भागे, सिद्धस्तत्र निरञ्जनाः ।
अनन्तानन्तचिद्रूपाः, सन्ति न प्रच्यवन्ति ते ।। ८ ।।

अनन्तमचलं शान्तं, शिवं संख्यातिगं महत् ।
अक्षयारूपमव्यक्तं, तत्स्वरूपं जिनोऽश्नुते ।। ९ ।।





स्वसंवेद्यमिदं मुक्तिसुखं न वचनातिथि ।
लभते कर्मणां नाशाज्ज्ञनो योगपवित्रितः ।। १० ।।

इतः पञ्चमकल्पेशः, श्रुत्वा वाणीं जगद्गुरोः ।
मन्दः स्वर्गसुखे नाथं, प्रणिपत्य व्यजिज्ञपत् ।। ११ ।।

स्वामिन् ममापि संसारभ्रान्तिरस्तमुपेष्यति ।
कदापि शिवसौख्यस्य, सङ्गतिर्भाविनी न वा ।। १२ ।।

स्वाम्यप्यथाह ब्रह्मेन्द्र, भाविनोऽरिष्टनेमिनः ।
द्वाविंशस्यावसर्पिण्यां, भाविन्यां गणभृत्पदम् । ।। १३ ।।

प्राप्य सम्बोध्य भविकान्, रैवताचलमण्डनः ।
त्वं योगयुक्त्या मुक्त्याख्यपदं प्राप्स्यस्यसंशयम् ।।१४।। युग्मम्

स ब्रह्मेन्द्रो निशम्येति, प्रमोदोत्फुल्ललोचनः ।
नत्वा जिनं स्वकल्पेऽगाद् भृशं मय्यनुरागवान् ।। १५ ।।


स्वस्योपकारं विज्ञायाऽस्मत्तोऽस्मद्ध्यानधारकः ।
रत्नसारै रधान्मेऽसौ, मूर्तिं नेत्रामृताञ्जनम् ।। १६ ।।

सङ्गीतकं तदग्रेऽपि, चकारानिशमप्यसौ ।
अपूजयत्त्रिसन्ध्यं तां, नित्यार्हतप्रतिमामिव ।। १७ ।।

इत्यायुर्निजमापूर्य, स तद्ध्यानैकमानसः ।
लब्ध्वोत्तरोत्तरभवान्, वरदत्तोऽभवत्त्विह ।। १८ ।।

यदनेन कृतास्माकं, मूर्तिः सम्पूजितापि च ।
तत्फलेन गणेशत्व, लब्ध्वा मुक्तिमुपेष्यति ।। १९ ।।

तत्सामयिक उत्थाय, ब्रह्मेन्द्रोऽथ नमन् विभुम् ।
जगाद साऽद्यापि विमो पूजयतेऽर्चा हि वो मया ।। २० ।।





मत्पूर्वैरपि सा शक्रैर्भक्त्याराद्धा स्तुता नता ।
अधुना तु त्वदादेशात्कृत्रिमां वेद्मि नापरे ।। २१ ।।


विभुरप्याह तच्छक्र, मूर्त्तिमानय तामिह ।
नित्यार्चारहिता नान्या, कल्पे भवति भूमिवत् ।। २२ ।।

स्वाम्यादेशादुपादाय, शक्रस्तां शीघ्रमाययौ ।
कृष्णस्त्वर्चाकृते नाथात्तामर्चां लब्धवान्मुदा ।। २३ ।।

આ બાજુ શ્રી નેમિનાથ ભગવાનને નમીને, અંજલિ જોડીને, ઈન્દ્ર મહારાજાએ પૂછ્યું કે, ‘‘કયા પુણ્યથી વરદત્ત તમારા શિષ્ય થયા ?’’

કૃપાળુ ભગવાને પણ ભવ્યજીવોના બોધ માટે કહ્યું કે, ‘‘અતીત ચોવીશીમાં પવિત્ર વાણીવાળા ત્રીજા સાગર નામના તીર્થંકર, પોતાની ચરણરજ વડે પૃથ્વીને પવિત્ર કરતા, ચંપાનગરીના ઉદ્યાનમાં સમવસર્યા. ચૌદરાજ લોકના વર્ણન વખતે, સમગ્ર વિશ્વને જાણનારા ભગવાને પવિત્ર સિદ્ધશિલાના વિચારને કહ્યો કે, ‘૪૫ લાખ યોજન લાંબી-પહોળી, ખુલ્લા છત્રની આકૃતિવાળી, ઉજ્જ્વલ સિદ્ધશિલા છે. ત્યાં ચોવીસમા ભાગમાં નિરંજન એવા અનંતાનંત, આત્મસ્વરૂપી સિદ્ધ ભગવંતો છે. તેઓ ચ્યવન (નાશ) પામતા નથી. અનંત, અચલ, શાંત, કલ્યાણકારી, સંખ્યાથી અતીત, અક્ષય, અરૂપી, અવ્યક્ત એવું તેમનું સ્વરૂપ કેવલી ભગવાન જ જાણી શકે છે. જાતે જ અનુભવી શકાય એવું આ મોક્ષનું સુખ વચનથી અગોચર છે. યોગથી પવિત્ર થયેલ આત્મા કર્મના નાશથી તે મેળવે છે.’

આ બાજુ પ્રભુની વાણી સાંભળીને સ્વર્ગના સુખમાં વૈરાગી થયેલા પાંચમા દેવલોકના ઈન્દ્રે પરમાત્માને પ્રણામ કરીને વિનંતિ કરી કે, ‘‘હે સ્વામી ! મારું સંસાર ભ્રમણ કયારે અંત






પામશે ? મોક્ષ સુખની પ્રાપ્તિ મને થશે કે નહીં ?''

ભગવાને કહ્યું, ''હે બ્રહ્મેન્દ્ર ! હવે થનારી અવસર્પિણીમાં થનારા બાવીસમાં શ્રીઅરિષ્ટનેમિ ભગવાનના ગણધર પદને પામીને, ભવ્ય-જીવોને પ્રતિબોધ કરીને, રૈવતગિરિના શણગાર સમાન તું યોગની યુક્તિથી નિશ્ચે મુક્તિ નામનું પદ પામીશ.''

આ સાંભળીને હર્ષથી વિકસિત નેત્રવાળા અને મારા પ્રત્યે અનુરાગવાળા, તે બ્રહ્મેન્દ્ર, પરમાત્માને નમીને પોતાના દેવલોકમાં ગયા. અમારાથી પોતાનો ઉપકાર જાણીને, અમારા ધ્યાનને ધરનારા તેણે સારભૂત રત્નો વડે નેત્રમાં અમૃતના અંજન સમાન આ મૂર્તિ કરાવી. તેની આગળ તે દરરોજ સંગીત કરતો હતો અને શાશ્વતી પ્રતિમાની જેમ તેને ત્રણે સંધ્યાએ પૂજતો હતો. આ પ્રમાણે પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને, તેના જ ધ્યાનમાં એકચિત્તવાળો તે ઉત્તરોત્તર સારા ભવોને મેળવીને અહીં વરદત્ત થયો. એના વડે અમારી મૂર્તિ કરાઈ અને પૂજાઈ, તેના ફળ સ્વરૂપે ગણધરપણું પામીને તે મોક્ષમાં જશે.''

તે જ સમયે ઉઠીને, પ્રભુને નમસ્કાર કરતા બ્રહ્મેન્દ્રે કહ્યું, ''હે પ્રભુ ! તમારી મૂર્તિ હજી પણ મારાથી પૂજાય છે. મારા પહેલાના ઈન્દ્રો વડે પણ તે ભક્તિપૂર્વક આરાધાઈ છે, સ્તુતિ કરાઈ છે, નમન કરાઈ છે. હમણાં તમારા વચનથી હું તેને બનાવેલી જાણું છું. બીજા ઈન્દ્રો જાણતા નથી. (અર્થાત્ શાશ્વત માને છે.)''

પરમાત્માએ કહ્યું, '' હે ઈન્દ્ર ! તે મૂર્તિ જલ્દી અહીં લાવ. કારણ કે પૃથ્વીલોકની જેમ દેવલોકમાં શાશ્વતી પ્રતિમા સિવાયની પ્રતિમા હોતી નથી'' સ્વામીનો આદેશ મેળવીને ઈન્દ્ર તત્કાળ લઈ આવ્યો અને પ્રભુ પાસેથી તે મૂર્તિ પૂજા માટે કૃષ્ણે હર્ષથી મેળવી.





## રત્નશ્રાવકની કથા

स कः पुण्यतमो भावी, योऽर्चां रत्नोऽर्चयिष्यति ।
विज्ञप्त इति कृष्णेन, जगद्गुरुरुवाच तु ।। ५१ ।।

त्वत्स्थापिता ऽर्चाविगमाद्विमलो नाम पार्थिवः ।
भविष्यत्यत्र जैनेन्द्रधर्मधुर्धरणोद्धरः ।। ५२ ।।

स रैवते मुख्यशृङ्गे, चित्रवर्णविनिर्मिताम् ।
अस्मन्मूर्त्ति स्थापयिता, प्रासादे काष्टकूटजे ।। ५३ ।।


तस्यामेवार्च्यमानायां, सुराष्ट्रायां च नीवृति ।
काम्पील्याख्ये पुरे भावी, नाम्ना रत्नो वणिग्धनी ।।५४।।

द्वादशाब्दीं ततः कृष्ण, दुष्कालोऽत्र पतिष्यति ।
घनः प्राणिगणः प्राणप्रयाणं हि विधास्यति ।। ५५ ।।

स्थितिहीनस्तु रत्नोऽपि, त्यक्त्वा देशममुं रयात् ।
देशाद्देशान्तरं गच्छन्, काश्मीरे स्थितिमेष्यति ।। ५६ ।।

स तत्रोपार्ज्य वित्तानि, ग्रहीतुं तत्फलं व्ययात् ।
इच्छन् सङ्घजनं भक्त्याऽर्थयिष्यति जिनार्चने ।। ५७ ।।

विशेषोत्साहितस्तैस्तु, रत्नो हर्षभरोज्ज्वलः ।
देवालयस्थमर्हन्तमर्चयन् सङ्घशोभितः ।। ५८ ।।





पुरे पुरे जिनौकांसि, नूतनान्यपि कारयन् ।
पूजयन् गुरुमानन्दसूरिं स हि चलिष्यति ।। ५९ ।। युग्मम् ।।

भूतव्यन्तरवेतालरक्षोयक्षोद्भवं पथि ।
प्रत्यूहमम्बिकाध्यानात्स सङ्घस्य हरिष्यति ।। ६० ।।

क्रमेण स्वपुरं प्राप्यामन्त्र्य सङ्घं च भक्तितः ।
शत्रुञ्जये जिनं नत्वा, रैवतेऽत्र समेष्यति ।। ६१ ।।

अस्मद्ज्ञानपदेऽस्माकमर्चयन् प्रतिमां मुदा ।
आरुक्ष्यति महाशृङ्गमङ्गरङ्गत्सुखोन्मुखः ।। ६२ ।।

गच्छंश्छत्रशिलाधस्ताद् द्रक्ष्यत्यस्याः सुकम्पनम् ।
आकार्याथ गुरून् भक्त्या, तद्धेतुमपि प्रक्ष्यति ।। ६३ ।।

गुरवोऽवधिना ज्ञात्वा, वक्ष्यन्त्येवं तमादरात् ।
तीर्थभ्रंशोऽप्यथोद्धारस्त्वयैव भविताऽत्र हि ।। ६४ ।।

व्याहरिष्यति रत्नश्चेत्तीथभङ्गो मया विभो ।
तदलं तत्र यानेन, नमस्याम्यत्रगो जिनम् ।। ६५ ।।


त्वत्तो न तीर्थविध्वंसः, किन्तु त्वदनुगाङ्गितः ।
भावी त्वत्तोऽधिकः सोऽपि, तीर्थोद्धारो जिनोदितः ।। ६६ ।।

निशम्येति गुरोर्वाणीं, सोत्सवं सङ्घनायकः ।
कारयिष्यति सङ्घस्य, प्रवेशं तीर्थमानवैः ।। ६७ ।।

इतः सहर्षाः सर्वेऽपि, गजेन्द्रपदसंज्ञकात् ।
कुण्डादुद्धृतपानीयैः, शुद्धैः स्नास्यन्ति सत्वरम् ।। ६८ ।।

ततः प्रमोदपूर्णाङ्गाः, धौतवासांसि बिभ्रतः ।
तत्तोयपूर्णकलाशास्ते विक्ष्यन्ति जिनालयम् ।। ६९ ।।

देववर्यैर्वार्यमाणा, अतद्भाषाविदोऽथ ते ।
लेप्यमूर्तिं ममाम्भोभिः, स्नापयिष्यन्ति संमदात् ।। ७० ।।





तदभ्भःस्पर्शनादेव, लेप्यमूर्त्तिर्गलिष्यति ।
अत्यार्द्रमृत्पिण्ड इव, स्थास्यत्यासनगा क्षणात् ।। ७१ ।।

तां विक्ष्य रत्नः शोकाग्निसंशुष्यद्धर्मपल्वलः ।
तदैव मूर्छित इव, भावी किङ्कर्तृताजडः ।। ७२ ।।

तीर्थध्वंसकरं धिग्मां, धिग्मेज्ञातृत्वमीद्दशम् ।
धिगज्ञानानुगव्रातं, तीर्थध्वंसकरं हि यत् ।। ७३ ।।

आगतानामिहास्माकमासीत्सद्भक्तिजं फलम् ।
येन तीर्थोद्धृतिं त्यक्त्वा, तीर्थध्वंसोऽभवद्धहा ।। ७४ ।।

कैः कैर्दानैस्तपोभिर्वा, हनिष्याम्येनसं ह्यदः ।
भृत्यानामपराधे यत्स्वामिदण्डः प्रकीर्त्तितः ।। ७५ ।।

चिन्ताभिरथवामूभिरलं व्यर्थाभिरागसि ।
ममास्तु शरणं नेमिनाथोऽतःपरमीदृशः ।। ७६ ।।

इत्युक्त्वा सोऽखिलैर्लोकैर्वार्यमाणोऽपि मां स्मरन् ।
दृढासने निराहारो, निषीदिष्यति सत्त्ववान्।।७७।।कुलकम्।


निषेदुषोऽथो तस्येत्थमुपसर्गेऽप्यकम्पिनः ।
निराहारस्य मासान्ते, भविष्यत्यम्बिका पुरः ।। ७८ ।।

अम्बादर्शनसञ्जातसम्मदः स क्षणादपि ।
स्वतपःप्रत्ययं ज्ञात्वाऽभ्युत्थानं च विधास्यति ।। ७९ ।।

वदिष्यत्यम्बिकाप्येवं, वत्स त्वं किं विषीदसि ।
धन्योऽसि तीर्थयात्राभिरेतान् पुण्यानि लम्भयन् ।। ८० ।।

प्राचीनविगमाल्लेपः, प्रत्यब्दं नूतनो भवेत् ।
प्रतिष्ठापदमेषोऽस्ति, शङ्कुः पुनरभङ्गभृत् ।। ८१ ।।

सञ्चारय पुनर्लेपं, प्रतिष्ठामपि कारय ।
पूर्वत्यागादंशुकानि, नूतनानि भवन्ति हि ।। ८२ ।।





अथ वक्ष्यति रत्नोऽपि, मैवं मातर्वचो वद ।
जातोऽस्मि पापवानेव, पूर्वमूर्त्तिविभङ्गतः ।। ८३ ।।

तवादेशान्नवं लेपं, यदि सञ्चारयाम्यहम् ।
तथाप्यन्योऽपि कोऽप्यज्ञोऽहमिव ध्वंसयिष्यति ।। ८४ ।।

तदभङ्गां परां मूर्तिं, प्रसन्नाऽर्पय काञ्चन ।
येनाम्भःस्नात्रपूजाभिः, प्रीयते जनमानसम् ।। ८५ ।।

इत्यनाकर्णितामिव, कृत्वा तद्गिरमम्बिका ।
तिरोधास्यत्यसौ तीव्रनिश्चयस्तु तपिष्यति ।। ८६ ।।

तस्योपसर्गसंसर्गान्, क्षोभाय रचयिष्यति ।
अम्बा स तु महासत्वः स्मरिष्यत्येव मां दृढः ।। ८७ ।।

ततः कूष्माण्डिनी साक्षाद्गर्जत्पञ्चास्यवाहना ।
उद्योतयन्ती सर्वाशास्तत्पुरः स्थास्यति स्थिरा ।। ८८ ।।

तुष्टाऽस्मि वत्स सत्त्वेन, तीव्रेणानेन तेऽधुना ।
मनोऽभिलषितं स्वस्य, मार्गयस्व ममाग्रतः ।। ८९ ।।


इति तस्या वचः श्रुत्वा, स एवं व्याहरिष्यति ।
तीर्थोद्धारं विना नान्यो, मातर्मेऽस्ति मनोरथः ।।९०।। युग्मम्

वज्रमूर्त्तिं विभोः काञ्चिद्देहि मे शाश्वताऽस्ति या ।
यामर्चयन्तोऽम्बुपूरैः, पूरयन्ति जना मुदम् ।। ९१ ।।

ततो वदिष्यत्यम्बापि, तीर्थोद्धारकरो भवान् ।
गदितो गतरागैस्तदेहि सार्द्धं मयाऽऽदृतः ।। ९२ ।।

विनैव मत्पदन्यासं, माऽन्यतो निक्षिपेर्दृशम् ।
इति श्रुत्वा तदैवासौ, तत्पृष्ठे च लगिष्यति ।। ९३ ।।

ततोऽम्बा शिखराण्यन्यान्यपसव्येनमुञ्चती ।
पूर्वस्यां दिशि हेमाद्रौ, सिद्धेभास्यं वदिष्यति ।। ९४ ।।





चैत्यस्य काञ्चनाख्यस्य, रक्षार्थमसि नाकिभिः ।
मुक्तः स्वभक्त्या पिहितद्वारमुद्घाटय द्रुतम् ।। ९५ ।।

इत्यादेशादम्बिकायाः, स तदुद्घाटयिष्यति ।
तदैव तत्कान्तिभरो, बहिरुधोतयिष्यति ।। ९६ ।।

घटवक्त्रोपमं द्वारान्तरम्बा विक्ष्यति क्षणात् ।
सूचीबद्धगुणाकारो, रत्नोऽपि श्रावकाग्रणीः ।। ९७ ।।

तत्र स्थिताम्बा बिम्बानि, प्रत्येकं दर्शयन्त्यदः ।
तं वदिष्यति वत्सैषां, कर्तृन् शृणु समाहितः ।। ९८ ।।

सौधर्मपतिना नीलोपलैरेतद्विनिर्मितम् ।
धरणेनाहिना चैतत् पद्मरागाश्मभिर्वरैः ।। ९९ ।।

अमूनि भरतादित्ययशोबाहुबलिमुखैः ।
विधाय रत्नमाणिक्यैः, पूजितानि निरन्तरम् ।। ४०० ।।

ब्रह्मेन्द्रैरिदमुद्दामरत्नमाणिक्यसारजम् ।
चिरमप्यार्चि कल्पे स्वे, शाश्वतप्रतिमोपमम् ।। १ ।।


अमूनि कृष्णसीरिभ्यां, कारितान्यचिंतान्यपि ।
एषु यद्रोचते तुभ्यं, तद् गृहाण मदाज्ञया ।। २ ।।

अथो रत्नमणीहेममयान्यस्मिन् जिघृक्षति ।
वदिष्यत्यम्बिका वत्स, गृहाणामूनि मा श्रृणु ।। ३ ।।

कालेऽतो दुःषमानाम्नि । लोको भाव्यतिनिर्घृणः ।
सत्यशौचदयाहीनो, गुरुदेवार्च्यनिंदकः ।। ४ ।।

न्यायहीनाः परद्रव्यपरदारकृतादराः ।
भूपाम्लेच्छाश्च भूपीठे, भविष्यन्त्यपि तस्कराः ।। ५ ।।

निर्मयादाः कदाप्येते लोभादाशातनां ततः ।
करिष्यन्ति मयि क्वापि, गतायां शून्यमन्दिरे ।। ६ ।।





तस्मादुद्धारतो हान्याः, पश्चात्तापो भविष्यति ।
नाभूतायां तथा लक्ष्म्यां, यातायां सहसा यथा ।। ७ ।।

तदिदं ब्रह्मशक्रस्य, सुस्थिरं बिम्बमावह ।
विद्युद्वह्निजलायोऽश्मकुलिशैरप्यभङ्गुरम् ।। ८ ।।

सेति व्याहृत्य तत्कान्तिं, स्तृतां द्वादशयोजनीम् ।
माययाच्छाद्य तच्छेषोपलकल्पं विधास्यति ।। ९ ।।

बध्वैतत् तन्तुभिः सूक्ष्मैराहराथ विनाऽऽस्पदम् ।
यत्र मोक्ष्यसि तत्रैतत्, स्थास्यत्यद्रिरिव स्थिरम् ।। १० ।।

अनुशास्येति तं दत्त्वा, बिम्बमम्बा व्रजिष्यति ।
सोऽप्यन्यककुभालोकहीनस्तच्चाहरिष्यति ।। ११ ।। युग्मम् ।।

क्रमादस्खलदंह्रिस्तदुद्वहंस्तूलवत्पथि ।
प्रासादद्वारमासाद्य, चिन्तामिति करिष्यति ।। १२ ।।

मुक्त्वेदमत्र मध्यस्थपूर्वबिम्बविलेपनम् ।
हृत्वैतत्स्थापयाम्यन्तरिति मोक्ष्यति तत्र सः ।। १३ ।।


यावत्प्रमार्ज्य चैत्यान्तरेषोऽभ्येष्यति सम्मदात् ।
तावत्तन्मेरुवत्तत्र, ध्रुवमालोकयिष्यति ।। १४ ।।

मर्त्त्यकोटिभिरप्येतन्नैव चालिष्यते यदा ।
तदाऽसौ पूर्ववत्तीव्रं, तपिष्यति तपः स्थिरः ।। १५ ।।

सप्तोपवासपर्यन्ते, स्वप्नेऽम्बा दर्शयिष्यति ।
व्याहरिष्यत्यपि स्वैरं, किमिदं वत्स तन्यते ।। १६ ।।

यत्र मोक्ष्यसि तत्रैव, स्थास्यतीदं वचो मम ।
विस्मृत्येति त्वयाऽमोचि, कथमत्रैव शाश्वतम् ।। १७ ।।

मा कृथास्त्वं वृथायासं, ध्रुवं मेरुसुनिश्चलम् ।
न चलिष्यत्यदो देवदानवैरप्यतः पदात् ।। १८ ।।





प्रासादमेव व्यावृत्य, पश्चिमाभिमुखं कुरु ।
यथा त्वपश्चिमं पुण्यं, तावकं भावि शाश्वतम् ।। १९ ।।

अन्यत्र भाविनस्तीर्थोद्धारा भुयांस एव हि ।
भवानेवात्र तीर्थस्योद्धारकृद्बिंबवत् स्थिरः ।। २० ।।

अम्बा तमनुशास्येति, वरं दत्वाऽतितोषभूत् ।
तिरोधास्यति वेगेन, तथा सोऽपि करिष्यति ।। २१ ।।

अथ रत्नः समं संघैर्हर्षोत्कर्षभरोद्धरः ।
तथैव विहिते चैत्ये, प्रतिष्ठां कारयिष्यति ।। २२ ।।

सूरिमन्त्रपदाकृष्टैर्दैवतैः सुरिभिस्तदा ।
तद्बिम्बमपि चैत्यं च, साधिष्टायि करिष्यति ।। २३ ।।

ततः सोऽष्टविधामर्चां, कृत्वा दत्त्वा महाध्वजम् ।
भक्तिनम्रो मुदोदारो, मामिति स्तोष्यति ध्रुवम् ।। २४ ।।

जयानन्त जगन्नाथ, जयाव्यक्त निरञ्जन ।
चिदानन्दमय स्वामिन् , जय त्रैलोक्यतारक ।। २५ ।।


जङ्गमे स्थावरे देहे, सदा त्वमसि शाश्वतः ।
अप्रच्युतवदणूत्पन्नो, धात्वामयविवर्जितः ।। २६ ।।

त्रिदशैरप्यचाल्योऽसि, सुरासुरनरार्चितः ।
अचिन्त्यमहिमोदारविनिर्जितरिपुव्रजः ।। २७ ।।

छत्रत्रयीमिलच्चारुचामरद्वयवीजितः ।
प्रातिहार्यश्रियोदार, विश्वाधार नमोऽस्तु ते ।। २८ ।।

इत्यभिष्टुत्य रोमाञ्ची, पञ्चाङ्गस्पृष्टभूतलः ।
साक्षादिव स मां पश्यन्, मूर्तिं तां प्रणमिष्यति ।। २९ ।।

तत्कण्ठे स्वयमेवाथ, पारिजातसुमस्रजम् ।
अम्बा निधास्यति समं, क्षेत्रपालमुखामरैः ।। ३० ।।





ततः स कृतकृत्यः सन्, वसन् सौराष्ट्र मण्डले ।
सप्तक्षेत्रोप्तसद्बीजफलं मोक्षमवाप्स्यति ।। ३१ ।।

इत्थं स रत्नः प्रतिमां, कृष्ण पूजयिता मम ।
भावी त्वमपि तीर्थस्योद्धारतस्तीर्थकृत्किल ।। ३२ ।।

तदाकर्ण्य विभोर्वाणीमुक्तः कृष्णेन स प्रभुः ।
क्व तीर्थे स्थापयाम्येतां मूर्तिं मुक्तिप्रदायिनीम् ।। ३३ ।।

प्राह पूर्वं सुराधीशो मम ज्ञानशिलोपरि ।
प्रासादं मूर्तिसंयुक्तं कारयामास काञ्चनम् ।। ३४ ।।

अधस्तस्मात्त्वमप्येनां मूर्तिं प्रासादगां कुरु ।
तदादेशान्महातुङ्गे चैत्ये यदुनरेश्वरः ।। ३५ ।।


स्थापयामास तां मूर्तिं श्रीनेमेस्त्रिजगत्प्रभोः ।
त्रिजगत्पूजितां भुक्तिमुक्तिदानप्रदायिनीम् ।। ३६ ।।

गणभृद्भिर्विभोर्वासैरपि स प्रत्यतिष्ठपत् ।
कृष्णोऽथ जलयात्रायै, सुरमर्त्यान्न्यमन्त्रयत् ।। ३७ ।।

वाद्यमानेषु वाद्येषु, कुम्भहस्तांगनाजनैः ।
समं परिवृतो देवैः, कृष्णः कुण्डान्यगाहत ।। ३८ ।।

पूर्वमैरावते कुण्डे, गत्वा तन्निर्णयासहः ।
पप्रच्छ शक्रं गोविन्द, एतन्नामार्थ एष कः ।। ३९ ।।

''તે કોણ પુણ્યશાળી હશે જે આ પ્રતિમારત્નને પૂજશે ?'' એમ કૃષ્ણ વડે વિનંતિ કરાયેલા જગદ્ગુરૂ શ્રી નેમિનાથ ભગવાને કહ્યું, ''તમે સ્થાપન કરેલી પ્રતિમા દૂર થયા પછી અહીં જિનશાસનની ધુરાને ધારણ કરવામાં સમર્થ વિમલ નામનો રાજા થશે. તે રૈવતગિરિના મુખ્ય શિખર ઉપર લાકડાના દેરાસરમાં વિવિધ વર્ણથી (માટીથી) બનાવેલી અમારી મૂર્તિ સ્થાપન કરશે.






તે મૂર્તિ પૂજાતી હશે તે સમયે સૌરાષ્ટ્ર દેશમાં કાંપિલ્ય નામના નગરમાં રત્ન નામનો ધનવાન વાણીયો થશે ત્યારપછી અહીં બાર વર્ષનો દુષ્કાળ પડશે તે દુકાળ ઘણા જીવોના પ્રાણો નાશ કરશે. ત્યારે ગરીબ થઈ ગયેલો રત્નશ્રાવક પણ જલ્દીથી આ દેશને છોડીને બીજા દેશમાં જતો કાશ્મીર દેશમાં સ્થિરતા પામશે. તે ત્યાં ધન મેળવીને, તેને વાપરીને તેનું ફળ મેળવવા ઈચ્છતો ભગવાનની પૂજા કરવા માટે સંઘના લોકોને ભક્તિપૂર્વક પ્રાર્થના કરશે, તેઓ વડે વિશેષ ઉત્સાહિત કરાયેલો તે અત્યંત હર્ષિત થયેલો સંઘથી શોભતો, જિનાલયમાં રહેલા ભગવાનની પૂજા કરતો, દરેક ગામે નવા જિનાલય બનાવરાવતો, શ્રી આનંદસૂરિનામના ગુરૂભગવંતની પૂજા કરતો, ત્યાંથી પ્રયાણ કરશે. માર્ગમાં ભૂત-વ્યંતર-વેતાળ-રાક્ષસ-યક્ષથી થયેલા સંઘના વિઘ્નોને અંબિકામાતાના ધ્યાનથી દૂર કરશે.

અનુક્રમે પોતાના નગર (કાંપિલ્ય પુરમાં) પહોંચીને (ત્યાંના) સંઘને ભક્તિથી આમંત્રણ આપીને (સાથે લઈ) શત્રુંજ્ય મહાતીર્થે (જશે ત્યાં) પરમાત્માને નમીને અહીં રૈવતગિરિ ઉપર આવશે. અમારા કેવળજ્ઞાનના સ્થાને અમારી પ્રતિમાની હર્ષથી પૂજા કરતો તે આત્મિક સુખ માટે ઉત્સુક થયેલો મોટા શિખરે જવા આરોહણ કરશે. ત્યાં જતાં છત્ર-શિલાની નીચેથી જતો તે છત્રશિલાનું કંપન જોશે. આથી ગુરૂભગવંતને બોલાવીને ભક્તિથી તેનું કારણ પૂછશે. ગુરૂભગવંત અવધિજ્ઞાન વડે જાણીને તેને આદરથી આ પ્રમાણે કહેશે કે, ''આ તીર્થનો નાશ અને ઉદ્ધાર બંને તારાથી જ થશે''

ત્યારે રત્નશ્રાવક કહેશે કે, ''પ્રભુ ! જો મારાથી આ તીર્થનો નાશ થવાનો હોય તો ત્યાં જવા વડે સર્યુ (અર્થાત્ મારે જવું નથી), અહીં રહેલો જ હું પરમાત્માને નમન કરીશ.'' ત્યારે ગુરૂભગવંત કહેશે કે, ''તારાથી નાશ નથી થવાનો પરંતુ તારા





અનુગામી જીવોથી થવાનો છે અને તારાથી તો તીર્થના નાશ કરતાં અધિક ઉદ્ધાર થવાનો છે. તે પણ ભગવાને કહેલો છે.''

ગુરૂભગવંતની વાણી સાંભળીને ઉત્સાહ સહિત તે રત્ન શ્રાવક સંઘપતિ તીર્થના લોકો સાથે સંઘનો પ્રવેશ કરાવશે. આ બાજુ બધા લોકો ગજપદ કુંડમાંથી લાવેલા શુધ્ધ પાણી વડે જલ્દી સ્નાન કરશે. ત્યારપછી હર્ષથી ભરેલા શરીરવાળા, ઉજ્જ્વળ વસ્ત્રોને ધારણ કરનારા, ગજપદકુંડના પાણીથી ભરેલા કળશાવાળા તે લોકો દેરાસરમાં જશે. ત્યાં પૂજારીઓ વડે અટકાવવા છતાં તેમની ભાષા નહિ સમજનારા તે લોકો મારી લેપવાળી મૂર્તિને હર્ષથી પાણી વડે અભિષેક કરશે. તે પાણીના સ્પર્શથી જ લેપવાળી મૂર્તિ (માટીની મૂર્તિ) ગળી જશે. ક્ષણવારમાં અત્યંત ભીની માટીના પિંડ જેવી આસન ઉપર રહેશે. તે જોઈને રત્નશ્રાવક શોક રૂપી અગ્નિ વડે સૂકાઈ ગયેલા ધર્મ રૂપી પાંદડવાળો, શું કરવું તે નહિ સમજનારો ત્યારે જ મૂર્ચ્છા પામેલા જેવો થશે. ''તીર્થનો નાશ કરનાર મને ધિક્કાર થાઓ. મારૂં આવા પ્રકારનું જાણપણું પણ ધિક્કાર થાઓ અને અજ્ઞાની અનુયાયીઓના સમૂહને પણ ધિક્કાર થાઓ, જે તીર્થનો નાશ કરનારા છે. અહીં આવેલા અમારે ભક્તિથી ઉત્પન્ન થયેલું સારૂં ફળ થયું કે જે તીર્થનો ઉદ્ધાર થવાને બદલે તીર્થનો નાશ થયો (કટાક્ષ છે). કયા દાન કે તપ વડે આ પાપને હું હણીશ ? કારણ કે સેવકોના અપરાધમાં સ્વામીને જ દંડ કહ્યો છે. અથવા આ અપરાધમાં આ વ્યર્થ ચિંતા વડે સર્યું. હવે આવા જ (પિંડ રૂપ) નેમિનાથ ભગવાન જ મને શરણ રૂપ હો.''

આ પ્રમાણે કહીને બધા લોકો વડે અટકાવાતો છતાં પણ મને યાદ કરતો સત્ત્વવાન એવો તે આહાર ત્યાગેલો, દૃઢ આસન ઉપર બેસશે. આ પ્રમાણે બેઠેલા, ઉપસર્ગમાં પણ નિષ્પ્રકંપ અને ઉપવાસી એવા તેની આગળ એક મહિના પછી અંબિકાદેવી






આવશે. અંબિકાના દર્શનથી હર્ષિત થયેલો તે ક્ષણવારમાં જ પોતાના તપનો પ્રભાવ જાણીને ઉભો થશે. અંબિકા પણ આ પ્રમાણે કહેશે,

''હે વત્સ ! તું કેમ ખેદ કરે છે ? તીર્થ યાત્રા વડે આટલું પુણ્ય મેળવતો તું ધન્ય છે. જૂનો લેપ નાશ થવાથી દર વર્ષે નવો લેપ થાય છે અને પ્રતિષ્ઠાના સ્થાને રહેલો આ શંકુ તો વળી અભંગતાને ધારણ કરનારો છે તેથી તું ફરી લેપ કરાવીને પ્રતિષ્ઠા પણ કરાવ. પહેલાનાં કપડા તજીને નવા થાય છે.''

ત્યારે રત્ન શ્રાવક કહેશે, ''હે માતા ! આવા વચનો ન કહો. પહેલાની મૂર્તિના ભંગથી હું પાપી થયો જ છું. તમારા વચનથી જો હું નવો લેપ કરાવું તો બીજો કોઈ અજ્ઞાની મારી જેમ નાશ કરશે. તેથી કૃપા કરીને બીજી કોઈક અભંગ એવી મૂર્તિ આપો. જેથી પાણીના અભિષેક અને પૂજા વડે લોકોનું મન ખુશ કરાય.''

આ વચનને નહિ સાંભળેલુ કરીને અંબિકા અદૃશ્ય થઈ જશે. તીવ્ર નિશ્ચયવાળો આ રત્નશ્રાવક ફરી તપ કરશે. તેને ક્ષોભ પમાડવા માટે અંબિકા ઉપસર્ગના સમૂહ રચશે તો પણ દઢતાવાળો, મહાસત્ત્વશાળી તે મને જ યાદ કરશે. ત્યારપછી સાક્ષાત્ ગાજતા સિંહના વાહનવાળી, બધી દિશાઓને પ્રકાશિત કરતી અંબિકા દેવી તેની આગળ સ્થિર થશે. (અને કહેશે) ''હે વત્સ ! તારા આ તીવ્ર તપ અને સત્ત્વવડે હું ખુશ થઈ છું, મારી પાસેથી તારૂં ઈચ્છિત માંગી લે'' આ પ્રમાણે તેનું વચન સાંભળીને રત્નશ્રાવક કહેશે કે, ''હે માતા ! તીર્થના ઉદ્ધાર સિવાય મારો બીજો કોઈ મનોરથ નથી. પરમાત્માની કોઈક વજ્રમયમૂર્તિ મને આપો જે શાશ્વત હોય અને જેને પાણીના પૂર વડે અભિષેક કરતા લોકો હર્ષથી પૂર્ણ થાય.''






ત્યારે અંબિકા પણ કહેશે કે, ''તમે તીર્થંકરો વડે તીર્થોદ્ધાર કરનારા કહેવાયા છો તેથી આદરપૂર્વક મારા પગલાના સ્થાન સિવાય બીજે દૃષ્ટિ કર્યા વિના જ મારી સાથે આવો''

આ સાંભળીને તરત જ આ રત્નશ્રાવક તેની પાછળ જશે. ત્યારપછી અંબિકાદેવી બીજા શિખરોને બાજુમાં રાખતી હિમવંતગિરિ ઉપર પૂર્વદિશામાં ગજમુખ નામના યક્ષને કહેશે કે ''દેવો વડે તું કાંચન નામના ચૈત્યની રક્ષા માટે મૂકાયેલો છે તો તારી ભક્તિથી ઢાંકેલા દ્વારને જલ્દી ઉઘાડ'' આ પ્રમાણે અંબિકાના આદેશથી તે તત્કાળ દ્વાર ઉઘાડશે. ત્યારે જ પ્રભાનો સમૂહ બહાર પ્રકાશ પાડશે. ઘડા જેવા મોઢાવાળા દ્વારની અંદર ક્ષણવારમાં અંબિકા પ્રવેશ કરશે. તેની સાથે સોયમાં પરોવેલા દોરાની જેમ શ્રાવકોમાં શ્રેષ્ઠ રત્નશ્રાવક પણ પ્રવેશશે. ત્યાં રહેલા દરેક પ્રભુના બિંબોને દેખાડતી અંબિકા તેને કહેશે કે,

''હે વત્સ ! આ દરેકના કર્તાને એકાગ્રતાથી સાંભળ. આ સૌધમેન્દ્ર વડે બનાવેલી છે. આ ભરતેશ્વર - બાહુબલી અને (ભરતના પુત્ર) આદિત્યયશ વડે રત્ન અને મણિઓ વડે બનાવીને હંમેશા પૂજાઇ છે. આ બ્રહ્મેન્દ્ર વડે શ્રેષ્ઠ રત્નો અને મણિના સારમાંથી બનાવેલી અને પોતાના દેવલોકમાં શાશ્વતી પ્રતિમાની જેમ ઘણો સમય પૂજાઇ છે. આ કૃષ્ણ અને બલદેવ વડે બનાવાયેલી અને પૂજાયેલી છે. આ બધીમાંથી જે તને ગમે તે મારી આજ્ઞા વડે તું ગ્રહણ કર.''

ત્યારે રત્નશ્રાવક રત્નમણી, સુવર્ણમય પ્રતિમા ગ્રહણ કરવા ઇચ્છશે. તેને અંબિકા કહેશે કે, ''વત્સ ! આ ન લે. કારણ સાંભળ. હવે પાંચમાં આરામાં લોકો અતિક્રુર, સત્ય-પવિત્રતા-દયાથી રહિત, ગુરૂદેવની પૂજા કરનારને નિંદનારા, ન્યાય રહિત, બીજાનું ધન અને સ્ત્રી લેનારા, અનાર્ય જેવા થશે. મર્યાદા વગરના ચોરો પણ થશે. ક્યારેક હું ક્યાંય ગઇ હોઇશ ત્યારે શૂન્ય મંદિરોમાં તેઓ



લોભથી આશાતના કરશે. તેથી લક્ષ્મી ન હોય તે કરતાં આવેલી સહસા ચાલી જવાથી જેમ દુઃખ થાય તેમ તીર્થોદ્ધારને બદલે હાનિ થવાથી ઘણો પશ્ચાતાપ થશે. તેથી વિજળી, અગ્નિ, પાણી, લોખંડ, પત્થર અને વજ્ર વડે પણ નાશ ન પામે એવું આ બ્રહ્મેન્દ્રનું અત્યંત સ્થિર બિંબ છે, તે તું ગ્રહણ કર.''

આ પ્રમાણે કહીને ૧૨ યોજન સુધી પ્રસરેલી તે પ્રતિમાની કાંતિને સંક્ષેપીને, માયાપૂર્વક ઢાંકીને, બીજા સામાન્ય પત્થર જેવી કરશે. અને કહેશે કે, ''આ પ્રતિમાને સુક્ષ્મ તાંતણાઓ વડે બાંધીને ક્યાંય મૂક્યા વગર લઈ જા. જ્યાં મૂકીશ ત્યાં આ પર્વતની જેમ સ્થિર થઈ જશે.'' આ પ્રમાણે શિખામણ આપીને, તે પ્રતિમા આપીને અંબિકા જશે. અને તે રત્નાશા પણ બીજી દિશાઓમાં જોયા વગર તે પ્રતિમા લાવશે. અનુક્રમે સ્થિર ચરણે માર્ગમાં રૂ ની જેમ તે પ્રતિમાને વહન કરતો તે શ્રાવક જિનાલયના દ્વાર પાસે આવીને આ પ્રમાણે વિચારણા કરશે કે, 'આ પ્રતિમાને અહીં મૂકીને અંદર રહેલા પહેલાના બિંબના વિલેપનને દૂર કરીને આને અંદર સ્થાપન કરીશ.'

આ પ્રમાણે વિચારીને તે પ્રતિમાને ત્યાં મૂકશે અને દેરાસરમાં પ્રમાર્જન કરીને, હર્ષથી જ્યાં પ્રતિમા પાસે આવશે ત્યાં તે તેને મેરૂની જેમ સ્થિર જોશે. કરોડો માણસો દ્વારા પણ જ્યારે તે ચલાયમાન નહિ થાય ત્યારે રત્ન શ્રાવક ફરી પૂર્વની જેમ તીવ્ર અને સ્થિર તપ કરશે. સાત ઉપવાસ પછી સ્વપ્નમાં અંબિકાદેવી દર્શન આપશે અને કહેશે કે, ''હે વત્સ! સ્વેચ્છાએ આ શું કરે છે? 'જ્યાં મૂકીશ ત્યાં જ આ સ્થિર થશે' એ મારૂં વચન ભૂલીને તારા વડે આ શાશ્વત પ્રતિમા કેમ અહીં જ મૂકાઈ ? હવે ફોગટ પ્રયત્ન ન કર. કારણ કે મેરૂ જેવી સુનિશ્ચલ આ પ્રતિમા, આ સ્થાનેથી દેવ-દાનવો વડે પણ ચલાયમાન નહિ થાય. આથી હવે જિનાલયને




જ ફેરવીને પશ્ચિમાભિમુખ કર જેથી ભવિષ્યમાં તને શાશ્વત અનંત પુણ્ય થશે. બીજે ઠેકાણે ઘણા તીર્થોદ્ધાર થવાના છે. અહીં તો તમે જ બિંબની જેમ સ્થિર તીર્થોદ્ધાર કરનારા છો.''

આ પ્રમાણે તે શ્રાવકને શિખામણ આપીને, અતિ સંતોષવાળી અંબિકાદેવી જલ્દીથી અદશ્ય થશે અને તે શ્રાવક પણ તે પ્રમાણે કરશે. ત્યારપછી ઉત્કૃષ્ટ હર્ષથી ભરેલો રત્નશ્રાવક પણ તે રીતે કરાયેલા ચૈત્યમાં સંઘની સાથે પ્રતિષ્ઠા કરાવશે. આચાર્યો વડે સૂરિમંત્રના પદો વડે આકર્ષાયેલા દેવોનાં સમૂહ સાથે તે પ્રતિમા અને તે ચૈત્યને અધિષ્ઠાયક યુક્ત કરશે. ત્યારપછી અષ્ટપ્રકારી પૂજા કરીને, મહાધ્વજ ચડાવીને ભક્તિથી નમેલો, અત્યંત હર્ષવાળો, મારી નિશ્ચે આ રીતે સ્તુતિ કરશે.

'હે અનંત જગન્નાથ ! તમે જય પામો. હે અવ્યક્ત નિરંજન ચિદાનંદમય સ્વામી ! તમે જય પામો હે ત્રૈલોક્ય તારક! તમે જય પામો. નાશ નહિ પામનારા અને ઉત્પન્ન નહિ થનારની જેમ, દોષરહિત ધાતુવાળા તમે જ જંગમ અને સ્થાવર દેહમાં હંમેશા શાશ્વત છો. દેવો વડે પણ ચલાયમાન ન થાય એવા છો. દેવ-દાનવ-માનવ વડે પૂજાયેલ છો. અચિન્ત્ય વિશાળ મહિમાથી જીતાયેલા શત્રુ સમૂહવાળા છો. ત્રણ છત્ર અને મનોહર બે ચામરથી વીંઝાતા, પ્રાતિહાર્યની શોભાથી ઉદાર, વિશ્વના આધાર, તમને નમસ્કાર હો.'


આ પ્રમાણે સ્તુતિ કરીને રોમાંચવાળો, પાંચે અંગથી જમીનને સ્પર્શતો જાણે સાક્ષાત્ મને જ જોતો હોય તેવો તે શ્રાવક તે મૂર્તિને પ્રણામ કરશે. તેના કંઠમાં પારિજાત પુષ્પની માળા ક્ષેત્રપાલ વગેરે દેવોની સાથે અંબિકા જાતે જ સ્થાપન કરશે. ત્યારપછી કૃતકૃત્ય થયેલો તે સૌરાષ્ટ્ર દેશમાં વસતો, સાતક્ષેત્રમાં વાવેલા સારા બીજના ફલ સ્વરૂપ મોક્ષને પામશે.



આ પ્રમાણે હે કૃષ્ણ ! તે રત્ન શ્રાવક મારી પ્રતિમાની પૂજા કરશે. તીર્થનો ઉદ્ધાર કરવાથી તું પણ ખરેખર તીર્થંકર થઈશ.''

પ્રભુની તે વાણી સાંભળીને, ''મુક્તિ આપનારી આ પ્રતિમા હું કયાં સ્થાપન કરૂં ?'' એમ કૃષ્ણ વડે પૂછાયેલા તે પ્રભુએ કહ્યું કે, ''પૂર્વકાળમાં ઈન્દ્રે મારા કેવળજ્ઞાનની શિલા ઉપર મૂર્તિથી યુક્ત સોનાનું દેરાસર કરાવેલું આથી તું પણ આ મૂર્તિને દેરાસરમાં સ્થાપન કર.'' તે વચનથી કૃષ્ણે ઉંચા જિનાલયમાં શ્રી નેમિનાથ ભગવાનની ત્રણે જગતમાં પૂજાયેલી અને ભોગસુખ તથા મોક્ષસુખનું દાન કરનારી તે મૂર્તિને સ્થાપન કરી. ભગવાનના ગણધરો વડે પણ વાસક્ષેપ વડે તેની પ્રતિષ્ઠા કરાઈ.


ત્યારપછી કૃષ્ણે જલયાત્રા માટે દેવો અને મનુષ્યોને આમંત્ર્યા, હાથમાં કુંભ લીધેલા છે એવી સ્ત્રીઓ અને લોકો તથા દેવોથી પરિવરેલા કૃષ્ણ, વાજીંત્ર વાગતે છતે કુંડમાં ઉતર્યા. સૌ પ્રથમ ગજપદ કુંડમાં જઈને તેના નામનો નિર્ણય કરવા માટે કૃષ્ણે ઈન્દ્ર મહારાજાને પૂછ્યું કે, ''આનું નામ આ કેમ છે ?''






## ગજપદ કુંડનું નામ અને મહિમા

जगादाथ हरिः पूर्वमायाते भरतेश्वरे ।
तत्कालेन्द्रोऽत्र विदधे, कुण्डमेतदिभाधिपात् ।। ४० ।।
चतुर्दशसहस्राणां, नदीनां वारिराशयः ।
पेतुरस्मिस्ततः पूतं, कुण्डं कश्मलाघात्यदः ।। ४१ ।।
पयसाऽस्य जिनो येन, स्वयं स्नात्वा च स्नापितः ।
तेन कर्ममलैर्लिप्तः, स्वात्मा पावित एव च ।। ४२ ।।
कासश्वासारुचिग्लानिप्रसूत्युदरजा रुजः ।
नश्यन्त्यस्याम्बुपानेन, बाह्या आंतरगा इव ।। ४३ ।।
इदं तु धरणेन्द्रेण, नागेनाकारि पावनम् ।
एतच्च चमरेन्द्रेण स्वयुग्येन कलापिना ।। ४४ ।।
एतयोरम्बुभिरपि, जङ्गमं स्थावरं विषम् ।
क्षयश्वासादयो रोगा, विद्रवन्त्यसहिष्णवः ।। ४५ ।।
भूर्भुवस्वस्त्रयीराज्यं, न दूरेऽप्यनयोर्जलैः ।
यः स्नाति जिनमात्मानं, चातिशुद्धमना भवन् ।। ४६ ।।
अमूनि बलिसूर्येन्दुनिर्मितान्यपराण्यपि ।
कुण्डानि कश्मलहराण्यापतद्भिः तद्रैः पयोझरैः ।। ४७ ।।



ત્યારે ઈન્દ્રે કહ્યું કે, ''પહેલાં અહીં ભરતેશ્વર આવેલા, તેમના સમયે જે ઈન્દ્ર હતા તેમણે હાથીના પગથી આ કુંડ કરાવેલો તેમાં ચૌદહજાર નદીઓનું પાણી પડે છે તેથી પવિત્ર એવો આ કુંડ પાપનો નાશ કરે છે. જેના વડે આ કુંડના પાણીથી સ્વયં સ્નાન કરીને ભગવાનનો અભિષેક કરાયો છે, તેના વડે કર્મમલથી લેપાયેલ પોતાનો જ આત્મા પવિત્ર કરાયો છે. ખાંસી, શ્વાસ, અરૂચિ, કંટાળો, પ્રસવની વેદના, પેટના દર્દો આ બધા બાહ્ય રોગો પણ અંતરંગ રોગની જેમ નાશ પામે છે.

આ (બીજો) પવિત્ર કુંડ ધરણેન્દ્ર વડે નાગ દ્વારા કરાયો છે, અને આ ચમરેન્દ્ર વડે પોતાના મયુર દ્વારા કરાયો છે. આ બંને કુંડના પાણી વડે પણ જંગમ અને સ્થાવર ઝેર તથા સહન ન થાય તેવા ક્ષય, શ્વાસ વગેરે રોગો નાશ પામે છે. આ બંને કુંડના પાણી વડે અતિશુધ્ધ મનવાળા જે લોકો પોતાને અને પરમાત્માને સ્નાન કરાવે છે, તેઓને પાતાલ, પૃથ્વી કે સ્વર્ગનું રાજ્ય દૂર નથી. આ બીજા કુંડો બલીન્દ્ર, સૂર્ય, ચંદ્ર વડે બનાવેલા છે. જે તેમાં રહેલા અને આવતા પાણીના ઝરા વડે પાપમલને હરનારા છે.''





## અંબા કુંડ અર્થાત્ વશિષ્ઠ કુંડની વાર્તા

.......................................

तेनाम्बाकुण्डमधुना, वशिष्ठाख्यमजायत ।। ४८ ।।
हरिः पुनर्हरिं प्राह, को वशिष्ठोऽभवन्महान् ।
यन्नाम्नाऽलोपि तत्पूर्वं, नाम देव्याः सुपावनम् ।। ४९ ।।

अथो जगाद सौधर्मपतिः श्रुणु हरे कथाम् ।
वशिष्ठस्य जिनस्याब्जवचोमधुविमिश्रितम् ।। ५० ।।


आसीदष्टमविष्णौ क्ष्मां, पालपत्यब्धिगां तटे ।
वैशिष्ठनामा प्रावाज्रां, पतिस्तीव्रतपाः क्वचित् ।। ५१ ।।

वेदवेदांगविज्ञानन् कौटिल्यकुशलां कलाम् ।
सोऽर्च्यते कार्यतो लोकैः, कन्दमूलफलाम्बुभुक् ।। ५२ ।।

उटजाजिरविस्तारिनीवाराहारकारिणीम् ।
सोऽन्यदा लकुटेनैणीं, न्यहन्मन्दपदोरुषा ।। ५३ ।।

तेन घातेन सा दीर्णोदरभ्रस्यच्छिशूत्करा ।
लोलखुरोत्कीरत्पृथ्वी, प्राणांस्तत्याज पीडिता ।। ५४ ।।

तदालोक्य वशिष्ठोऽपि, कष्टमन्तरदूयत ।
अहस्यत जनैर्बालस्त्रीघातक इति द्रुतम् ।। ५५ ।।





प्रायश्चित्तचिकीः सोऽपि, पापभीरुर्गतानुगः ।
नदीहृदगिरिग्रामवार्द्धिष्वभ्रमदभ्रवत् ।। ५६ ।।

अष्टषष्टिमितान्येवं, तीर्थान्येष विहृत्य च ।
मन्यमानो निजं शुद्धं, पुनः स्वपदमाप्तवान् ।। ५७ ।।

ततः कश्चिद् भ्रमन् जैनमुनिर्ज्ञानपवित्रितः ।
तस्योटजतटं प्राप्य, स्थिरोऽस्थात्प्रतिमाधरः ।। ५८ ।।

इतश्च पर्यन्तपुरवासिनो मुनिमागतम् ।
ज्ञात्वैत्य भक्तितो नेमुः, संशयध्वान्तभास्करम् ।। ५९ ।।

व्याख्यायमानं सर्वेषां, श्रुत्वा पूर्वभवान्मुनिम् ।।
वशिष्ठोऽभ्येत्य पप्रच्छ, तत्कर्मास्ति ममाथ न ।। ६० ।।

मुनिराह कथं शैलनदीभ्रमणमात्रतः ।
निबिडं याति तत्कर्म, विना क्षेत्रं विना तपः ।। ६१ ।।

क्लेश एव हि मिथ्यात्वतीर्थभ्रमणतो भवेत् ।
विना रैवतकं शैलं, तत्तत्पापव्यपोहकम् ।। ६२ ।।


वशिष्ठोप्यथ पप्रच्छ, मुने क्षेत्रं तपो हि यत् ।
त्वयाऽऽख्यायि समग्रं तद्, ब्रूहि मत्पापशान्तये ।। ६३ ।।

मुनिराह सुराष्ट्राख्ये, देशे क्षेत्रं हि रैवतः ।
पञ्चाक्षनिग्रहोऽरिष्टनेमेराराधन तपः ।। ६४ ।।

अस्ति चेत्पापतो भीतिर्मतिः पुण्येऽतिनिर्मला ।
सद्गत्याप्तिप्रतिभुवं, तद्रैवतमभिश्रय ।। ६५ ।।

श्रुत्वेत्युत्फुल्लनयनो, वशिष्ठः शिष्टबोधिभृत् ।
चण्डालपाटकमिव, तदाश्रमपदं जहौ ।। ६६ ।।

तमालश्यामलं नेमिं, स्फुरत्तेजोऽभिभासितम् ।
संस्मरन्मनसा साम्याद्रैवताद्रिमवाप सः ।। ६७ ।।





श्रृङ्गं प्रदक्षिणीकृत्य, मुख्यं त्रिर्भावभासुरः ।
उत्तरस्याः स पद्याया, मार्गेणारोहदद्रिपम् ।। ६८ ।।

मुक्त्वा दक्षिणतश्च्छत्रशिलामम्बागिरेरधः ।
अम्बाकुण्डमवाप्यासौ, तज्जलैः स्नानमातनोत् ।। ६९ ।।

कुर्वन् स्नानं हृदम्भोजे, ध्यायन् स्फटिकनिर्मलम् ।
आर्हन्त्यं स महः प्राप, सद्ध्यानध्येयविस्मृतिम् ।। ७० ।।

यावत्स्नात्वा बहिर्याति, तावदाकाशगीरिति ।
अभूज्ज्ञातोऽसि शुद्धत्वं, मुने हत्याविवर्जितः ।। ७१ ।।

अम्बाकुण्डजलस्नानध्यानयुक्तस्य तेऽशुभम् ।
प्रक्षीणं सकलं कर्म, ततो नेमिं समाश्रय ।। ७२ ।।

इत्यम्बरगिरं श्रुत्वा, वशिष्ठो हृष्टमानसः ।
तदैव नेमिनाथौकोमध्ये नेमिं नमोऽकरोत् ।। ७३ ।।


अभिष्टुत्यापि सद्भक्त्या, ध्यात्वा तं च समाधिना ।
तप्त्वा तत्र तपोऽत्यर्थमवधिज्ञानमाप सः ।। ७४ ।।

पूर्वमेव धरन् वेषं, जिनध्यानपरायणः ।
क्रमादवाप देवत्वं, परमर्द्धिपवित्रितम् ।। ७५ ।।

यत्कृणात्र वशिष्ठस्य, हत्यादोषोऽनशत्ततः ।
तन्नाम्नैवेदमाख्यातं, कुण्डं लोकेषु पावनम् ।। ७६ ।।

वातव्याध्यश्मरीमेहकुष्टदद्रुमुखामयाः ।
नश्यन्त्यस्याम्बुसंसर्गात्तद्वद्धत्यापि दुस्तरा ।। ७७ ।।

અંબાકુંડ હમણાં વશિષ્ઠ કુંડ નામે થયો છે. (તે સાંભળી) કૃષ્ણે ફરી ઈન્દ્રને પૂછ્યું કે, ‘‘જેના વડે તેની પહેલાં રહેલું દેવીનું પવિત્ર નામ લોપ થયું તે મહાન વશિષ્ઠ કોણ છે ?’’ ત્યારે






સૌધર્મઈન્દ્રે કહ્યું કે, ''હે હરિ ! પરમાત્માના મુખકમળની વાણી રૂપી મધથી મિશ્રિત વશિષ્ઠની કથા સાંભળ.

આઠમા વાસુદેવ (શ્રી લક્ષ્મણ) પૃથ્વીને પાલતા હતા ત્યારે ક્યાંક સમુદ્ર કિનારે તીવ્રતપવાળો વશિષ્ઠ નામનો તાપસોનો સ્વામી હતો. તે વેદ-વેદાંગને જાણનારો, કુટિલતાની કુશળકલાને જાણનારો, કંદમૂળ-ફળ અને પાણી વાપરનારો, કાર્યથી લોકો વડે પૂજાતો હતો. એક વખત ઘાંસની ઝુંપડીના ઘાંસને ખાનારી એક હરણીને ગુસ્સાથી ધીમા પગલે આવીને તેણે હણી. તેના ઘા વડે ફાટી ગયેલા પેટવાળી અને તેમાંથી બહાર પડ્યો છે બાળકનો ઢગલો એવી, પીડા પામેલી, તરફડતા પગની ખુરી વડે ખોદાતી પૃથ્વીવાળી તે હરણીએ પ્રાણો તજ્યા. તે કષ્ટને જોઈને વશિષ્ઠ અંતરમાં અત્યંત દુઃખી થયો અને 'સ્ત્રી-બાળકનો ઘાત કરનાર' એમ લોકો વડે મશ્કરી કરાયો. પાપથી ડરનારો પ્રાયશ્ચિત કરવાની ઈચ્છાવાળો તે ગતાનુગ લોકરૂઢિથી નદી-સરોવર-પર્વત-ગામ-સમુદ્રોમાં વાદળાની જેમ ભમતો ૬૮ તીર્થોમાં વિચરીને, પોતાના આત્માને શુધ્ધ માનતો, ફરી પોતાના સ્થાને આવ્યો. ત્યારપછી જ્ઞાનથી પવિત્ર કોઈક જૈન મુનિ વિચરતા તેની ઝુંપડીના સ્થાનને પામીને (ત્યાં) પ્રતિમાધારી સ્થિર રહ્યા.

આ બાજુ નજીકના ગામવાસીઓ શંકા રૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તે મુનિને જાણીને, આવીને, ભક્તિથી નમ્યા અને (મુનિ દ્વારા) કહેવાતા (બીજા) બધા લોકોના પૂર્વભવોને સાંભળીને વશિષ્ઠે પણ આવીને, મુનિને પૂછ્યું, ''હજી મારૂં તે કર્મ છે કે નહિ ?'' મુનિ ભગવંતે કહ્યું, ''ક્ષેત્ર વિના અને તપ વિના ફક્ત પર્વત અને નદીમાં ભ્રમણ માત્રથી તે ગાઢ કર્મ કેવી રીતે જાય ? તે પાપને દૂર કરનાર રૈવતગિરિ સિવાય મિથ્યાતીર્થમાં ભમવાથી તો ફક્ત કલેશ જ થાય.''






વશિષ્ઠે પણ પૂછ્યું, ''હે મુનિ ! તમારા વડે જે ક્ષેત્ર અને તપ કહેવાયો તે સમગ્ર મારા પાપની શાંતિ માટે મને કહો.''

મુનિએ કહ્યું, ''સૌરાષ્ટ્ર નામના દેશમાં પાંચે ઇન્દ્રિયનો નિગ્રહ કરનાર રૈવત નામનું ક્ષેત્ર છે. નેમિનાથ ભગવાનની આરાધના એ તપ છે. જો તને પાપનો ડર હોય અને પુણ્યમાં અતિ નિર્મળ બુધ્ધિ હોય તો સદ્‌ગતિ મેળવવામાં સાક્ષીભૂત રૈવતગિરિનો આશ્રય કર.''


આ સાંભળીને વિકસ્વર નેત્રવાળા અને પ્રશંસનીય બોધિને ધારણ કરનાર વશિષ્ઠે ચંડાલના પાડાની જેમ તે આશ્રમ સ્થાનનો ત્યાગ કર્યો. તમાલપત્ર જેવી શ્યામ કાંતિવાળા અને દેદીપ્યમાન તેજથી દીપતાં નેમિનાથ ભગવાનને મનથી સ્મરણ કરતો, સમતાપૂર્વક રૈવતગિરિને પામ્યો, મુખ્ય શિખરને ત્રણ પ્રદક્ષિણા કરીને, ભાવથી ઉજ્જ્વલ તે ઉત્તરદિશાના પગથિયાના માર્ગથી ગિરિરાજ ઉપર ચડ્યો. અંબા પર્વતની નીચે, છત્રશિલાને દક્ષિણબાજુ મૂકીને તે અંબાકુંડ પાસે પહોંચ્યો અને તેના પાણી વડે સ્નાન કરતાં તે ઋષિ સદ્‌ધ્યાન અને ધ્યેયની વિસ્મૃતિ પામ્યો અર્થાત્ અર્હત્ રૂપી સ્ફટિક જેવા નિર્મલ ધ્યાતામાં એકાકાર થઈ ગયો. ત્યારપછી જ્યાં સુધી સ્નાન કરીને બહાર આવે છે, તેટલામાં આ પ્રમાણે આકાશમાં વાણી થઈ કે 'હે મુનિ ! તમે હત્યાના પાપથી રહિત શુદ્ધ થયા છો. અંબાકુંડના પાણીથી સ્નાન કરતાં ધ્યાન યુક્ત તમારૂં બધું જ અશુભ કર્મ ક્ષય પામ્યું છે તેથી નેમિનાથ ભગવાનનો આશ્રય કરો.'

આ પ્રમાણે આકાશવાણી સાંભળીને હર્ષિત મનવાળા વશિષ્ઠે ત્યારે જ શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયમાં જઈને પરમાત્માને નમસ્કાર કર્યો. સમ્યગ્ ભક્તિપૂર્વક સ્તુતિ કરીને અને સમાધિપૂર્વક એકાગ્રતાથી તેમનું ધ્યાન કરીને ત્યાં જ તપ તપતા



તેમણે અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું. મુનિ વેષ તો પહેલેથી ધારણ કરતા, જિનેશ્વર પ્રભુના ધ્યાનમાં એકાકાર તેમણે અનુક્રમે શ્રેષ્ઠ ઋદ્ધિથી પવિત્ર દેવપણું પ્રાપ્ત કર્યું.

હે કૃષ્ણ ! આ રીતે અહીં વશિષ્ઠ ઋષિનો હત્યાદોષ નાશ પામ્યો તેથી તેમના નામ વડે જ આ પવિત્ર કુંડ લોકમાં પ્રખ્યાત થયો. વાયુના વ્યાધિ, પથરી, કોઢ, દાધર વગેરે રોગો અને તેની જેમ, દુઃસ્તર એવી હત્યા પણ આ કુંડના પાણીના સંસર્ગથી નાશ પામે છે.'



## વસ્ત્રાપથ તીર્થ અને ભવ નામના દેવની કથા

यत्रामुचद्विभुर्वस्त्रं, तत्र वस्त्रापथाभिधे ।
तीर्थेऽभूत्कालमेघाख्यः, शास्ता क्षेत्रपतिर्गिरौ ।। ८३ ।।

अमलत्वविधानेन, प्राणिनां स्वजलप्लुतैः ।
तटिन्याममलकीर्तौ, भवोऽभूद्देवताधिपः ।। ८४ ।।

आसीदुच्चर्भवः (?) कश्चिन्मृगो नाम समेङ्गितः ।
कदाचित्स वने भ्राम्यन् मुनेः कस्यापि वाक्यतः ।। ८५ ।।

श्रुत्वा रैवततीर्थस्य महिमानं स्मरन् हृदि ।
दवाग्निना दह्यमानः समं मृग्या ययौ जलम् ।। ८६ ।।


कुण्डमालोक्य तस्यान्तः पतिते तीर्थभाविते ।
मृत्वा देवत्वमाप्याथ भवनामाऽभवत् सुरः ।। ८७ ।।

क्षेत्राधिष्ठायको जज्ञे मृगी कुण्डाधिदेवता ।
ख्याते द्वेऽपि जने नित्यं पूजितेऽखिलमानुषैः ।। ८८ ।।

જ્યાં ભગવાને વસ્ત્રનો ત્યાગ કર્યો હતો તે વસ્ત્રાપથ નામના તીર્થમાં ગિરનાર ઉપર શાસન કરનાર, કાલમેઘ નામનો ક્ષેત્રપાલ થયો.

પોતાના પાણી વડે જીવોને નિર્મળ કરનાર હોવાથી અમલકીર્તિ નામની નદીમાં (એક) ભવ નામનો દેવ હતો. તે

પૂર્વભવમાં ઈંગિત નામથી હરણ હતો. કોઈ વખત વનમાં ભમતાં તે કોઈક મુનિના વચનથી રૈવતગિરિના મહિમાને સાંભળીને હૃદયમાં સ્મરણ કરતો, દાવાનલ વડે બળતો મૃગલીની સાથે પાણી પાસે ગયો. કુંડને જોઈને તીર્થની ભાવનાથી ભાવિત તેઓ બંને તેની અંદર પડ્યા અને મૃત્યુ પામીને તે ક્ષેત્રનો અધિષ્ઠાયક ''ભવ'' નામનો દેવ થયો, અને મૃગલી કુંડની અધિષ્ઠાયિકા દેવી થઈ. તે બંને હંમેશા લોકમાં વિખ્યાત થયા અને બધા લોકો વડે પૂજાયા.





## ગિરનાર ઉપર અમલકીર્તિ નદીના પ્રભાવ વિશે વાંદરીના મુખવાળી રાજકુમારી સૌભાગ્ય મંજરીની કથા

इतः कर्णाटदेशेऽभूच्चक्रपाणिर्नराधिपः ।
प्रियङ्गुमञ्जरीनाम, तत्पत्नी च गुणोज्ज्वला ।। ८९ ।।

सान्यदाऽसूत तनयां, नारीदेहां मनोहराम् ।
कपिवक्त्रां च तां वीक्ष्य, राजा चित्ते विसिष्मये ।। ९० ।।

रिष्टशमी नृपः शान्तिकर्म सर्वत्र निर्ममे ।
चैत्ये चैत्ये च देवानां, पूजां पात्रार्चनं तथा ।। ९१ ।।


नित्यं नित्यं नृपागारे, वर्द्धयन्ती श्रियं तु सा ।
क्रमादङ्गेषु लावण्यमपुषत्सुभगोत्तमा ।। ९२ ।।

सौभाग्यमञ्जरी नाम्ना, चतुःषष्टिकलाकला ।
साऽन्यदा जनकोत्सङ्गमलञ्चक्रे सभासु च ।। ९३ ।।

इतो वैदेशिकः कश्चित्प्राककप्तो नृपसभां तदा ।
चकार सर्वतीर्थानां, महिमोत्कीर्तनं वरम् ।। ९४ ।।

पुण्डरीकाद्रिमाहात्म्यमुक्त्वा रैवतभूभृतः ।
इत्युज्जगार संसारतारणं पुण्यकारणम् ।। ९५ ।।

राजन् रैवतकशैल उन्मीलत्पुण्यसञ्चयः ।
निमीलद्दुःखदारिद्यो, जयत्यजय एनसा ।। ९६ ।।





सर्वकल्याणनिर्माणप्रवीणे रैवते गिरौ ।
भवद्वयेऽपि नो भीतिर्दारिद्र्यस्य तथैनसः ।। ९७ ।।

तत्र शृङ्गाणि पूतानि, नद्यो निर्जरणानि च ।
धातवो भूरुहाः सर्वे, सुखाय सकलाङ्गिनाम् ।। ९८ ।।

देवाः सेवापरा नेमेर्यत्र प्राप्ताः सुपावने ।
स्वर्गस्य सुखसर्गस्य, न स्मरन्त्यपि भूपते ।। ९९ ।।

सौभाग्यमञ्जरी सेति, शृण्वती रैवतप्रथाम् ।
क्रमादासादयामास, मूर्छां पूर्वभवस्मृतिम् ।। ५०० ।।

शीतोपचारनिचयैः, क्रमादाप्तसुचेतना ।
जगाद पितरं दुःखातुरं सेति प्रमोदमाक् ।। १ ।।

ममाद्य मङ्गलं तात, शृण्वत्र किल कारणम् ।
प्राग्भवे रैवते शैलेऽभूवमेषा कपिप्रिया ।। २ ।।


सदा चापल्यतस्तत्र, विवेकविमुखा सती ।
अभ्रमं सर्वशृङ्गेषु, भूरुहेषु नदीष्वपि ।। ३ ।।

मुख्यशृङ्गात् प्रतीच्यां तु, नद्यस्त्यमलकीर्त्तिका ।
नानाह्रदप्रभावाढ्या, नेमिदृष्टिपवित्रिता ।। ४ ।।

सा कपी सर्ववृक्षेषु, भ्रमन्ती स्वेच्छया किल ।
जातिचापल्यतस्तत्रागमत्कपिकुलैर्वृता ।। ५ ।।

उत्फालाऽथ महावल्लीवितानैर्बद्धकण्ठका ।
जहौ क्षणादसौ प्राणांस्तिर्यग्भवकलमितान् ।। ६ ।।

तीर्थवासादहं राजन्, जातास्मि तव नन्दना ।
वपुर्वैचित्र्यमेतत्तु, शृणु चित्रकरं मम ।। ७ ।।





लतापाशनिषद्धायास्तस्या यत्सकलं वपुः ।
गलित्वामलकीर्त्तौ हि, नद्यां वक्त्रं विनाऽपतत् ।। ८ ।।

जाताऽस्मि तेन सर्वाङ्गस्फुरल्लावण्यमण्डिता ।
बिभर्मि च कपिवक्त्रं, तन्नदी जलवर्जितम् ।। ९ ।।

मच्छिरस्तत्र संस्थं तन्नद्यां तस्यां क्षिप प्रभो ।
यथा बिडम्बनाहीनं, निजं जन्म नयाम्यहम् ।। १० ।।

अनेन रैवताख्यानश्रावणात्स्मारिताऽस्मि यत् ।
तन्मद्बन्धुरसौ नूनं, पितर्मान्यस्त्वया घनम् ।। ११ ।।

इति पूर्वभवं श्रुत्वा, सुतायाः प्रीतमानसः ।
नरैर्नराधिपो नद्यां, तच्छिरोऽपातयद् द्रुतम् ।। १२ ।।

सा तदैव मुखेनेन्दुं, जिगाय शुभलोचना ।
राजा तु तीर्थमाहात्म्यं, दृष्ट्वा चित्ते विसिष्मये ।। १३ ।।

संसारविमुखा साऽथ, निषिध्य पितरं बलात् ।
स्वविवाहोत्सुकं चेले, प्रति रैवतपर्वतम् ।। १४ ।।

तपस्यन्ती तपस्तीव्रं सा जिनध्यानतत्परा ।
बहून्यशुभकर्माणि, क्रमादक्षिपदुन्मनाः ।। १५ ।।

तीर्थमोहान्मृता साऽभूत्तत्रैव व्यन्तरामरी ।
तन्नदीहृदमास्थाय, सङ्घविघ्नौघनाशिनी ।। १६ ।।

अथ तत्पप्रथे तीर्थं, पृथु माहात्म्यमत् क्षितौ ।
सा च व्यन्तरदेव्यासीत्तदा सर्वसुरानुगा ।। १७ ।।

આ બાજુ કર્ણાટક દેશમાં ચક્રપાણિ નામનો રાજા હતો. તેને ગુણોથી ઉજ્જ્વલ પ્રિયંગુમંજરી નામની પત્ની હતી. તેણે એક દિવસ સ્ત્રીના શરીર અને વાંદરીના મુખવાળી મનોહર કન્યાને જન્મ આપ્યો. તે જોઈને રાજા ચિત્તમાં વિસ્મય પામ્યો.





અમંગલની શંકાવાળા રાજાએ દરેક સ્થાને શાંતિકર્મ કરાવ્યું. દરેક દેરાસરોમાં પૂજા તથા સત્પાત્રોનું અર્ચન કર્યું. દરરોજ રાજાના ઘરમાં લક્ષ્મીને વધારતી, ઉત્તમ સૌભાગ્યવાળી તેણે અનુક્રમે શરીરમાં લાવણ્ય પોષ્યું. ૬૪ કલાઓ વડે શોભતી, સૌભાગ્ય મંજરી નામની તેણે એક વખત સભામાં પિતાના ખોળાને અલંકૃત કર્યું. ત્યારે કોઈ પરદેશી માણસ રાજાની સભામાં આવ્યો. અને સર્વ તીર્થોના મહિમાનું શ્રેષ્ઠ વર્ણન કર્યું. તેમાં પુંડરિક પર્વત શત્રુંજ્ય મહાતીર્થનું માહાત્મ્ય કહીને રૈવતગિરિના સંસાર તારણ તથા પુણ્યના કારણ રૂપ મહિમાને આ પ્રમાણે કહ્યો.

'હે રાજન્ ! પુણ્યના સંચયને મેળવી આપનાર, દુઃખ દારિદ્રને દૂર કરનાર, પાપ વડે અજય રૈવતગિરિ જય પામે છે. સર્વ કલ્યાણને નિર્માણ કરાવનાર રૈવતગિરિ હોતે છતે બંને ભવમાં દરિદ્રતા અને પાપનો ભય રહેતો નથી. ત્યાં શિખરો, નદીઓ, ઝરણાઓ, ધાતુઓ, વૃક્ષો બધું જ બધા જીવોને સુખ માટે છે. હે રાજન્ ! જે સુપવિત્ર તીર્થ ઉપર શ્રી નેમિનાથ ભગવાનની સેવામાં તત્પર દેવો સુખનું સર્જન કરનારા સ્વર્ગને યાદ પણ કરતા નથી.'

આ પ્રમાણે રૈવતગિરિની પ્રખ્યાતિને સાંભળતી સૌભાગ્યમંજરી મૂર્ચ્છા અને અનુક્રમે પૂર્વભવની સ્મૃતિ પામી. શીત ઉપચારો વડે અનુક્રમે ચેતના પામેલી હર્ષવાળી તેણે દુઃખથી પીડાતા પિતાને કહ્યું, ''આજે મારૂ મંગલ થયું તેમાં કારણ સાંભળો.

પૂર્વભવમાં રૈવતગિરિ ઉપર હું વાંદરાની પત્ની હતી. હંમેશા વિવેકથી વિમુખ, ચપલતાથી સર્વ પર્વતો, વૃક્ષો, નદીઓમાં ભમતી હતી. રૈવતગિરિના મુખ્ય શિખરથી પશ્ચિમદિશામાં વિવિધ સરોવરના પ્રભાવયુક્ત શ્રી નેમિનાથ ભગવાનની દૃષ્ટિથી






પવિત્ર થયેલી અમલકીર્તિ નામની નદી છે. સર્વવૃક્ષો ઉપર ઈચ્છા પ્રમાણે ભમતી તે વાંદરી જાતિની ચપળતાવાળા વાંદરાના સમૂહ સાથે ત્યાં આવી. કૂદકો ભરતી મોટી વેલડીથી બંધાયેલા કંઠવાળી તેણે, જાણે કે તિર્યંચભવથી કલંકિત પ્રાણોને ક્ષણવારમાં તજ્યા, (પરંતુ...) તીર્થમાં વસતી હોવાથી હે રાજન્ ! હું તમારી પુત્રી થઈ છું અને મારા આશ્ચર્યકારી શરીરની વિચિત્રતાને હવે સાંભળો.

વેલડીના પાશથી બંધાયેલું તે વાંદરીનું મુખ સિવાયનું આખું શરીર ગળીને અમલકીર્તિ નદીમાં પડયું. તેના કારણે આખા શરીરે દેદીપ્યમાન લાવણ્યથી શોભતી થઈ. તથા તે નદીના પાણીના સ્પર્શથી રહિત મુખને વાંદરી જેવું ધારણ કરૂં છું. તેથી હે પ્રભુ ! ત્યાં રહેલું મારૂ માથું તે નદીમાં નાંખો જેથી હું વિડંબણારહિત મારૂં જીવન પામું. આ ભાઈએ રૈવતગિરિની વાત સંભળાવી મને યાદ અપાવી છે તેથી હે પિતા ! આ મારો ભાઈ આપના વડે અત્યંત માનનીય છે.''

આ પ્રમાણે પુત્રીનો પૂર્વભવ સાંભળીને ખુશ થયેલા મનવાળા રાજાએ માણસો દ્વારા તે મસ્તક જલ્દીથી નદીમાં પડાવ્યું. ત્યારે જ તે શુભલોચનવાળી કુંવરી પોતાના મુખ વડે ચંદ્રને જીતનારી થઈ. તીર્થના માહાત્મ્યને જોઈને રાજા ચિત્તમાં આશ્ચર્ય પામ્યો. ત્યારપછી સંસારથી વિમુખ થયેલી તે પોતાના વિવાહ માટે ઉત્સુક પિતાને આગ્રહપૂર્વક ના પાડીને રૈવતગિરિ તરફ ચાલી. ત્યાં પરમાત્માના ધ્યાનમાં તત્પર બનેલી તીવ્ર તપને તપતી, ઉત્સાહિત મનવાળી તેણે અનુક્રમે ઘણા પાપ કર્મો ક્ષય કર્યા. તીર્થ પ્રત્યેના મોહથી મરેલી તે ત્યાં જ વ્યંતરદેવી થઈ. અને તે નદી અને સરોવરે રહીને સંઘના વિઘ્નોનો નાશ કરે છે. (આવા) માહાત્મ્યવાળું આ તીર્થ (પણ) પૃથ્વી ઉપર ખ્યાતિ પામ્યું અને તે વ્યંતરદેવી સર્વદેવોને અનુસરનારી થઈ.





## દેવતાઓથી સદા અધિષ્ઠિત એવા ગિરનારનો મહિમા

अम्बा गिरेर्दक्षिणतो, यक्षो गोमेधनामभृत् ।
तस्थौ सर्वास्त्रसंरुद्धयुद्धोद्धुररिपुव्रजः ।। ३६ ।।

उत्तरेण महाज्वालाऽभिधा देवी प्रसन्नदृक् ।
अस्थात्सङ्घस्य विघ्नौघनिवारणपटीयसी ।। ३७ ।।

यत्र मुक्तं च लात्तं च, पूजाद्यन्ते च शार्ङ्गिणा ।
छत्रं साऽऽसीच्छिला लोके, नाम्ना छत्रशिलेति च ।। ३८ ।।


बहून्येवं हि शृङ्गाणि, कन्दरा अपि भूरिशः ।
शिश्रियुर्बहवो देवा, जिनसेवापरायणाः ।। ३९ ।।

स्थानेष्वेवं समग्रेष्वधिष्ठितेषु सुरैरथ ।
गिरिर्जातः सुरमय, इव स्वर्गान्मनोहरः ।। ४० ।।

इन्द्रः कोणे च वायव्ये, पुरमिन्द्राभिधं निजम् ।
विधाय मूर्ध्ना नेमिं च धरन्नस्थादरिष्टनुत् ।। १८ ।।

बह्मेन्द्रोऽथ निजां मूर्त्तिं, द्वारे डमर नामनि ।
व्यधान्नेमिजिनध्यानपूतः सङ्घस्य वृद्धये ।। १९ ।।

नन्दभद्रेऽद्रोऽभून्मल्लिनाथाभिधो बली ।
गिरिद्वारे जिनध्यानपूतमानसवासनः ।। २० ।।





अस्थान्महाबलद्वारे, बलभद्रः स्वयं बली ।
शिरश्छत्रीकृतजिनपादपद्मगतातपः ।। २१ ।।

द्वारेऽस्थाद्बकुलाख्ये तु, स्वयं वायुर्महाबलः ।
प्रत्यूहतृणसङ्घातं, सहसोड्डाययन् जने ।। २२ ।।

तथोत्तरकुरुस्थानास्तस्थुः सप्तापि मातरः ।
द्वारे वदर्याः स्वस्वास्त्रहतप्रत्यूहशात्रवाः ।। २३ ।।

केदाराख्ये तु केदारनामा रुद्रोऽद्रिरक्षकः ।
एवमाशासु सर्वास्वासन्नष्टौ त्रिदशोत्तमाः ।। २४ ।।

प्रातिहार्या यथा चाष्टौ, जिने तद्वद्गिरावपि ।
अत्राष्टौ देवतास्तद्वत्, प्रतीहारा उदायुधाः ।। २५ ।।

सर्वेऽपि मूर्ध्ना नेमीशपादपद्मपवित्रिताः ।
महाप्रभाववित्रस्तप्रत्यूहव्यूहनिर्मलाः ।। २६ ।।


सर्वेऽप्यसङ्ख्यत्रिदशाः, पूर्यमाणसमीहिताः ।
नानायुधयानभृतोऽभुवन् भविकवत्सलाः ।। २७ ।।

मुख्यशृङ्गोत्तरेणासीन्मेघनादो महाबलः ।
इप्सितार्थोऽभवद्रत्नमेघनादोऽभिरक्षिता ।। २८ ।।

सिद्धेभास्यस्तु पूर्वस्यां, सिंहनादोऽपि दक्षिणे ।
एतैश्चतुर्भिस्तच्छृङ्गं, चतुर्मुखमिवाभवद् ।। २९ ।।

मुख्यशृङ्गाच्चतुर्दिक्षु, द्वे द्वे ये शिखरे लघू ।
तत्र तत्र मृतो दग्धो, मर्त्त्यः स्यात्त्रिदशोत्तमः ।। ३० ।।

तत्र स्थितास्तपस्यन्तो, नेमिध्यानपरायणाः ।
लब्ध्वाऽष्टसिद्धीर्मनुजाः, प्राप्नुवन्त्यव्ययं पदम् ।। ३१ ।।





छायाकल्पद्रुमास्तत्र, वेल्ल्यो वाञ्छितदानदाः ।
रसकूप्यः कृष्णचित्राः, सन्ति लभ्याः स्वपुण्यतः ।। ३२ ।।

प्रतिद्रुमं प्रतिसरः, प्रतिकूपं प्रतिहृदम् ।
प्रतिस्थानं सुरा आसन्, नेमिध्यानपरायणाः ।। ३३ ।।

हारान्तर्नायक इव, तन्मध्योच्चशिरःस्थिता ।
सिंहासनाम्बा समभूत्सङ्घस्येष्टार्थदायिका ।। ३४ ।।

यत्रस्थेन भगवता, नेमिनाऽऽलोकितं पराक् ।
आलोकनाख्यं तच्छृङ्गमभूत्तद्बिम्बपावितम् ।। ३५ ।।


અંબાગિરિની દક્ષિણ બાજુ 'ગોમેધ' નામ ધારણ કરનારો, યુધ્ધમાં તત્પર એવા શત્રુ સમૂહને નાશ કરવા માટે સર્વશસ્ત્રથી તૈયાર થયેલો યક્ષ રહ્યો છે.

ઉત્તર બાજુ પ્રસન્ન દૃષ્ટિવાળી સંઘના વિઘ્નના સમૂહને નિવારણ કરનારી મહાજ્વાલા નામની દેવી રહી છે.

પૂજા આદિના અંતે બલદેવ વડે જ્યાં છત્ર મૂકાયું અને ગ્રહણ કરાયું તે શિલા લોકમાં છત્રશિલા નામ વડે પ્રસિધ્ધ થઈ.

આ પ્રમાણે અહીં ઘણા શિખરો છે, ઘણી ગુફાઓ છે, જ્યાં જિનેશ્વર ભગવાનની સેવામાં તત્પર ઘણા દેવો આશ્રય કરીને રહ્યા છે. આ રીતે સમગ્ર સ્થાનો દેવોથી અધિષ્ઠિત હોવાના કારણે દેવોમય આ પર્વત જાણે કે સ્વર્ગથી પણ મનોહર થઈ ગયો છે.

ઈન્દ્ર મહારાજા વાયવ્ય ખૂણામાં પોતાના નામથી નગર કરીને, મસ્તક ઉપર નેમિનાથ ભગવાનને ધરતા, અમંગલને નાશ કરતા રહ્યા. તે પર્વત ઉપર નેમિનાથ ભગવાનના ધ્યાનથી પવિત્ર થયેલા બ્રહ્મેન્દ્રે સંઘની વૃધ્ધિ માટે ડમર નામના દ્વારમાં પોતાની મૂર્તિ સ્થાપન કરી. નંદભદ્ર શિખર ઉપર ગિરિદ્વારમાં






જિનેશ્વરના ધ્યાનથી પવિત્ર થયેલી મનની ઈચ્છા વાળો 'મલ્લિનાથ' નામનો રૂદ્ર થયો. મસ્તક ઉપર છત્ર રૂપે કરેલા પરમાત્માના ચરણકમળ થકી નાશ પામ્યો છે તાપ જેનો એવો બળવાન 'બલભદ્ર' જાતે મહાબલ દ્વારમાં રહ્યો. લોકોના વિઘ્નરૂપી ઘાસના સમુહને તત્કાળ ઉડાડતો મહાબલવાળો 'વાયુ' સ્વયં બકુલ નામના દ્વારમાં રહ્યો. અને ઉત્તરકુરૂના સ્થાનમાં પોતપોતાના શસ્ત્રો વડે હણ્યા છે વિઘ્નોરૂપી શત્રુ સમૂહો જેણે એવી સાત માતાઓ બદરીના દ્વારમાં રહી. કેદાર નામના દ્વારમાં કેદાર નામનો ગિરિરક્ષક રૂદ્ર રહ્યો. આ પ્રમાણે સર્વ દિશાઓમાં આઠ દેવો રહ્યા. જેમ પરમાત્માને આઠ પ્રાતિહાર્ય હોય છે, એમ ઉંચા કરેલા શસ્ત્રવાળા, આ આઠ દેવો આ પર્વત ઉપર પહેરેગીર સમાન રહેલા છે.

આ બધા દેવો મસ્તક ઉપર પરમાત્માના ચરણકમલ વડે પવિત્ર થયેલા, મહાપ્રભાવથી ત્રાસ પામેલા વિઘ્નના સમૂહ વડે નિર્મળ થયેલા, અસંખ્ય દેવોથી સેવાતા, ઈચ્છાને પૂર્ણ કરનારા, વિવિધ શસ્ત્ર અને વાહન ધારણ કરનારા, ભવ્યજીવો પ્રત્યે વાત્સલ્યવાળા છે.

મુખ્ય શિખરની ઉત્તરદિશામાં ઈચ્છિત અર્થ આપનારો, મહાબલવાળો મેઘનાદ દેવ છે. પશ્ચિમ દિશામાં રક્ષા કરનારો રત્નમેઘ દેવ છે. પૂર્વદિશામાં સિધ્ધેભાસ્ય, દક્ષિણ દિશામાં સિંહનાદ દેવ છે. આ ચારે વડે તે શિખર જાણે કે ચાર મુખવાળુ થયુ છે. મુખ્ય શિખરની ચારે દિશામાં નાના બે બે શિખરો છે. ત્યાં મૃત્યુ પામેલો અને બાળેલો મનુષ્ય ઉત્તમદેવ બને છે. ત્યાં રહેલા તપ કરનારા, નેમિનાથ ભગવાનના ધ્યાનમાં તત્પર મનુષ્યો આઠ સિધ્ધિને મેળવીને મોક્ષ મેળવે છે.

ત્યાં પોતાના પુણ્યથી મળનારી કલ્પવૃક્ષની છાયા, વાંછિત આપનારી વેલડીઓ, રસકૂપિકાઓ ચિત્રાવેલીઓ છે. દરેક વૃક્ષ



ઉપર, દરેક સરોવરમાં, દરેક કૂવામાં, દરેક દ્રહમાં, દરેક સ્થાને નેમિનાથ ભગવાનના ધ્યાનમાં તત્પર દેવો છે. હારની અંદર નાયક સમાન તે બધા દેવોમાં મુખ્ય સ્થાને, સંઘને ઈચ્છિત પદાર્થ આપનારી, સિંહના આસનવાળી અંબિકા છે.

જે સ્થાને રહેલા નેમિનાથ ભગવાન વડે પાછળ જોવાયું તે તેમની પ્રતિમાથી પવિત્ર અવલોકન નામનું શિખર થયું.

(આ રીતે શ્રી ધનેશ્વરસૂરિકૃત શત્રુંજય માહાત્મ્યમાં (પદ્યમાં) જણાવેલ અન્ય પ્રસંગોની નોંધ ''ગિરનારઃ ગ્રંથોની ગોદમાં... (ભાગ-૧)'' પુસ્તકમાં લીધેલ હોવાથી અહીં લીધા નથી.)






## વિ.સ. ૧૭૮૨માં શ્રીરાજવિજયસૂરિના શિષ્ય શ્રી હંસરત્નમુનિ વિરચિત ગદ્યમય શ્રી શત્રુંજય માહાત્મ્ય

### ભરતેશ્વરે કરેલ રૈવતાચલ યાત્રા, જિનપ્રાસાદની સ્થાપના (પાંચમો સર્ગ)


एवंविधं रोहणवैताढ्यमेरुप्रभृतिपर्वतेभ्योऽप्यधिकशोभं श्रीरैवतगिरिं दृष्ट्वा हर्षोल्लसन्मनाश्चक्री तद्दिने तु उपवासान् कृत्वा तत्रैव संघावासानकारयत् । सकलसंघेन समं गुरूपदिष्टविधिना श्रीशत्रुञ्जयवत् पूजां चकार । प्रभाते मिष्टान्नपानादिभिः शक्तिसिंहनृपः श्रीसंघस्य पारणां कारयति स्म । अथ तं पर्वतं दुरारोहं विज्ञाय श्रीभरतेशो यक्षसहस्रेण श्रीसंघस्य सुखारोहणार्थं चतस्रः पद्या अकारयत् । पद्यानां मुखे च एकैकं पुरं अवासयत् । अथ ताभिः पद्याभिः सुखेन संघलोको रैवताचलमारोहति स्म । अथ भाविनो नेमिजिनस्य तत्र कल्याणकत्रयं जानन् श्रीभरतेशो वर्द्धकिना प्रोत्तुङ्गं श्रीनेमिजिनस्य प्रासादमकारयत् । स च प्रासादः स्फटिकमणिमयश्चतुर्द्वारश्चतसृषु दिक्षु प्रत्येकमेकादशैका दशमंडपैर्मंडितोऽनेकगवाक्षजालकलापतोरणैर्विमानशोभां हसन्निव सुरसुन्दर





इति नाम्ना नीलमणिमयश्रीनेमीश्वरमूर्त्याधिकतरं शुशुभे। मुख्यश्रृङ्गादध एकयोजनं मुक्त्वा पश्चिमदिशि प्रासादोऽभूत् । अथ तत्रैव स्वस्तिकावर्त्ताभिधः श्रीआदिदेवस्यापि प्रासादश्चक्रिणा कारितः । तत्र प्रासादे शत्रुञ्जयवत् रत्नसुवर्णरूप्यादिमध्येऽनेकशो जिनप्रतिमाः स्थापिताः श्रीनाभादिगणधरैः समहोत्सवं प्रतिष्ठिताश्च । अथ श्रीनेमिनाथप्रणतिपूजोत्सुकः शक्रः ऐरावणमारुह्य तत्रागतः । स ऐरावणस्य एकपादेन भूमिमाक्रम्य भगवत्स्नानार्थं कुंडमकरोत् । तत्र च दिव्यानुभावात् सर्वनदीनां प्रवाहाः समाजग्मुः । ततः प्रभृति लोके तत् कुंडं गजेन्द्रपदं इति नाम्ना प्रसिद्धिं ययौ । यस्य जलं तत्तादृशं सुरभि गङ्गादिसर्वतीर्थजलेभ्योऽप्यधिकप्रभावं स्पर्शमात्रेणापि सकलदोषापहं भवद्वयहितकारि भवति । इतश्च धरणेन्द्रनागेन्द्रेण भगवद्भक्तिवशात् स्ववाहननागस्य फणाबलेन कृतं नागझरी इति लोके प्रसिद्धं कुंडं कारितं मयूरपादाक्रमणात् तत्र कुंडे निर्झराः प्रकटिता इति लोके मायूरनिर्झरमिति तस्याभिधानं जातं । एवं चन्द्रकुंडादीनि सूर्यकुंडादिभ्योऽपि महाप्रभावानि स्पर्शमात्रात् कुष्टादिरोगहराणि बभूवुः । तेषु यत् अंबाकुंडं तस्य जलेन हत्यादोषोऽपि दूरं व्रजति ।

રોહણાચલ પર્વત, વૈતાઢ્ય પર્વત, મેરૂ પર્વત વગેરે પર્વતો કરતા પણ વધારે શોભાવાળા શ્રી રૈવતગિરિને જોઇને હર્ષોલ્લાસ યુક્ત મનવાળા ભરતચક્રવર્તીએ ઉપવાસ કરીને તે દિવસે ત્યાં જ સંઘના આવાસ કરાવ્યા તથા શ્રી શત્રુંજય ગિરિરાજની જેમ સકલસંઘની સાથે ગુરૂભગવંતે કહેલી વિધિપૂર્વક પૂજા કરી. સવારે






મિષ્ટાન્નપાનાદિ વડે રાજા શક્તિસિંહે શ્રીસંઘને પારણા કરાવ્યા ત્યારપછી તે પર્વતને (ગિરનારને) ચઢવો અઘરો જાણીને સુખપૂર્વક સંઘ ચડી શકે તે માટે હજાર યક્ષો દ્વારા ચાર પગથિયા કરાવ્યા દરેક પગથિયે એક એક નગર વસાવ્યું. તે ચાર પગથિયા વડે સંઘના લોકો ગિરનાર પર સુખપૂર્વક ચઢવા લાગ્યા.

ત્યારપછી ભવિષ્યમાં થનારા શ્રીનેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણકને જાણતા એવા શ્રી ભરતચક્રવર્તીએ વર્દ્ધકિરત્ન દ્વારા શ્રી નેમિનાથ ભગવાનનું જિનાલય કરાવ્યું. તે જિનાલય સ્ફટિક મણિમય ચાર દ્વારવાળુ હતું ચારે દિશામાં અગ્યાર અગ્યાર મંડપો, અનેક ગોખલા અને જાળીઓનો સમૂહ અને તોરણો દ્વારા દેવવિમાનની શોભાથી ચડીયાતું, ''સુરસુંદર'' એ પ્રમાણે નામવાળુ આ જિનાલય શ્રીનેમિનાથ ભગવાનની મૂર્તિ વડે અધિક શોભવા લાગ્યું. શ્રીરૈવતગિરિના મુખ્ય શિખરથી નીચે એક યોજન છોડીને પશ્ચિમદિશામાં આ જિનાલય હતું. ત્યાં જ ''સ્વસ્તિકાવર્ત'' નામનું શ્રીઆદિનાથ ભગવાનનું જિનાલય પણ ચક્રવર્તીએ કરાવ્યું. તે જિનાલયમાં શત્રુંજયની જેમ સોના-રૂપા અને રત્નની અનેક જિનપ્રતિમાઓ સ્થાપન કરી અને શ્રીનાભાદિગણધર દ્વારા મહોત્સવપૂર્વક તેની પ્રતિષ્ઠા કરાવી.

હવે શ્રીનેમિનાથ ભગવાનને નમસ્કાર અને પૂજા કરવા માટે ઉત્સુક બનેલ સૌધર્મેન્દ્ર ઐરાવણ હાથી ઉપર ચડીને ત્યાં આવ્યો. તેણે ભગવાનના સ્નાત્રજલ માટે ઐરાવણ હાથીના એક પગ વડે જમીન દબાવીને કુંડ બનાવ્યો અને દિવ્યપ્રભાવથી તેમાં બધી નદીઓનું પાણી આવ્યું. ત્યારથી માંડીને તે કુંડ ''ગજેન્દ્રપદ'' નામથી પ્રસિદ્ધ થયો. તે કુંડનું પાણી ગંગાનદી આદિ સર્વ તીર્થના સુગંધિ પાણી કરતાં પણ વધારે પ્રભાવવાળું, સ્પર્શમાત્રથી સર્વદોષો દૂર કરનારૂં અને આ ભવ-પરભવ બંને ભવમાં હિતકારી છે.





આ બાજુ પરમાત્માની ભક્તિ માટે નાગનિકાયના ઈન્દ્ર ધરણેન્દ્ર વડે પોતાના વાહન નાગની ફણા દ્વારા કુંડ કરાયો તે ''નાગઝરી'' એ નામથી લોકમાં પ્રસિદ્ધ થયો તથા મોરના પગથી તે કુંડમાં ઝરણા પ્રગટ્યા હોવાથી લોકમાં તેનું નામ ''માયૂરનિર્ઝર'' પ્રસિદ્ધ થયું. આ પ્રમાણે સૂર્યકુંડ વગેરેથી પણ મહાપ્રભાવક સ્પર્શ માત્રથી કુષ્ટાદિ રોગોને હરનારા ચન્દ્રકુંડ વગેરે કુંડો થયા, તેમાં જે અંબાકુંડ છે તેના જલ વડે હત્યા દોષ પણ નાશ પામે છે.

ततो याचकेभ्यो वाञ्छाधिकं दानं ददानः स्वस्यावासमागत्य कृतभोजनः सुखासीनः पुनः पुनः पर्वतस्य शोभामालोक्यालोक्य हृष्टचित्तः शक्तिसिंहं प्रति प्राह, अहो ! एतत्पर्वतशोभया वशीकृते मम मनसि मेरुरपिनाधिको भाति । ततः कियन्मात्रा अन्ये पर्वताः? असौ गिरिः समवसरणशोभां धत्ते । तद्यथा अस्य पर्वतस्य एते पर्वताः प्राकारभावं दधते । चतुर्दिक्षु निर्झरप्रवाहाश्चतुर्द्वारभावं भजन्ति । मध्ये मुख्यश्रृङ्गं चैत्यतरुभावं धत्ते । यत्र नित्यवैरा अपि जन्तवो मुक्तवैराः परस्परस्नेहासक्ताः क्रिडन्ति । ऋतवः सर्वेऽपि समकालं स्वस्वशोभां प्रकटयन्ति । ततश्चैनं पर्वतं दृष्ट्वा मे मनसि तथा कश्चित् वक्तुमशक्यः परमानन्दः समुल्लसति यथाहं जाने । मम सर्वाण्यपि पापानि क्षयं गतानि । प्राप्तोऽहं परमनिर्मलतामिति श्रुत्वा शक्तिसिंहोऽवदत्, स्वामिन्! अयं रैवताचलः श्रीशत्रुञ्जयस्य पञ्चमं श्रृङ्गं ज्ञानिभिः प्रोच्यते । अस्य च उत्सर्पिणीकाले प्रथमे आरके धनुःशतं १ द्वितीये योजनद्वयं २ तृतीये दशयोजनानि ३ चतुर्थे षोडशयोजनानि ४ पञ्चमे विंशति-






योजनानि ५ षष्टे त्रिंशद्योजनानि ६ इति उच्चत्वमानं । एवमेवावसर्पिणीकाले हीयते । ततोऽयं पर्वतः शाश्वतप्रायः सर्वपापहरः । अस्य अवसर्पिण्याः षट्सु अरेषु क्रमेण नामानि यथा, कैलास १ उज्ज्रयन्तः २ रैवतः ३ स्वर्णपर्वतः ४ गिरनारः ५ नन्दभद्र ६ श्चेति । अनन्ता जिना अत्रागताः आगमिष्यन्ति च । तथा अनन्ताः साधवोऽत्र सिद्धाः भाविकाले सिद्धिं यास्यन्ति च । अस्य चतुर्दिक्षु श्रीदः १ सिद्धगिरिः २ विद्याधरः ३ देवगिरिश्चेति चत्वारः पर्वताः । पूर्वस्यां दिशि श्रीदसिद्धगिर्योरन्तराले उदयन्तीनाम्नी नदी । दक्षिणस्यां उज्ज्रयन्तीनाम्नी नदी । पश्चिमायां सुवर्णरेखा । उत्तरस्यां लोलानाम्नी नदी । एवं एता अन्या अपि बह्वयो नद्यः पर्वतस्य सर्वतः स्वच्छशीतोदका महाप्रभावा अनेकद्रहमंडिता दर्शनात् स्पर्शनात् स्नात्रकारणाच्च दारिद्रदुर्भाग्यदुर्गतिवारकाः श्रीसंपत्कारिका भवन्ति । अत्र तीर्थे विद्याधराः किन्नरा अप्सरसः यक्षाद्याः स्वस्ववाञ्छितकार्यसिद्धयर्थं नित्यं वसन्ति ।

ત્યાર પછી યાચકોને ઈચ્છાથી અધિક દાન આપતા ભરત મહારાજા પોતાના આવાસમાં આવીને ભોજન કરીને સુખપૂર્વક બેઠેલા ફરી ફરી શ્રી રૈવતગિરિની શોભાને જોઈ જોઈને શક્તિસિંહ રાજાને કહે છે કે,

‘‘અહો ! આ પર્વતની શોભા વડે વશીકૃત કરાયેલા મારા મનમાં મેરૂપર્વત પણ હીન લાગે છે. તો પછી બીજા પર્વતોની શું વાત ! આ પર્વત સમવસરણની શોભા ધારણ કરે છે. તે આ પ્રમાણે–





આ બીજા પર્વતો આ પર્વતના કિલ્લા-ગઢ સમાન લાગે છે. ચારે દિશામાં ઝરણાનો પ્રવાહ ચાર દ્વારો જેવો શોભે છે. મધ્યમાં રહેલું મુખ્ય શિખર ચૈત્યવૃક્ષ જેવું લાગે છે. આ પર્વત ઉપર નિત્યવૈરવાળા પણ જીવો વૈર છોડીને પરસ્પર સ્નેહવાળા થયેલા ક્રીડા કરે છે. બધી ઋતુઓ સમકાળે પોતપોતાની શોભાને પ્રગટ કરે છે. તેથી આ પર્વતને જોઇને મને મનમાં એવો અવર્ણનીય પરમાનંદ પ્રગટ થાય છે કે મને લાગે છે કે મારા બધા પાપો ક્ષય થયા છે. હું પરમ નિર્મળતા પામ્યો છું.''


આ સાંભળીને શક્તિસિંહ બોલ્યો-''હે સ્વામી ! જ્ઞાની પુરૂષો વડે આ રૈવતગિરિ શ્રીશત્રુંજયનું પાંચમુ શિખર કહેવાયું છે. ઉત્સર્પિણી કાલમાં આ ગિરિ પહેલા આરામાં સો ધનુષ્ય, બીજા આરામાં બે યોજન, ત્રીજા આરામાં દશ યોજન, ચોથા આરામાં સોળ યોજન, પાંચમાં આરામાં વીશ યોજન અને છઠ્ઠા આરામાં છત્રીસ યોજન ઉંચો હશે. એ જ પ્રમાણે અવસર્પિણી-કાળમાં નાનો થશે. તેથી આ પર્વત પ્રાયઃ શાશ્વતો અને સર્વ પાપને હરનારો છે.

આ અવસર્પિણીના ૬ આરામાં અનુક્રમે કૈલાસ, ઉજ્જ્યંત, રૈવત, સ્વર્ણપર્વત, ગિરનાર અને નંદભદ્ર નામ છે.

અનંતા તીર્થંકરો અહીં આવ્યા છે અને આવશે તથા અનંતા સાધુ ભગવંતો પણ અહીં સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં સિદ્ધ થશે.

આ પર્વતની ચારે દિશામાં અનુક્રમે શ્રીદ, સિદ્ધગિરિ, વિદ્યાધર અને દેવગિરિ નામના ચાર પર્વતો છે.

આ પર્વતની પૂર્વ દિશામાં શ્રીદગિરિ અને સિદ્ધગિરિની વચ્ચે ઉદ્યન્તી, દક્ષિણ દિશામાં ઉજ્જ્યન્તી, પશ્ચિમ દિશામાં સુવર્ણરેખા અને ઉત્તર દિશામાં લોલા નામની નદી છે.






આ પ્રમાણે પર્વતની ચારે બાજુ આ અને બીજી પણ ઘણી નદીઓ સ્વચ્છ શીતળ પાણીવાળી, મહાપ્રભાવવાળી, અનેક સરોવરોથી શોભતી, દર્શન, સ્પર્શન અને સ્નાન કરવાથી દારિદ્ર, દુર્ભાગ્ય, દુર્ગતિને અટકાવનાર, શોભા અને સંપત્તિને કરનારી થાય છે.

આ તીર્થ ઉપર વિદ્યાધરો, કિન્નરો, અપ્સરાઓ, યક્ષો વગેરે પોત-પોતાના વાંછિત કાર્યની સિદ્ધિને માટે હંમેશા વસે છે.''

**एवमेकमासं यावत् तीर्थसेवया स्वजन्म सफलं कृत्वा चक्री रैवतगिरेः श्रृङ्गदुत्तरति स्म । अथ मार्गे व्रजन् श्रीभरतेश्वरः पुनः पुनः पश्चाद् विलोक्य रैवताद्रिशोभां हृतचित्तः सविस्मयं शिरो धूनयित्वा इति प्राह, भो शक्तिसिंह! असौ गिरिः नूनं मेरुरोहणवैताढ्यादिगिरीणां सारैर्निर्मितः यतः सर्वत्रायं हेमरत्नरूप्यमय एव विलोक्यते । अस्य देशस्यापि सुराष्ट्रा इति सार्थकं नाम । यत्र राष्ट्रे शत्रुञ्जयरैवतादितीर्थानां निवासः । षट्खंडमेदिनीमध्ये सुराष्ट्रासमोऽन्यः कोऽपि सर्वतीर्थमयो देशो न विद्यते । ये च अत्राप्यागत्य हत्यादिपातकै र्न मुक्तास्तेषामन्यत्र तीर्थलक्षेऽपि अनेकतपोदानादिभिरपि शुद्धिः कथं स्यात्?**

આ પ્રમાણે એક મહિના સુધી તીર્થસેવા વડે પોતાના જન્મને સફલ કરીને ચક્રી રૈવતગિરિના શિખરેથી નીચે ઉતર્યા.

હવે માર્ગે જતાં પાછળ વળી વળીને રૈવતગિરિની શોભા જોતાં ચોરાઈ ગયેલ ચિત્તવાળા શ્રી ભરતેશ્વર આશ્ચર્ય સહિત મસ્તક ધુણાવતાં આ પ્રમાણે બોલ્યા કે, ''શક્તિસિંહ ! આ



ગિરનારગિરિ મેરૂપર્વત, રોહણાચલ, વૈતાઢ્ય વગેરે પર્વતોનો સાર ગ્રહણ કરીને બનાવાયો લાગે છે. જેથી આ બધી બાજુ રત્ન, સુવર્ણ અને રુપ્યમય જ દેખાય છે. આ દેશનું પણ સુરાષ્ટ્ર નામ સાર્થક છે કે જે રાષ્ટ્રમાં શત્રુંજય અને રૈવતગિરિ આદિ તીર્થો છે. ૬ ખંડવાળી પૃથ્વીમાં સર્વતીર્થમય સુરાષ્ટ્ર સમાન અન્ય કોઈ દેશ નથી. જો આ દેશમાં આવીને જીવો હત્યાદિ પાપો વડે મુક્ત થતા નથી તો તે જીવોની બીજા લાખો તીર્થોમાં અનેક તપ, દાન વગેરે વડે પણ શુદ્ધિ કેવી રીતે થાય ?''






## વીરપ્રભુ મુખે શ્રી ગિરનાર મહાતીર્થ માહાત્મ્ય

(દસમો સર્ગ)

कल्याणकत्रयात्प्रोच्चैः प्राक्पुण्योऽपि पवित्रितः ।
गिरिनारगिरिर्येन स नेमिः श्रेयसेऽस्तु नः ।। १ ।।

अथ श्रीसौधर्मेन्द्रः श्रीवीरं नत्वा इति व्यजिज्ञपत्, श्रीशत्रुञ्जयमुख्यं शृङ्गमाश्रित्य भगवतायं महिमा प्रकाशितः । तस्य श्रवणादस्मदादयः सभासदः सर्वेऽपि पावना जाताः परमस्य पर्वतस्य यान्यष्टोत्तरशतं शृङ्गाणि सन्ति । तेषु चैकविंशतिर्मुख्यशृङ्गाणि । तेषामपि यस्य शृङ्गस्य महिमाधिकः तं श्रोतुमिच्छामि । येन श्रुतमात्रेण श्रोतॄणां सर्वपापानि विलीयन्ते । ततः प्रसादं कृत्वा तत् प्रकाशयन्तु भगवन्तः । शक्रेण प्रार्थितो भगवान् श्रीवीरः सर्वप्राणिनामुपकाराय वक्तुमारेभे । शृणु, शक्र! श्रीसिद्धाद्रेः पञ्चमशृङ्गं श्रीरैवताचलः सेवनात् पञ्चमज्ञानदायकः । सोऽसौ श्रीशत्रुञ्जय इवानन्तसौख्यप्रदोऽगणितमाहात्म्यश्च। तथाहि । यत्र दानानि दत्तानि अक्षयपुण्यफलानि लोकद्वयहितानि च भवन्ति । यथा सूर्यातपेन नवनीतपिंडो






गलति तथैवैतस्मिन् तीर्थे दृष्टे चिरकालसञ्चितोऽपि पापपिंडो गलति । अत्र चानेके सिद्धविद्याधरगन्धर्वादयो ध्यानैकाग्रमनसो भूत्वा श्रीनेमीश्वरमाराधयन्ति । अत्र च तीर्थानुभावादेव नित्यवैरा अपि जन्तवोऽन्योन्यं मैत्रीभावं प्रकटयन्ति । यत्र ऋतवोऽपि सर्वे सर्वकालं स्वस्वभावान् प्रकटयन्तः श्रीनेमिं सेवन्ते । यस्य च चतसृषु दिक्षु चत्वारो महाशैलाः चतस्रो महानद्यश्च चतुर्दिगायातान् लोकान् समाश्वासयितुं स्थिता इव शोभन्ते । यत्र च गजेन्द्रपदादीनि कुंडानि अमरैरमरत्वायामृतभृतानीव कृतानि राजन्ते । यत्र च स्थाने स्थाने सुवर्णसिद्धिकारिण्यो रसकूपिकाः सन्ति । तास्तुच्छपुण्यैर्न वीक्ष्यन्ते । किं बहुनायं पर्वतः स्मृत एव सुखं ददाति। दृष्टः कष्टं हरति । स्पर्शनाच्च सर्ववाञ्छितानि ददाति । श्रीनेमिना त्रैलोक्यनाथेन सतापि अन्यस्थानपरित्यागादयमेव गिरिराश्रितः । तस्य महिमानं वक्तुं कः समर्थः स्यात् ? बृहस्पतिरपि वालुकाकणप्रमिताभिर्जिह्वाभिः कृत्वा यदि यावज्जीवं एतत्तीर्थमहिमानं वक्ति, तथापि पारं न प्राप्नोति । केवलज्ञान्यपि केवलज्ञानेन जानन्नपि अस्य महिमानं वदन् पूर्वकोट्यायुः पूरयति तथापि पारं न प्राप्नोति ।

પૂર્વે પણ પવિત્ર એવા ગિરનારગિરિને જેમના વડે ત્રણ કલ્યાણકથી પવિત્ર કરાયો છે તે નેમિનાથ ભગવાન અમારા કલ્યાણને માટે થાઓ.

(આ ગાથા આપણને સૂચન કરે છે કે ગિરનાર પણ અનંતકાળથી પવિત્ર છે જ.)





હવે શ્રીસૌધર્મેન્દ્રે શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને આ પ્રમાણે વિનંતિ કરી કે 'હે પ્રભુ ! આપના વડે શ્રીશત્રુંજયના મુખ્ય-શિખરને આશ્રયીને આ મહિમા પ્રકાશિત કરાયો, તે સાંભળીને અમે બધા સભાજનો પવિત્ર થયા છીએ પરંતુ આ પર્વતના જે ૧૦૮ શિખરો છે તેમાં ૨૧ શિખરો મુખ્ય છે અને તેમાં પણ જે શિખરનો મહિમા અધિક છે તે સાંભળવા ઈચ્છું છું. જે સાંભળવા માત્રથી શ્રોતાઓના સર્વ પાપો નાશ પામે તેથી કૃપા કરીને આપ તે કહો.'

ઈન્દ્ર મહારાજા વડે પ્રાર્થના કરાયેલા શ્રી વીર પ્રભુએ સર્વ-પ્રાણીઓના ઉપકારને માટે આ પ્રમાણે કહ્યું કે, ''હે ઈન્દ્ર ! શ્રી સિદ્ધાચલગિરિનું પાંચમું શિખર શ્રી રૈવતાચલ સેવવાથી પંચમજ્ઞાનને- કેવળજ્ઞાનને આપે છે અને તે શ્રીશત્રુંજય ગિરિરાજની જેમ અનંતસુખને આપનાર અને અગણિત માહાત્મ્યવાળો છે. તે આ પ્રમાણે-


આ તીર્થમાં આપેલા દાન અક્ષય પુણ્યફલ આપનાર અને બંને લોકમાં હિતકારી થાય છે.

જેવી રીતે સૂર્યના તાપ વડે માખણનો પિંડ ગળી જાય છે તેવી જ રીતે આ તીર્થ જોયે છતે ઘણાકાળથી ભેગા કરેલા પાપો નાશ પામે છે.

આ તીર્થ ઉપર અનેક સિદ્ધવિદ્યાધરો, ગાન્ધર્વો વગેરે ધ્યાનમાં એકાગ્રમનવાળા થઈને શ્રીનેમિનાથ ભગવાનની આરાધના કરે છે.

અહીં તીર્થના પ્રભાવથી જ નિત્યવૈરવાળા પણ જીવો પરસ્પર વૈરભાવને છોડીને મૈત્રીભાવ બતાવે છે.

જ્યાં સર્વકાળ બધી ઋતુઓ પોત-પોતાના સ્વભાવને બતાવતી શ્રીનેમિનાથ ભગવાનને સેવે છે.





જેની ચારે દિશામાં ચાર મોટા પર્વતો અને ચાર મોટી નદીઓ ચારે દિશામાંથી આવેલા લોકોને ઠંડક આપવા માટે જ જાણે ઉભા હોય તેવા શોભે છે.


જ્યાં દેવો વડે અમરપણા માટે કરાયેલા અને જાણે અમૃતથી ભરેલા હોય એવા ગજપદકુંડ વગેરે કુંડો શોભે છે.

જ્યાં સ્થાને સ્થાને સુવર્ણસિદ્ધિ કરનારી રસકૂંપીઓ છે પરંતુ અલ્પપુણ્યવાળા જીવોને તે દેખાતી નથી.

વધારે શું કહેવું ? આ પર્વત યાદ કરવાથી જ સુખ આપે છે, દર્શનથી કષ્ટ દૂર કરે છે અને સ્પર્શ કરવાથી સર્વ ઈચ્છિતોને આપે છે.

ત્રણ લોકના નાથ હોવા છતાં પણ શ્રીનેમિનાથ ભગવાન વડે બીજા સ્થાનોનો ત્યાગ કરીને આ ગિરિ પર આશ્રય કરાયો છે. તેનો મહિમા કહેવા માટે કોણ સમર્થ થાય ?

આ દુનિયામાં જેટલા રેતીના કણીયા છે. એટલી જીભ બનાવીને જો બૃહસ્પતિ આ તીર્થનો મહિમા કહે તો પણ પૂરૂં કહી ન શકે (પાર ન પામે), કેવળજ્ઞાન વડે જાણતા હોવા છતાં પણ કેવળજ્ઞાની આ તીર્થના મહિમાને કહેતા પૂર્વક્રોડવર્ષનું આયુ પૂર્ણ થાય તો પણ પૂરૂ કહી ન શકે.''






## ભીમસેનરાજાની કથા અંતર્ગત જટિલ નામના તાપસના જાંગલ નામના શિષ્યે વર્ણવેલ શ્રી રૈવતગિરિનું માહાત્મ્ય

ततो जटिलो बहुदिनायातं जाङ्गलं शिष्यं पप्रच्छ, वत्स! सांप्रतं कुत आयातः इयन्ति दिनानि कुत्र स्थितः इति? जाङ्गलः प्राह, स्वामिन्! सुराष्ट्रायां श्रीशत्रुञ्जय-गिरिनार्यो(गिरनारयो)र्यात्रां कृत्वेहागतोऽस्मीति । तयोस्तीर्थयोर्महिमानं वक्तुं कः समर्थो भवति । केवलं केवलज्ञान्येव जानाति । विशेषात्तु रैवतगिरिर्महिमा मया श्रुतो दृष्टश्च । अस्य तीर्थस्य सेवनान्नृणां सुखसंपद-श्चक्रिशक्रादिश्रियोऽपि हस्तगा भवन्ति । तदनु स्वल्पकालेनैव मुक्तिर्भवति ।

किञ्च "लभन्ते सेवनाद्यस्य प्राणिनः पापिनोऽपि हि।
इहैव सर्वसंपत्तिं परलोके परं पदम् ।। १ ।।
भ्रमतां पक्षिणां खेऽपि छाया येषां स्पृशत्यमुम् ।
लभन्ते कुगतिं नैते किं पुनः सहवासिनः" ।। २ ।।

ત્યારપછી જટિલ તાપસે ઘણા દિવસે આવેલા પોતાના



શિષ્ય જાંગલ તાપસને પૂછ્યું "હે વત્સ ! હમણાં તું ક્યાંથી આવ્યો ? આટલા દિવસો કયાં રહ્યો હતો ?" ત્યારે જાંગલ તાપસે કહ્યું, "હે સ્વામી ! હું સૌરાષ્ટ્ર દેશમાં શ્રીશત્રુંજયગિરિ અને શ્રીગિરનારગિરિની યાત્રા કરીને અહીં આવ્યો છું, તે બંને તીર્થોનો મહિમા કહેવા માટે કોણ સમર્થ થાય ? ફક્ત કેવળજ્ઞાની જ જાણે છે અને રૈવતગિરિનો મહિમા તો મારા વડે વિશેષથી સંભળાયો અને જોવાયો છે. આ તીર્થની સેવાથી મનુષ્યોને સુખ, સંપત્તિ અને ચક્રવર્તી તથા ઈન્દ્રની લક્ષ્મી પણ હાથમાં રહેલ થાય છે તથા ત્યારપછી થોડા જ કાળમાં મોક્ષ પણ થાય છે.

અને વળી આ તીર્થની સેવાથી પાપી પ્રાણીઓ પણ આ લોકમાં જ સર્વ સંપત્તિ અને પરલોકમાં પરમપદને પ્રાપ્ત કરે છે.

આકાશમાં ભમતા જે પક્ષીઓની છાયા આ ગિરિને સ્પર્શે છે તે પક્ષીઓ પણ કુગતિને પામતા નથી તો જે આ ગિરિ ઉપર રહે છે તેની શું વાત કરવી ?"






## ભીમસેનરાજા દીક્ષા લઈને રૈવતગિરિ પર તપ કરે છે તે પ્રસંગ

अन्यदा ज्ञानचन्द्रमुनिदेशनाश्रवणाद्विरक्तचित्तो दीक्षां गृहीत्वा अयं भीमसेनो महामुनिरत्रैव ज्ञानशिलायां दुस्तपं तपस्तपति । पूर्वं महापापकारकोऽप्येष मुनिः तीर्थानुभावादेवेतोऽष्टमे दिने केवलं प्राप्स्यति । ततः स्वायुः पूरयित्वा मुक्तिं यास्यति । इदमेतत्तीर्थस्य माहात्म्यं पूर्वमस्माभिरर्बुदपर्वते ज्ञानचन्द्रमुने र्मुखात् श्रुतमभूत् । ततोऽत्र पर्वते महापापकारिणोऽपि निर्दोषा भूत्वा सर्वसुखभाजो भवन्ति ।

એકવાર જ્ઞાનચંદ્ર મુનિની દેશના સાંભળવાથી વિરક્ત-ચિત્તવાળો ભીમસેન દીક્ષા ગ્રહણ કરીને આ મહામુનિ આ જ જ્ઞાનશિલા પર દુઃખે કરીને કરી શકાય એવા તપને કરે છે. પૂર્વે મહાપાપ કરનારો પણ આ મુનિ તીર્થના પ્રભાવથી આજથી આઠમા દિવસે કેવળજ્ઞાન પામશે, ત્યારબાદ પોતાનું આયુષ્ય પુરૂં કરીને મુક્તિ પામશે. તીર્થનું આ માહાત્મ્ય પૂર્વે અમારા વડે આબુપર્વત પર જ્ઞાનચંદ્રમુનિના મુખેથી સંભળાયું હતું. તેથી આ પર્વત ઉપર મહાપાપ કરનારા પણ દોષરહિત થઈને સર્વસુખને ભજનારા થાય છે.



## ભીષ્મપિતા શાન્તનુરાજાની વાત અંતર્ગત શ્રી ગિરનારગિરિ મહિમા ગર્ભિત સિદ્ધિ વિનાયક યક્ષની કથા


तावन्नृपो वन्दित्वा ''भगवन्तौ युवां कुतः समागतौ''? इति पृच्छति स्म । अथ तयोरेको वृद्धमुनिः प्राह, राजन्! आवां विद्याधरमुनी तीर्थयात्रापरौ संमेतशिखरवैभारार्बुदरुचकाष्टापदादिषु यात्रां कृत्वा ततः ततः श्रीशत्रुञ्जये रैवताचले च गतवन्तौ । ततो रैवताद्रेः काञ्चनाभिधे चतुर्थश्रृङ्गे श्री नेमिं वन्दितुं यावद्‌गतौ, तावदेकं देवं सूर्यमंडलसमानेन स्वशरीरतेजसा दशापि दिशः प्रकाशयन्तं श्रीनेमिजिनपूजां कुर्वन्तमपश्यत् । तत्र च स देवोऽन्येन केनचिद् देवेन तथाविधशरीरकान्तेः कारणं पृष्टः सन् प्राह, तथाहि, पूर्वं श्रीरैवताद्रिसमीपे सुग्रामपुरेऽहं क्षत्रियोऽभूवं । परं निर्दयः क्रूरकर्मकारी हत्यादिमहापापकारी अहमन्यदा महापापोद्‌भूतेन लूतारोगेणात्यंतं पीडितः कस्यचिन्मुनेर्मुखात् रैवताद्रिमाहात्म्यं श्रुत्वात्रागतः । अत्र श्रीनेमिनः पूजां कुर्वतः उदयन्ती-




नदीजलस्नानं च कुर्वतो मम शरीररोगाः कर्मरोगाश्च क्षयं ययुः । ततः समाधिना मृत्वा ईदृशं सुरसाम्राज्यं अद्‌भूतं रूपं च प्राप्तः । ततस्तमुपकारं स्मृत्वा पुनरहं एतत्तीर्थस्पर्शनार्थमागतः प्रासादं च कृतवान् । पुनर-ग्रेऽपि एतत्तीर्थस्यैव सेवनात् आगामिभवे मुक्तिं यास्यामि । किं चात्र तीर्थेऽपि 'सिद्धि विनायक' इति नाम्ना अधिष्ठायको भूत्वा श्रीनेमीश्वरसेवकानां वाञ्छितं पूरयिष्यामि इति स्ववृत्तान्तं तीर्थमहात्म्यं च प्रकाश्य स देवः स्वस्थानं गतः ।

શાન્તનુરાજા વંદન કરીને પૂછે છે કે, ''ભગવન્ ! આપ બંને ક્યાંથી પધાર્યા છો ?'' ત્યારે તે બંનેમાંથી મોટા મુનિ કહે છે, ''રાજન ! અમે વિદ્યાધરમુનિ છીએ તીર્થયાત્રા માટે તત્પર થયેલા અમે બંને સમેતશિખર, વૈભાર, આબુ, રૂચક, અષ્ટાપદ આદિ તીર્થોની યાત્રા કરીને ત્યારપછી ત્યાંથી શ્રીશત્રુંજયગિરિ અને શ્રીરૈવતગિરિની યાત્રાર્થે ગયા. રૈવતગિરિના કાંચન નામના ચોથા શિખર ઉપર શ્રીનેમિનાથ ભગવાનને વંદન કરવા માટે ગયા હતા. ત્યાં સૂર્ય મંડળ સમાન પોતાના શરીરના તેજ વડે દશે પણ દિશાઓને પ્રકાશ કરતા એક દેવને શ્રીનેમિજિનની પૂજા કરતાં જોયા અને ત્યાં બીજા દેવ વડે તેને તેવા પ્રકારની શરીરકાન્તિનું કારણ પૂછાયું ત્યારે તે દેવે કહ્યું.

''પૂર્વે શ્રી રૈવતગિરિ સમીપે સુગ્રામનગરની અંદર હું એક ક્ષત્રિય હતો. અત્યંત નિર્દય, ક્રૂરકર્મ કરનારો, હત્યાદિ મહાપાપો કરનારો હું એક વખત લૂતા નામના રોગ વડે અત્યંત પીડાયેલો કોઈક મુનિના મુખથી રૈવતગિરિના માહાત્મ્યને સાંભળીને અહીં આવ્યો. અહીં શ્રીનેમિનાથ ભગવાનની પૂજા કરવાથી અને ઉદયન્તી નદીના જલથી સ્નાન કરવાથી મારા શરીરના રોગો



અને કર્મરોગો ક્ષય થયા. ત્યારપછી સમાધિ વડે મરીને હું આવું દેવલોકનું સામ્રાજ્ય અને અદ્‌ભુત રૂપ પામ્યો છું. તેથી આ ગિરિના ઉપકારને યાદ કરીને ફરી હું આ તીર્થની સ્પર્શના માટે આવેલો છું અને અહીં દેરાસર બંધાવ્યું છે. વળી આગળ પણ આ જ તીર્થની સેવાથી આવતાં ભવમાં હું મુક્તિ પામીશ. વળી આ તીર્થમાં 'સિદ્ધિવિનાયક' એ નામ વડે અધિષ્ઠાયક થઈને શ્રીનેમિનાથ ભગવાનના સેવકોના વાંછિતને પૂરીશ.'' આ પ્રમાણે પોતાનો વૃતાન્ત કહીને તીર્થનો મહિમા પ્રકાશીને તે દેવ સ્વસ્થાને ગયો.''






## વરદત્ત ગણધરનો વૃત્તાન્ત

(નેમિનાથ ભગવાન પોતાની દેશનામાં કહે છે)

पञ्चमदेवलोकेशो ब्रह्मेन्द्रः सागरं भगवन्तं प्रणम्य प्राह, स्वामिन्! एतन्निराबाधसुखस्वरूपं श्रुत्वा मधुलिप्त-खड्गधारासदृशे वैषयिके सुखे अहं केवलमसारतामेव पश्यामि । ततः कदा सोऽवसरो भविष्यति, यदाहं तन्मोक्षसुखमनुभविष्यामि इति । सागरजिनः प्राह, श्रृणु, ब्रह्मेन्द्र ! भविष्यत्काले अवसर्पिण्यां द्वाविंशजिनः श्रीनेमिर्भविष्यति । त्वं तु तस्य वरदत्तो गणधरो भूत्वा रैवताद्रौ कर्मक्षयात् केवलं प्राप्य मुक्तिं यास्यसीति श्रुत्वा ब्रह्मेन्द्रोऽपि हर्षोत्फुल्ललोचनो जिनं नत्वा स्वस्थानं गतः । ततः प्रभृति अस्मद्ध्यानानुरक्तचित्तो नानारत्नानां सारदलैरस्माकं मूर्त्तिं निर्माय त्रिसन्ध्यं पूजयामास । स ब्रह्मेन्द्रो यावज्जीवं तां प्रतिमां पूजयित्वा आयुःक्षये ततश्च्युत्वा उत्तरोत्तरभवान् प्राप्य सांप्रतमस्माकं वरदत्त-नामा गणधरः । अनेन पूर्वभवे यदस्माकं मूर्तिर्निर्मिता पूजिता च तेनायं उत्तरोत्तरभवै र्गणधरत्वं प्राप । इतः केवलं लब्ध्वा मुक्तिं गमिष्यति । इति श्रीनेमिमुखात्






श्रुत्वा तत्कालं ब्रह्मेन्द्रः समुत्थाय श्रीनेमिस्वामिनं नत्वेति प्राह, स्वामिन् ! सत्यमेतत् बहुभिरपि ब्रह्मेन्द्रैः सा प्रतिमा अद्ययावत् पूजिता इदानीमपि शाश्वतार्हत्वत् सा प्रतिमा मया त्रिसन्ध्यं पूज्यते । ततः प्रभुराह, भो देवेन्द्र! सांप्रतं सा प्रतिमा अत्रानेतव्या । यतः कृत्रिम-प्रतिमास्तु शाश्वतप्रतिमावत् सदाकालं स्वर्गे न स्थिरी-भवन्ति । इति भगवद्वचनं प्रमाणीकृत्य ब्रह्मेन्द्रस्तां शीघ्रं तत्रानयामास । ततः कृष्णवासुदेवो भगवदाज्ञया नित्य-पूजार्थं तां प्रतिमां स्वयं जग्राह । अथ ते सुरासुरनरे-श्वराः श्रीनेमिस्वामिना प्रकाश्यमानं गिरिनारगिरेर्माहात्म्यं श्रृण्वन्ति स्म । भगवदुक्तं रैवतमाहात्म्यं श्रुत्वा सुरासुर-नरेश्वराः अमृताभिषिक्ता इव परमानन्दमया बभूवुः ।

પાંચમાં દેવલોકનો સ્વામી બ્રહ્મેન્દ્ર સાગર ભગવાનને પ્રણામ કરીને બોલ્યો, ‘‘હે સ્વામી ! આ નિરાબાધ સુખનું સ્વરૂપ સાંભળીને મધથી લેપાયેલી ખડ્ગધારા સમાન વૈષયિક સુખમાં હું માત્ર અસારતા જ જોઉં છું. તેથી તે અવસર કયારે થશે? જ્યારે હું તે મોક્ષ સુખને અનુભવીશ.’’

સાગરજિન બોલ્યા, ‘‘હે બ્રહ્મેન્દ્ર ! સાંભળ, ભવિષ્ય કાળમાં આવતી અવસર્પિણીમાં બાવીસમા શ્રીનેમિનાથ ભગવાન થશે. તું તેમનો વરદત્ત નામનો ગણધર થઈને, રૈવતગિરિ ઉપર કર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન પામીને મુક્તિમાં જઈશ.’’ એ સાંભળીને હર્ષથી વિકસ્વર નેત્રવાળો બ્રહ્મેન્દ્ર પણ પરમાત્માને નમીને પોતાના સ્થાને ગયો.

(શ્રી નેમિનાથ ભગવાન કહે છે કે...) ત્યારથી માંડીને અમારા ધ્યાનમાં રાગી ચિત્તવાળા તેણે વિવિધ પ્રકારના રત્નોના






સારભૂત દ્રવ્યથી અમારી મૂર્તિ બનાવીને ત્રણે સંધ્યાએ પૂજી. યાવજજીવ તે મૂર્તિને તે બ્રહ્મેન્દ્રએ પૂજી, પોતાના આયુ ક્ષયે ત્યાંથી ચ્યવીને ઉત્તરોત્તર સારા ભવોને પામીને હમણાં અમારો વરદત્ત નામે ગણધર થયો છે. આના વડે પૂર્વભવમાં જે અમારી મૂર્તિ બનાવી અને પૂજાઇ તે કારણે આ સારા સારા ભવો વડે ગણધરપણું પામ્યો છે, અહીંથી કેવલ પામીને મોક્ષે જશે.

આ પ્રમાણે શ્રી નેમિનાથ ભગવાનના મુખેથી સાંભળીને તે સમયના બ્રહ્મેન્દ્રએ ઉઠીને શ્રી નેમિનાથ ભગવાનને નમીને કહ્યું. ''હે સ્વામી ! આ વાત સાચી છે. ઘણા બ્રહ્મેન્દ્રો વડે તે પ્રતિમા આજ સુધી પૂજાઇ છે અને હમણાં પણ શાશ્વતજિનની જેમ તે પ્રતિમા મારા વડે ત્રણે સંધ્યાએ પૂજાય છે.'' તેથી પ્રભુએ કહ્યું, ''હે દેવેન્દ્ર ! હમણાં તે પ્રતિમા અહીં લાવો. કારણ કે બનાવેલી પ્રતિમા શાશ્વતપ્રતિમાની જેમ હંમેશા સ્વર્ગમાં સ્થિર રહેતી નથી'' આ પ્રમાણે ભગવાનનું વચન સ્વીકારીને બ્રહ્મેન્દ્ર તે પ્રતિમાને જલ્દી ત્યાં લાવ્યા, ત્યારપછી ભગવાનની આજ્ઞાથી કૃષ્ણ વાસુદેવે નિત્યપૂજા માટે તે પ્રતિમાને પોતે ગ્રહણ કરી. હવે તે દેવ-દાનવ-રાજા વગેરે શ્રીનેમિનાથ ભગવાન વડે કહેવાતા ગિરનાર ગિરિના માહાત્મ્યને સાંભળે છે. ભગવાને કહેલા રૈવતગિરિના માહાત્મ્યને સાંભળીને દેવ-દાનવો અને રાજા વગેરે અમૃતથી અભિષેક કરાયા હોય તેવા પરમાનંદમય થયા.

હવે શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા કેટલો કાળ રહેશે? તે અંગે કહેવાય છે :-

**ततो वासुदेवः प्राह, स्वामिन् ! इयं प्रतिमा मया स्वप्रासादे स्थापिता सती कियत्कालं तत्र स्थास्यति, कुत्र वा पूजां प्राप्स्यति इति ? ततः स्वामी प्राह, हेकृष्ण! तव जीवितं यावत् त्वत्कृते प्रासादे स्थास्यति। ततः परंतु काञ्चनबलात् देवताः पूजयिष्यन्ति । ततोऽ-**



स्माकं द्विसहस्त्रवर्षाणि अतिदुष्टानि यास्यन्ति । तत्प्रान्ते रत्ननामा श्रावकोऽबिकां समाराध्य तद्दत्तामिमां प्रतिमां रैवते नूतनप्रासादे पुनः स्थापयिष्यति । तत्र एकं लक्षं, त्रीणि सहस्त्राणि, द्वे शते, पञ्चाशच्च (१०३२५०) वर्षाणि यावत् स्थित्वा पुनरपि अदृश्या भविष्यति । तत एकान्तदुषमाख्ये षष्टेऽरके एतां समुद्रमध्ये नीत्वा अंबिका पूजयिष्यति ।

ત્યારપછી વાસુદેવે પૂછ્યું ‘‘હે સ્વામી ! મારા વડે પોતાના પ્રાસાદમાં સ્થાપન કરાયેલી આ પ્રતિમા કેટલો કાળ ત્યાં રહેશે ? અને કયાં કયાં પૂજાશે ?’’

ત્યારે સ્વામીએ કહ્યું, ‘‘હે કૃષ્ણ ! તું જીવીશ ત્યાં સુધી તારા બનાવેલા પ્રાસાદમાં આ પ્રતિમા રહેશે અને ત્યાર પછી કાંચનગિરિ પર દેવતાઓ એને પૂજશે.

ત્યારપછી આ તીર્થ માટે બે હજાર વર્ષ અતિદુષ્ટ પસાર થશે તે પછી રત્નનામના શ્રાવક અંબિકા દેવીની આરાધના કરીને તેમણે આપેલી આ પ્રતિમા રૈવતગિરિ ઉપર નૂતન જિનાલયમાં ફરી સ્થાપન કરશે. ત્યાં ૧ લાખ, ત્રણ હજાર, બસો પચાશ (૧,૦૩,૨૫૦) વર્ષ સુધી રહીને ફરી પણ અદશ્ય થશે. ત્યારપછી એકાન્ત દુષમા નામના છઠ્ઠા આરામાં આ પ્રતિમાને સમુદ્રમાં લઈ જઈને અંબિકા દેવી પૂજશે.’’



## ગજપદકુંડ ઉત્પત્તિ અને મહિમા

शक्रः प्राह, पूर्वं श्रीभरतो यदात्र आयातः तदा तत्कालीनेन सौधर्मेन्द्रेण ऐरावणपादाक्रमणेन वा कारितं तेनेदं 'ऐरावतकुंडं' इत्युच्यते । अस्मिन् दिव्यानुभावात् चतुर्दशनदीसहस्त्राणां प्रवाहाः समायान्ति, ततो महापावनं । अस्य जलेन स्वयं स्नात्वा यो जिनं स्नपयति, स समग्रं कर्ममलं क्षिप्त्वा सिद्धिं याति । तथा कासश्वासक्षयकुष्टजलोदरादिरोगा अस्य जलस्य स्पर्शात् पानाच्च नश्यन्ति । तथैव इदं धरणेन्द्रेण निर्मितं । इदं च चमरेन्द्रेण स्ववाहनीभूतमयुरेण कारितं । अनयोर्जलेन स्थावरं जङ्गमं च सर्वं विषं क्षयश्वासादयश्च रोगा नश्यन्ति । अमूनि च बलीन्द्रसूर्यचन्द्रादिभिः कृतानि कुंडानि पापहरजलानि सन्ति ।

ઈન્દ્ર મહારાજાએ કહ્યું કે, ''શ્રીભરતચક્રવર્તી જ્યારે અહીં આવ્યા હતા ત્યારે તે સમયના સૌધર્મેન્દ્ર વડે ઐરાવણ હાથીના પગના દબાણ વડે કરાયું હોવાથી આ ઐરાવતકુંડ (ગજપદકુંડ) કહેવાય છે. દિવ્ય પ્રભાવથી આમાં ચૌદ હજાર નદીઓના પ્રવાહો આવે છે. તેથી આ કુંડ અત્યંત પવિત્ર છે. આના પાણી વડે સ્વયં



સ્નાન કરીને જે જિનેશ્વર ભગવાનને અભિષેક કરે છે તે બધા કર્મોને ખપાવીને મોક્ષમાં જાય છે તથા આનું પાણી પીવાથી અને સ્પર્શ કરવાથી ખાંસી, શ્વાસ, ક્ષયરોગ, કોઢ, જલોદર વગેરે રોગો નાશ પામે છે.

તેવી જ રીતે આ ધરણેન્દ્ર વડે કરાવેલો, આ ચમરેન્દ્ર વડે પોતાના વાહન રૂપે રહેલા મયુર વડે કરાયેલો કુંડ છે એ બેના પાણી વડે સ્થાવર અને જંગમ સર્વ પ્રકારનું ઝેર અને ક્ષય-શ્વાસ વગેરે રોગો નાશ પામે છે. આ બલીન્દ્ર અને સૂર્યચન્દ્ર વગેરે વડે બનાવેલા કુંડો પાપોને દૂર કરનાર પાણીવાળા છે.''





## ત્રણ કલ્યાણકથી પવિત્ર રૈવતગિરિ તીર્થ

इत्येवं रैवताचले श्रीनेमेः कल्याणकत्रयमभवत् । उक्तं च-

''यत्र दीक्षाज्ञानमोक्षमयं कल्याणकत्रयम् ।
श्रीनेमेरभवन्नौमि तं श्रीरैवतपर्वतम् ।। १ ।।

यत्रार्हतामेकमपि भवेत् कल्याणकं किल ।
तत्तीर्थं मुनयः प्राहुरुज्जयन्तस्तोऽधिकः ।। २ ।।

पवित्रा भगवत्पादै रैवताचलरेणवः ।
पुनन्ति विश्वं संसिक्ताः शुद्धिकृच्चुर्णजा इव ।। ३ ।।


पर्वताः सर्व एवैते जलस्थलखचारिणः ।
जीवाः सन्त्यत्र ये शैले भवत्रयमुमुक्षवः ।। ४ ।।

भूरुहा दृषदो भूमिवाय्वबग्निशरीरिणः ।
अचेतना अपि शिवं यातारोऽत्र कियद्दिनैः ।। ५ ।।

सर्पिर्मधुभ्यां ध्माता यन्मृत्तिका गुरुयोगतः ।
हेमत्वं लभते तस्य महिमा वर्ण्यते कथम् ।। ६ ।।

तपःक्षमाभ्यां संयुक्तस्तथा साम्यरसप्लुतः ।
त्यक्त्वा धातुमयं देहं देही प्राप्नोति शाश्वतम् ।। ७ ।।

यथा स्पर्शोपलस्पृष्टं लोहं प्राप्नोति हेमताम् ।
तथास्य स्पर्शतो देहो भवेच्चिन्मयरूपभाक् ।। ८ ।।





मलयाद्रौ यथान्येऽपि यान्ति चन्दनतां द्रुमाः ।
तथैव पापिनोऽप्यत्र यान्ति विश्वस्य पूज्यताम् ।। ९ ।।
न श्रीनेमिसमः स्वामी नोज्ज्ञयन्तसमो गिरिः ।
न गजेन्द्रपदसममस्ति कुंडं जगत्त्रये'' ।। १० ।।

**अथ स्वामिनोऽष्टौ बान्धवाः कृष्णस्य च अष्टौ अग्रमहिष्यो राजिमती च एतेऽपि मोक्षं प्रापुः ।**

રૈવતાચલ પર શ્રી નેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણક થયા છે કહ્યું છે કે,

જ્યાં શ્રીનેમિનાથ ભગવાનના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષ આ ત્રણ કલ્યાણકો થયા તે શ્રીરૈવતગિરિને નમસ્કાર કરૂં છું ।।૧।।

જ્યાં અરિહંત પરમાત્માનું એક કલ્યાણક પણ થાય તેને મુનિ ભગવંતો તીર્થ કહે છે તો ઉજ્જ્યંતગિરિ તેનાથી અધિક કહેવાય ।। ૨ ।।

પરમાત્માના ચરણો વડે પવિત્ર થયેલી રૈવતગિરિની રજ જાણે શુદ્ધિ કરનારા ચૂર્ણથી ઉત્પન્ન થયેલ હોય એમ આખા વિશ્વને પવિત્ર કરે છે ।। ૩ ।।

આ બધા પર્વતો (પૃથ્વીકાય)-જલચર-થલચર-ખેચર જીવો જે અહીં છે તે ત્રણ ભવમાં મોક્ષ પામનારા છે ।। ૪ ।।

અહીં રહેલા વૃક્ષો, શિલાઓ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાયના જીવો અચેતન જેવા હોવા છતાં પણ કેટલાક દિવસો વડે (અર્થાત્ થોડા ભવોમાં) મોક્ષમાં જશે ।। ૫ ।।

ગુરૂ પાસેથી આમ્નાય મેળવીને ઘી અને મધ વડે ગરમ કરાયેલી આ પર્વતની માટી પણ સોનું બની જાય છે, આવા આ ગિરિનો મહિમા કેમ કહી શકાય ? અર્થાત્ આ ગિરિ ઘણા મહિમાવાળો છે. ।। ૬ ।।



તપ અને ક્ષમા વડે સમતા રસથી વ્યાપ્ત જીવ ધાતુમય દેહને છોડીને શાશ્વત સ્થાનને પામે છે ।। ૭ ।।

જેવી રીતે પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ બને છે તેવી રીતે આ ગિરિના સ્પર્શથી શરીર આત્મસ્વરૂપને ભજનારૂં થાય છે ।। ૮ ।।

જેવી રીતે મલયાચલ પર્વત પર રહેલા બીજા વૃક્ષો પણ ચંદનના બની જાય છે એવી રીતે અહીં પાપી જીવો પણ વિશ્વમાં પૂજ્યપણાને પામે છે ।। ૯ ।।

ત્રણે જગતમાં શ્રીનેમિનાથ સમાન ભગવાન નથી, શ્રીઉજ્જ્યંતગિરિ સમાન ગિરિ નથી અને ગજપદ કુંડ સમાન કુંડ નથી ।। ૧૦ ।।

શ્રીનેમિનાથ ભગવાનના આઠ ભાઈઓ, કૃષ્ણની આઠ પટ્ટરાણીઓ અને રાજીમતી આ સર્વે પણ આ ગિરિ ઉપર મોક્ષ પામ્યા છે.





**વિ.સ. ૧૩૩૪ માં ચંદ્રકુલના રાજગચ્છીય શ્રી ચંદ્રપ્રભસૂરિના શિષ્ય શ્રી પ્રભાચન્દ્રાચાર્ય વિરચિત શ્રી પ્રભાવક ચરિત્ર**

## શ્રી વિજયસિંહસૂરિ ચરિત્ર

अन्येद्युः शत्रुञ्जय-रैवतकप्रभृतितीर्थमुख्येषु ।
तीर्थाधिपान् प्रणन्तुं व्यहरत् कृतसंयमोद्धारः ।। ८७ ।।

समगंस्त सुराष्ट्रायां शनैस्ततः प्राप रैवतकशैले ।
तं चारुरोह तीर्थस्वामिध्यानैकलीनमनाः ।। ८८ ।।


श्रीनेमिनाथतीर्थे शासनरक्षाविचक्षणा देवी ।
श्रीमत्यम्बाभिधया प्रस्तावात् कथ्यते तदाख्यानम् ।।८९।।

तच्चेदं-

काश्यपरोपितनगरे कासहृदाख्ये समस्ति भूदेवः ।
श्रीसर्वदेवनामा वेदचतुष्कस्य पारगतः ।। ९० ।।

तस्यास्ति सत्यदेवीत्याख्या वरवल्लभा सतीरत्नम् ।
पुत्री च तयोरम्बादेवीनाम्नी सुकृतिमौलिः ।। ९१ ।।

यौवनसंप्राप्तां तामवृणोदतिथिश्च कोटिनगरीयः ।
कुलशीलरूपचारुः स सोमभट्टाख्यया विदितः ।। ९२ ।।





उद्वाह्य च स्वनगरे जगाम रामाजनाभिरामां ताम् ।
उत्सवतो निजगेहं प्राविक्षत् परिहृतक्लेशः ।। ९३ ।।

एवं गच्छति काले पुत्रद्वयमजनि वृजिनमुक्तायाः ।
पूर्वो विभाकराख्यः शुभंकरो नामतोऽन्यश्च ।। ९४ ।।

तत्र श्रीनेमिजिनान्तेवासि श्रीसुधर्मसूरीणाम् ।
मुनियुगलं तद्वेश्मनि भिक्षायैः विशदवृत्तमगात् ।। ९५ ।।

अम्बादेव्यपि निर्मलमनसा सिद्धं समस्तमप्यन्नम् ।
दानविधिविहितहर्षा व्यजीहरद् वासनैकविधिः ।। ९६ ।।

प्रहितौ प्रणम्य साधू तावत् प्रायाच्च सोमभट्टश्च ।
कृतवैश्वदेवकृत्यं विना कथं रसवती स्पृष्टा ।। ९७ ।।

इत्यपराधोद्भावनपूर्वं दुर्वचनसंहतिमवादीत् ।
ताममुखविकारां च प्रजहार मुखं चपेटाभिः ।। ९८ ।।


गृहमानुषैश्च सा मोचिताऽनुकम्पावशात् ततो वनिता ।
अपमानान्निरगच्छत् पुत्रावादाय सा गेहात् ।। ९९ ।।

आरोहयदथ कट्यां लघुं तथा चाङ्गुलिं प्रसह्य गुरूम् ।
व्यमृशज्जिनमुनिदाने वरयित्राऽहं पराभूता ।। १०० ।।

तस्मात् स एव मार्गः शरणं मे भवतु जैनविधिविशदः ।
श्रीरैवतगिरिमभि सा मानारूढा ययौ त्वरितम् ।। १०१ ।।

क्षुधिता तृषिता श्रान्ता पुनरूच्छ्रितमारुरोह गिरिराजम् ।
ध्यात्वेति सुकृतकामा प्रणनामारिष्टनेमिजिनम् ।। १०२ ।।

चैत्यान्निर्गत्य ततो विश्रान्ता चूततरुतले तनुजः ।
परिपक्त्रिमफललुंबीं क्षुधातुरः प्रार्थयामास ।। १०३ ।।





तामस्य चार्पयित्वा श्रीनेमिस्मरणमथ विधायैषा ।
झम्पापातं चक्रे तस्माच्छिखरात् सपुत्रापि ।। १०४ ।।

श्रीनेमितीर्थनाथस्मृतिवशतो दैवतर्द्धिमाप तदा ।
विस्मृतकोपाटोपो विप्रोऽपि प्रापदनुतापम् ।। १०५ ।।

अकथितवार्तो निलये सोऽप्यस्या आनुपदिकतां प्राप्य ।
आरूढो रैवतके सहकारं भैरवं चाप ।। १०६ ।।

तत्त्रितयमृतिं मत्वा हत्यादोषी कथं नु जीवामि ।
आकूणितगन्धज्ञं प्रदश्यमानोऽङ्गुलीभिरहम् ।। १०७ ।।

तस्मान्ममापि मृत्युः श्लाघ्योऽत्रैवार्हता पवित्रेऽद्रौ ।
याऽमीषां सा मे स्याद् गतिरपरैः प्रलपितैः किं नु ।। १०८ ।।

एवं विचिन्त्य पेते तत्रैवानेन भैरवे भयदे ।
लेभे तद्वाहनता सिंहतया व्यन्तरीभूय ।। १०९ ।।

साऽम्बादेवी श्रीनेमिनाथतीर्थेऽत्र भक्तियुक्तानाम् ।
साहाय्यं कुर्वाणा तत्र गिरौ विद्यतेऽद्यापि ।। ११० ।।

अथ विजयसिंहसूरिस्तत्राष्टाङ्गप्रणाममाधाय ।
विहिततीर्थोपवासस्तीर्थेशं तुष्टुवे सुष्ठु ।। १११ ।।

निरुपमचारित्रनिधिं तत्र प्रेक्ष्यामुमम्बिका देवी ।
क्षणदायां प्रत्यक्षा भूत्वा प्रणनाम तत्पादौ ।। ११२ ।।

अम्बा त्वं द्विजपत्नी पतिपरिभूता जिनाङ्घ्रिसरसिरुहम् ।
स्मृत्वा सुरत्वमाप्ता त्वामनु पतिरपि च तादृगभूत् ।। ११३ ।।

तस्येति वचः श्रुत्वा हृष्टाऽवादीत् समादिशत किंचित् ।
ते प्राहुरनीहानां कार्यं नः किमपि नास्ति शुभे ! ।। ११४ ।।





सा निःस्पृहत्वतुष्टा विशेषतस्तानुवाच बहुमानात् ।
गुटिकां गृह्णीत विभो ! चिन्तितकार्यस्य सिद्धिकरीम् ।।११५।।

चक्षुरदृश्यो गगनेचरश्च रूपान्तराणि कर्ता च ।
कवितालब्धिप्रकटो विषहृद् बद्धस्य मोक्षकरः ।। ११६ ।।


भवति जनो गुरुलघुतां प्रपद्यते स्वेच्छया तथावश्यम् ।
अनया मुखे निहितया विकृष्टया तदनु सहजतनुः ।। ११७ ।।

सुगुरोरनिच्छतोऽपि हि हस्ते मुक्त्वा तिरोदधे च सुरी ।
वदने तां न्यस्य प्राक् श्रीनेमिस्तवममुं चक्रे ।। ११८ ।।

'नेमिः समाहितधिया' मित्यादिभिरमरवाक्यसंकाशैः ।
काव्यैरस्तौत् श्रीमन्नेमिम् स्तुतिरस्ति साऽद्यापि ।। ११९ ।।

સંયમનો ઉદ્ધાર કરનાર સંયમી એવા તે આચાર્ય મહારાજે, એકવાર શ્રી શત્રુંજય, રૈવતાચલ વગેરે મુખ્ય તીર્થો પરના જિનેશ્વરોને વંદન કરવાની ઈચ્છાથી વિહાર કર્યો. તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા અને તીર્થ-સ્વામીના ધ્યાનમાં મનને લીન બનાવીને હળવે હળવે રૈવતાચલ તીર્થ પર ચઢવા લાગ્યા. શ્રી નેમિનાથ પ્રભુના એ તીર્થની રક્ષા કરવામાં સદા સાવધાન એવી અંબાનામે દેવી હતી. એટલે પ્રસંગોપાત તેનું ચરિત્ર અહીં કહેવામાં આવે છે.


કાશ્યપ મુનિએ સ્થાપન કરેલ એવા કાસહૃદ નામના નગરમાં ચાર વેદનો પારંગામી એવો સર્વદેવ નામે એક બ્રાહ્મણ હતો. સતીઓમાં રત્ન સમાન એવી પતિપ્રિય સત્યદેવી નામે તેની પત્ની હતી. તેમની અંબાદેવી નામે પુત્રી કે જે સુકૃતશાળી જનોમાં મુગટ સમાન હતી. તે યૌવનાવસ્થા પામતાં કોટીનગરીના રહેવાસી સોમભટ્ટ નામનાં પંડિતને વરી કે જે કુળ, શીલ (સદાચાર) અને રૂપથી રમણીય હતો. પછી રમણીઓમાં





સુંદર એવી અંબાદેવીને પરણીને તે પોતાના નગરમાં ગયો અને અંતરમાં સંતુષ્ટ થયેલ તેણે મહોત્સવપૂર્વક પોતાના ઘરમાં પ્રવેશ કર્યો, ત્યાં સાંસારિક સુખ ભોગવતાં નિર્દોષ એવી અંબાદેવીએ કેટલાક કાલ પછી વિભાકર અને શુભંકર નામે બે પુત્રો ને જન્મ આપ્યો.

એકવાર શ્રી નેમિનાથ પ્રભુના શિષ્ય શ્રીસુધર્મસૂરિની આજ્ઞા લઈને નિર્મળ ચારિત્રધારી એવા બે મુનિ ભિક્ષાને માટે અંબાદેવીના આંગણે આવ્યા એટલે ભાવનાયુક્ત નિર્મળ મનથી હર્ષપૂર્વક તેણે મુનિને વિધિસહિત સમસ્ત શુદ્ધ આહાર વહોરાવ્યો, પછી પ્રણામ કરીને બંને સાધુને તેણે વિસર્જન કર્યા એવામાં સોમભટ્ટ તેનો પતિ આવ્યો અને આક્રોશપૂર્વક કહેવા લાગ્યો કે – 'વિશ્વદેવ–મહાદેવ સંબંધી ક્રિયા કર્યા વિના તેં રસવતીનો કેમ સ્પર્શ કર્યો ?' એ અપરાધને લઈને તેણે દુર્વચન કહેવામાં બાકી ન રાખ્યુ. એટલું જ નહિ પણ લેશ પણ મુખવિકાર ન બતાવતી અંબાદેવીને તેણે લપડાકોથી ખુબ મારી. એવામાં ઘરના માણસોએ અનુકંપાથી તેને છોડાવી; એ અપમાનથી મનમાં ખેદ પામતાં તે પોતાના બંને પુત્રોને લઈને ઘર થકી બહાર ચાલી નીકળી. એક નાના બાળકને તેણે કેડ પર ઉપાડ્યો અને મોટાને આંગળીએ ચલાવતાં તે વિચાર કરવા લાગી કે 'જૈનમુનિને દાન આપવાથી હું પતિ વડે પરાભવને પામી માટે જૈન વિધિથી નિર્મળ એવો તે જ માર્ગ મને શરણરૂપ થાઓ.' એમ ધારી માનમાં આવી ગયેલ અંબાદેવી ત્વરિત પગલે રૈવતાચલ તીર્થ ભણી ચાલી. પછી ગિરિરાજ પાસે આવતાં તે ચિંતવવા લાગી કે – 'અહો ! હું તૃષાતુર, ક્ષુધાતુર, અને શ્રમિત છું અને પર્વત તો બહુ ઉન્નત છે.' એમ વિચારી સુકૃતની ભાવનાથી તેણે તીર્થ પર આરોહણ કર્યું અને ત્યાં જઈને શ્રીઅરિષ્ટનેમિને ભક્તિપૂર્વક વંદના કરી. પછી ચૈત્યમાંથી બહાર






આવી તે આમ્રવૃક્ષ નીચે વિસામો લેવા બેઠી. એવામાં ક્ષુધાતુર થયેલ બાળકે પાકેલ આમ્રફળની લુંબ માંગી. એટલે તેણે તે બાળકને આપી. શ્રી નેમિનાથનું સ્મરણ કરીને પુત્રો સહિત તેણે શિખર પરથી ઝંપાપાત કર્યો. ત્યારે શ્રીનેમિનાથના સ્મરણથી તે દિવ્ય ઋદ્ધિને પામી અર્થાત્ દેવી થઇ.

અહીં અંબાદેવી ગયા પછી વિપ્રનો કોપ ઉતરી ગયો અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ત્યાં ઘરમાં કોઇને પણ જણાવ્યા વિના તે તેની પાછળ પાછળ ચાલી નીકળ્યો. જતાં જતાં તે રૈવતાચલ પર આમ્રવૃક્ષ પાસે આવ્યો. ત્યાં ત્રણેને મરણ પામેલ જોઇને પોતાની નાસિકા મરડતાં અને પોતાના પ્રત્યે આંગળી કરતાં તે ચિંતવવા લાગ્યો કે 'હત્યાના દોષથી લિપ્ત થયેલ હું હવે કેમ જીવતો રહું ? માટે ભગવંતના ચરણથી પવિત્ર થયેલ આ પર્વત પર જ મરણ પામવું ઉચિત છે. જે એમની ગતિ તે જ મારી ગતિ થાઓ. અહીં વધારે પ્રલાપ કરવાથી શું ?' એમ ધારીને તે એક ભયાનક ખીણમાં પડ્યો. એટલે વ્યંતર થઇને તે દેવીના વાહનરૂપ સિંહપણાને પામ્યો. તે અંબાદેવી આજે પણ એ ગિરિ પર શ્રીનેમિનાથના તીર્થમાં ભક્તજનોને સહાય કરે છે.

હવે શ્રીવિજયસિંહસૂરિ ત્યાં તીર્થનાથને અષ્ટાંગ પ્રણામ કરી તીર્થોપવાસપૂર્વક ભગવંતની સ્તુતિ કરવા લાગ્યા. એટલે અનુપમ ચારિત્રના નિધાનરૂપ તે ગુરુ મહારાજને જોતાં અંબિકાદેવીએ રાત્રે પ્રગટ થઇને તેમના ચરણમાં નમસ્કાર કર્યા ત્યારે ગુરુ કહેવા લાગ્યા કે 'હે અંબા ! તું પૂર્વ ભવમાં બ્રાહ્મણ પત્ની હતી. ત્યાં પતિથી પરાભવ પામતાં, જિનેશ્વરના ચરણ-કમળનું સ્મરણ કરીને દેવી થઇ. તારી પાછળ તારા પતિની પણ તે જ દશા થઇ.'

એ પ્રમાણે ગુરુનું વચન સાંભળીને હર્ષિત થયેલી દેવી કહેવા લાગી કે 'હે ભગવન્ ! મને કંઇક આજ્ઞા કરો.'





ત્યારે ગુરુ બોલ્યા 'હે ભદ્રે! અમારે નિઃસ્પૃહને શું કામ હોય ?'

એટલે તેમના નિઃસ્પૃહપણાથી અધિક સંતુષ્ટ થયેલ તે બહુમાનથી કહેવા લાગી કે 'હે વિભો ! ચિંતિત કાર્યને સિદ્ધ કરનાર એવી આ ગુટિકાને તમે ગ્રહણ કરો એને મુખમાં ધારણ કરનાર મનુષ્ય દૃષ્ટિને અગોચર, આકાશગામી, રૂપાંતર કરનાર, કવિતાની લબ્ધિ પામનાર, વિષગ્રસ્તને વિષરહિત કરનાર, બંધાયેલાને મુક્ત કરનાર તથા પોતાની ઈચ્છાનુસાર અવશ્ય ગુરુ-લઘુતાને પામી શકે છે અને તેને મુખથકી બહાર કાઢતા તે સહજ રૂપમાં આવી જાય છે.' એમ સાંભળી તે ગુટિકા લેવાની ઈચ્છા ન હોવા છતાં દેવી તે ગુટિકા ગુરુના હાથમાં મૂકીને અદૃશ્ય થઈ ગઈ. એટલે ગુટિકા મુખમાં રાખતાં ગુરુ મહારાજે પ્રથમ,

''नेमिः समाहितधियां''

ઈત્યાદિ અમરવાક્ય સંબંધી કાવ્યોથી શ્રીનેમિનાથનું સ્તવન રચ્યું. એ શ્રીનેમિસ્તુતિ આજે પણ વિદ્યમાન છે.


## શ્રી પાદલિપ્તસૂરિ ચરિત્ર

(નાગાર્જુન નામના ઋષિએ શ્રીપાદલિપ્તસૂરીજીની સાથે શ્રી રૈવતગિરિની યાત્રા કરી તે કહેવાય છે.)

कृतज्ञेन ततस्तेन विमलाद्रेरुपत्यकाम् ।
गत्वा समृद्धिभाक् चक्रे पादलिप्ताभिधं पुरम् ।। २९९ ।।

अधित्यकायां श्रीवीरप्रतिमाधिष्ठितं पुरा ।
चैत्यं विधापयामास स सिद्धः साहसीश्वरः ।। ३०० ।।

गुरुमूर्तिं च तत्रैवास्थापयत् तत्र च प्रभुम् ।
प्रत्यष्ठापयदाहूयार्हद्बिम्बान्यपराण्यपि ।। ३०१ ।।






श्रीपादलिप्तसूरिश्च श्रीवीर पुरतः स्थितः ।
स्तवं चक्रे वरं 'गाहाजुअलेणे' ति संज्ञितम् ।। ३०२ ।।
गाथाभिश्चेति सौवर्ण-व्योमसिद्धी सुगोपिते ।
प्रभुर्जजल्प नाभाग्याः प्रबुध्यन्तेऽधुनातनाः ।। ३०३ ।।
तथा रैवतकक्ष्माभृदधो दुर्गसमीपतः ।
श्री नेमिचरितं श्रुत्वा तादृशाप्तप्रभोर्मुखात् ।। ३०४ ।।
कौतुकात् तादृशं सर्वमावासादि व्यधादसौ ।
दशार्हमण्डपं श्रीमदुग्रसेननृपालयम् ।। ३०५ ।।
विवाहादिव्यवस्थां च वेदिकायां व्यधात् तदा ।
अद्यापि धार्मिकैस्तत्र गतैस्तत् प्रेक्ष्यतेऽखिलम् ।। ३०६ ।।

કૃતજ્ઞ વિદ્યાસિદ્ધ એવા તેણે શત્રુંજય પર્વતની તળેટીમાં જઈને પાદલિપ્ત નામે નગર વસાવીને પોતાના ગુરુના નામ ઉપરથી નગર સ્થાપન કર્યું, અને પર્વતની ઉપર તે સિદ્ધ સાહસિકે શ્રીવીર પ્રભુની પ્રતિમાથી અધિષ્ઠિત ચૈત્ય કરાવ્યું, ત્યાં ગુરુમૂર્તિને સ્થાપન કરી અને ગુરુમહારાજને બોલાવીને તેણે બીજા પણ જિનબિંબોની ત્યાં પ્રતિષ્ઠા કરાવી. શ્રીપાદલિપ્તસૂરિએ વીરપ્રભુની સમક્ષ બે ગાથાથી શ્રેષ્ઠ સ્તુતિ કરી અને કહ્યું કે 'એ ગાથાથી સુવર્ણસિદ્ધિ અને આકાશગામિની વિદ્યા અત્યંત ગુપ્ત રહેશે, તે આજકાલના નિર્ભાગી મનુષ્યો જાણી શકવાના નથી.'

પછી શ્રીરૈવતાચલની નીચે દુર્ગ પાસે ગુરુમહારાજના મુખથી શ્રી નેમિનાથનું ચરિત્ર સાંભળીને નાગાર્જુને કૌતુકથી સર્વ તેવા પ્રકારના આવાસાદિક કરાવ્યા. તેમાં શ્રી દશાર્હમંડપ, ઉગ્રેસનનું રાજભવન તથા વેદિકા પર વિવાહાદિકની સંપૂર્ણ વ્યવસ્થા કરાવી કે જે અત્યારે પણ ત્યાં ગયેલ ધાર્મિક જનોના જોવામાં આવે છે.





## શ્રી શાંતિસૂરિ ચરિત્ર

(શ્રીશાંતિસૂરિમહારાજે ગિરનાર ઉપર અનશન કર્યું અને વૈમાનિક દેવપણું પામ્યા તે સંબંધ કહેવાય છે.)

श्रीशान्तिसूरयः श्रीमदुज्जयन्ताचलं प्रति ।
यशोभिधानसुश्राद्धसुतसाढेन संगताः ।। १२६ ।।


कृत्वा प्रयाणमल्पैश्च दिनैस्तं गिरिमभ्ययुः ।
श्रीनेमिं हृदये ध्यात्वा चक्रुः प्रायोपवेशनम् ।। १२७ ।।

धर्मध्यानाग्निनिर्दग्धभवार्तिवितततैधसः ।
अज्ञातक्षुत्तृषानिद्राप्रभृत्यन्तःप्रतीतयः ।। १२८ ।।

समाधिना व्यतीत्याथ दिनानां पंचविंशतिम् ।
वैमानिकसुरावासमधिजग्मुर्जगन्नताः ।। १२९ ।।

श्री विक्रमसंवत्सरतो वर्षसहस्रे गते सषण्णवतौ (१०९६) ।
शुचिसितिनवमीकुजकृत्तिकासु शान्तिप्रभोरभूदस्तम् ।।१३०।।

હવે શ્રીશાંતિસૂરિ મહારાજ, યશ શ્રાવકના સોઢ નામના પુત્રની સાથે રૈવતાચલ પ્રત્યે ચાલ્યા અને ત્વરિત પ્રયાણોથી થોડા દિવસમાં તેઓ ગિરનાર તીર્થ પર પહોંચ્યા. ત્યાં શ્રીનેમિપ્રભુનું ધ્યાન લગાવીને તેમણે અનશન કર્યું. એટલે ધર્મધ્યાનરૂપ અગ્નિથી ભવપીડારૂપ લતાને બાળતા તથા ક્ષુધા, તૃષા, નિદ્રા વગેરેને ન જાણતાં સમાધિમાં રહી, જગતને નમસ્કાર કરવા યોગ્ય એવા શ્રીશાંતિસૂરિ પચ્ચીશ દિવસ વ્યતિત કરીને વૈમાનિક સુરસંપત્તિ પામ્યા. વિક્રમ સંવત્‌ના ૧૦૯૬ વર્ષ જતાં જેઠ માસની શુક્લ નવમીને મંગળવારે કૃત્તિકા નક્ષત્રમાં શ્રીશાંતિસૂરિએ સ્વર્ગગમન કર્યું.





## શ્રી બપ્પભટ્ટિસૂરિ ચરિત્ર

ययौ रैवतकाद्रिं च श्रीनेमिं हृदि धारयन् ।
उपत्यकाभुवं प्राप प्राप्तरेखः सुधीषु यः ।। ६८५ ।।

तीर्थं प्रणन्तुमानेकानेकादश नरेश्वरान् ।
अपश्यन्नश्यदातेङ्को हयायुतपरिच्छदान् ।। ६८६ ।।

तथैकादशभिः फल्गुवाग्डम्बरदिगम्बरैः ।
राक्षसैरिव शाखोटान् कलिनिष्ठैरधिष्ठितान् ।।६८७।। युग्मम्।

स्वीकुर्वाणान्महातीर्थं शैलारोहनिषेविनः ।
असंख्यसैन्यसंख्यायतानाह्वयदिलापतिः ।। ६८८ ।।

तान् दृष्ट्वा बप्पभट्टिः श्रीसुहृद्भूपालमब्रवीत् ।
धर्मकर्मोद्यमे युद्धात् प्राणिनः को जिधांसति ।। ६८९ ।।

वागाहवेन जेष्यामि विद्वत्पाशानिमान् नृप ! ।
नखच्छेद्येऽब्जिनीखण्डे कुठारं कः प्रयोजयेत् ।। ६९० ।।


ते जिता वादमुद्रायाममुद्रायासमन्तरा ।
दीपस्य शलभप्लोषे स्तुतिः संस्तूयते हि का ।। ६९१ ।।

ततोऽपि तानभ्यमित्रानवादीद् विशदाम्बरः ।
निर्जयादपि चेद् यूयं शमिनो न व्रतादपि ।। ६९२ ।।

असंख्यव्यन्तराधीशचुम्बितांह्रिनखावलिः ।
अम्बा श्रीनेमिपादाब्जकादम्बा शासनामरी ।। ६९३ ।।

आत्मनोरुभयोः कन्यायुग्मं व्यत्ययतः स्थितम् ।
देवी तदन्तरा येषामेतां संजल्पयिष्यति ।। ६९४ ।।

तीर्थं तदीयमेवास्तु यस्याम्बा क्रमतोऽमुतः ।
समर्पयति तत्किं नु वादैरादीनवास्पदैः ।।६९५।। विशेषकम्।





उभयाभिमतो जज्ञे व्यवहारोऽयमेतयोः ।
पक्षयोरक्षयोदग्रप्रभावाम्बालये ततः ।। ६९६ ।।

ततः कुमारिकां तेषां बप्पभट्टिरिहार्पयत् ।
द्वादशप्रहरान् यावत्तैर्मंत्रैः साधिवासिता ।। ६९७ ।।

एडमूकेव नाह स्म कथंचिदथ तेऽवदन् ।
शक्तिश्चेद् यूयमप्यत्र कन्यां जल्पयताद्य नः ।। ६९८ ।।

तन्मूर्द्धि बप्पभट्टिश्च करं कमलकोमलम् ।
ददावम्बा च तद्वक्त्रे स्थिता स्पष्टमुवाच च ।। ६९९ ।।

उज्जिंतसेलसिहरे दिक्खा-नाणं निसीहिया जस्स ।
तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ।। ७०० ।।


ततो जयजयध्वानमिश्रो दुन्दुभिरध्वनत् ।
रोदःकुक्षिंभरिः श्वेताम्बरपक्षोन्नतिप्रदः ।। ७०१ ।।

ततः प्रभृति गाथेयं चैत्यवन्दनमध्यतः ।
सिद्धस्तवनकृद्गाथात्रितयादूर्ध्वमादृता ।। ७०२ ।।

शक्रस्तववदाबालाङ्गनापाठ्याऽत्र मानिता ।
अष्टापदस्तुतिश्चापि श्रुतवृद्धैः पुरातनैः ।। ७०३ ।।

ततो रैवतकारोहात् समुद्रविजयाङ्गजम् ।
आनर्चासौ महाभक्त्या मानयन् जन्मनः फलम् ।।७०४।।

સુજ્ઞોમાં યશ પામનાર તે આમરાજા રૈવતાચલની તળેટીમાં આવ્યો ત્યાં તીર્થને વંદન કરવાને ઇચ્છતા એવા તે નિર્ભય આમરાજાએ દશ હજાર અશ્વોના પરિવાર સાથે આવેલા એવા અગિયાર રાજાઓને જોયા. કલિકાળમાં અધિકાર પામેલા રાક્ષસોથી અધિષ્ઠિત જાણે વૃક્ષો હોય તેવા મિથ્યા વચન-આડંબર ચલાવતા અગિયાર દિગંબરો સહિત તે રાજાઓ રૈવતાચલને






પોતાના તીર્થ તરીકે સ્વીકારી અન્યને ઉપર ચડવાનો નિષેધ કરતા હતા, એટલે અસંખ્ય સૈન્યયુક્ત આમરાજાએ તેમને યુદ્ધ કરવા માટે બોલાવ્યા. તે જોઈને શ્રીબપ્પભટ્ટિ આચાર્યે મિત્ર રાજાને કહ્યું કે 'હે રાજન્ ! ધર્મકાર્યના નિમિત્તે યુદ્ધ કરીને પ્રાણિવધ કરવા કોણ ઇચ્છે ? એ વિદ્વત્તાનો ડોળ કરનારા દિગંબરોને હું વાગ્યુદ્ધથી જીતીશ. નખથી છેદવા લાયક કમળ પર કુઠાર (કુહાડો) કોણ ચલાવે ? વાદ કરતાં તો તે વિના પ્રયાસે જીતાયા જ છે, કારણ કે પતંગને બાળે, તેમાં દીપકની સ્તુતિ શી કરવી ?'


પછી સુજ્ઞશિરોમણિ આમ રાજાએ તે પ્રતિપક્ષીઓને બોલાવીને કહ્યું કે-'વ્રતથી નહિ પણ નિર્જયથી જ જો તમે શાંત થવા માગતા હો, તો અસંખ્ય વ્યંતરો જેના ચરણ-કમળમાં નમસ્કાર કરી રહ્યા છે તથા શ્રી નેમિનાથના ચરણકમળમાં રાજહંસી સમાન એવી અંબા નામે શાસનદેવી છે, એટલે આપણા બંને પક્ષથી બે કન્યા બદલાવીને મૂકો તેમની પાસે રહેલ તે દેવી જેને બોલાવશે, તેનું આ તીર્થ સમજવું. આ ક્રમથી આપણે સમાધાન કરીએ; પણ લઘુતાના સ્થાનરૂપ એવો વાદ વિવાદ કરવાથી શું ?' આ ક્રમ-રીતથી અક્ષય ઉગ્ર પ્રભાવવાળી અંબિકાના મંદિરમાં બંને પક્ષવાળાં એકમત થયા. પછી શ્રીબપ્પભટ્ટિસૂરિએ એક કુમારિકાને તેમના આવાસમાં મોકલી, તેઓએ બાર પહોર સુધી મંત્રોથી તે કન્યાને અધિવાસિત કરી. એટલે તે જાણે મુંગી અને બ્હેરી હોય તેમ કોઈ રીતે પણ બોલવાને અસમર્થ થઈ ગઈ. પછી દિગંબરો કહેવા લાગ્યા કે-'જો તમારામાં શક્તિ હોય, તો અહીં તમે અમારી આ કન્યાને બોલાવી આપો.'

ત્યારે શ્રી બપ્પભટ્ટિ ગુરુએ પોતાનો કમળ સમાન કોમળ હાથ તે કન્યાના મસ્તક પર મૂક્યો કે અંબાદેવી તરત જ તેના મુખમાં રહીને સ્પષ્ટ બોલવા લાગી કે-



“उज्जिंतसेलसिहरे दिक्खानाणं निसीहिया जस्स ।
तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि” ।। १ ।।

આથી શ્વેતાંબર પક્ષનો વિજય સૂચવનાર અને આકાશને ભરી દેનાર જયજય ધ્વનિસહિત દુંદુભિનાદ થયો. ત્યારથી આ ગાથા ચૈત્યવંદનમાંથી સિદ્ધસ્તવની ત્રણ ગાથાની ઉપર લેવામાં આવી. તેમજ શક્રસ્તવની જેમ પ્રાચીન શ્રુતવૃદ્ધોએ માન્ય કરેલ અષ્ટાપદની સ્તુતિ પણ આબાલ વૃદ્ધ માન્ય થઈ. પછી રૈવતાચલ તીર્થ પર આરોહણ કરી આમરાજાએ પોતાના જન્મને સફળ માનતાં મહાભક્તિથી શ્રીનેમિનાથની પૂજા કરી.



(હવે ગિરનાર તીર્થે સંઘ સહિત સંઘપતિ દેશલ આવ્યા, ગિરનાર ઉપર દશ દિવસ રહ્યા અને પરમાત્માની અદ્ભૂત ભક્તિ કરી તે પ્રસંગ કહેવાય છે)

## શ્રી ઉકેશગચ્છીય આચાર્યદેવ શ્રી સિદ્ધસેનસૂરિ શિષ્ય આચાર્યદેવ શ્રી કક્કસૂરિ વિરચિત શ્રી નાભિનંદન જીર્ણોદ્ધાર પ્રબંધ (વિ.સં. ૧૩૯૩)

(પાંચમો પ્રસ્તાવ)

### સંઘનું ગિરનાર તરફ પ્રયાણ :-

एवमारोप्य तीर्थेऽस्मिन् देसलः पुण्यपादपम् ।
उज्जयन्तमथो तीर्थं नन्तुं चक्रे उपक्रमम् ।। १७५ ।।

देवालयश्चचालाथ सुमुहूर्ते पुरःस्थितः ।
तस्यानु देसलः सर्वसङ्घलोकान्वितोऽचलत् ।। १७६ ।।

अमरावत्यादिपुरग्रामेषु जिनशासनम् ।
भासयन्नद्भुतैः कृत्यैरुज्जयन्तगिरिं ययौ ।। १७७ ।।

એ પ્રમાણે તે શત્રુંજય તીર્થ ઉપર પોતાના પુણ્યવૃક્ષને સ્થાપીને દેશલે ગિરનાર તીર્થને વંદન કરવા માટે તૈયારી કરી (૧૭૫). સારા મુહૂર્ત્તવાળા દિવસે દેવાલય સૌની આગળ ચાલ્યું અને તેની પાછળ સર્વ સંઘલોકની સાથે દેશલ ચાલતો થયો (૧૭૬). માર્ગમાં અમરાવતી (અમરેલી) વગેરે શહેરો તથા ગામડાં



આવ્યાં ત્યાં અદ્ભુત કૃત્યો કરીને જિનશાસનને દીપાવતો દીપાવતો ગિરનાર પર્વત તરફ તે જતો હતો (૧૭૭).

**રાજા મહિપાલદેવ અને સમરસિંહનો સમાગમ :-**

श्रीजीर्णदुर्गपुरनाथमहीपदेवः श्रुत्वा समेतमुपदुर्गममुं ससंघम्।
श्रीदेसल-स्मरगुणैरिव कृष्टचित्तः ।
संघेश्वराभिमुखमेष समाजगाम ।। १७८ ।।

श्रीमहीपालदेवेन स्मरेण सहयायिना ।
संघपतेर्देसलस्य प्रवेशमहिमाऽऽदधे ।। १८२ ।।

तेज:पालपुरासन्नान् संघवासावासान्महीपति ।
स्मरेण कारयित्वाऽथ स्वावासं स्वयमाययौ ।। १८३ ।।


જૂનાગઢનો રાજા મહીપાલ, તે વેળા શ્રીદેશલ તથા સમરસિંહના ગુણોથી મન વડે જાણે આકર્ષાયો હોય તેમ, સંઘપતિ દેશલને સંઘની સાથે ત્યાં આવેલો સાંભળી તેની સામે આવ્યો. (૧૭૮)

પછી શ્રીમહીપાલદેવે સમરસિંહની સાથે આવીને સંઘપતિ દેશલનો પ્રવેશમહોત્સવ કર્યો (૧૮૨). અને સમરસિંહ દ્વારા તેજપાલપુરની પાસે સંઘ માટે રહેવાની વ્યવસ્થા કરાવીને રાજા પોતાના નિવાસસ્થાનમાં આવ્યો (૧૮૩).

**સંઘનું ગિરનાર ઉપર ગમન :-**

उज्जयन्तगिरिमस्तकमौलिं नेमिनं जिनमथो अभिनन्तुम् ।
देसलः सकलसंघसमेतोऽप्यारुरोह गुरुभिः सह शैलम् ।।१८४।।

महाध्वजा-ऽवारितसत्र-पूजा-दानादिकं सर्वविधिं स तत्र ।
संघाधिपो देसलसाधुधुर्यः । शत्रुञ्जये तीर्थ इवाततान ।।१८५।।





प्रद्युम्न-शाम्बयोस्तुङ्गे शिखरे चावलो (किते) ।
कल्याणत्रयमुख्येषु प्रासादेष्वखिलेष्वपि ।। १८६ ।।

देसलो विदधद्यात्रां महापूजा-महाध्वजाः ।
ददौ स्वपूर्वजानुच्चैरुद्दधार धियां निधिः ।। १८७ ।।

अम्बामथानर्च सपुत्र-पौत्रः श्रीदेसलः संघपतिर्यदैव ।
तदैव तुष्टा विततार पुत्रलाभेन वृद्धिं समरस्य सद्यः ।।१८८।।

युक्तमम्बा सुतान् दत्ते सदैवाङ्कस्थितात्मजा ।
विश्वेऽपि विश्रुतमिदं यत्सदेव वितीर्यते ।। १८९ ।।

समरस्य सुतप्राप्तिसंप्राप्त (मह) दुन्नतिः ।
देसलः श्रीमदम्बाया विशेषेणाकृतार्चनम् ।। १९० ।।


देसलः सुतलाभत्वात् वर्धापनमकारयत् ।
सद्यः फलति धर्मोऽयमिति चेतसि चिन्तयन् ।। १९१ ।।

श्री गजेन्द्रपदकुण्डवारिणि भव्यलोकगणदोषवारिणि ।
स्नानमाशु विरचय्य देसलो । दत्तवानयमघे जलाञ्जलिम् ।।१९२।।

स्नात्वा मृदुहृदयनिभे सहजादयोऽपि
श्रीदेसलस्य तनयाः सनया हृदेऽस्मिन् ।
संसारघोरवनसंचरणप्रसूत-
(ग्लानिं)क्षणादपनयन्ति मुदं भजन्ति ।। १९३ ।।


दिनानि दश तीर्थेऽस्मिन् स्थित्वा देसलसङ्घपः ।
श्रीनेमिनमनुज्ञाप्य गिरिनारादवातरत् ।। १९४ ।।

તે પછી ગિરનારના મસ્તક ઉપર મુકુટસમાન શ્રી નેમિજિનને વંદન કરવા માટે દેશલ, પોતાના ગુરુ તથા સમસ્ત સંઘની સાથે પર્વત ઉપર ચઢ્યો (૧૮૪). અને ત્યાં પણ શ્રેષ્ઠ





સંઘપતિ દેશલે મોટી ધ્વજા ચઢાવી, સાર્વજનિક અન્નસત્ર (દાનશાળા) ખુલ્લાં મૂક્યાં, પૂજાઓ કરી અને દાનાદિક સર્વ વિધિ શત્રુંજયની જેમ કરી (૧૮૫). તેણે પ્રદ્યુમ્ન તથા સાંબના ઉંચાં શિખરોનાં દર્શન કર્યા અને ત્રણ કલ્યાણકોના મંદિરમાં અને બીજા સઘળાંય દેરાસરોમાં પણ ભગવાનનાં દર્શન કર્યા (૧૮૬). તેમજ ત્યાં યાત્રા કરતાં કરતાં દેશલે સર્વ દેરાસરોમાં મોટી પૂજાઓ કરી, મોટી ધ્વજાઓ અર્પણ કરી અને એ પ્રમાણે કરીને તે મહાબુદ્ધિમાન પુરૂષે પોતાના પૂર્વજોનો અત્યંત ઉદ્ધાર કર્યો (૧૮૭). વળી સંઘપતિ શ્રીદેશલે પુત્રો તથા પૌત્રોની સાથે અંબામાતાનું જ્યારે પૂજન કર્યું કે તે જ સમયે પ્રસન્ન થઈને માતાએ સમરસિંહને પુત્રનો લાભ આપી તેની કૌટુંબિક વૃદ્ધિ કરી (૧૮૮). અને તે યોગ્ય જ ગણાય કે જેના ખોળામાં હંમેશા પુત્રો રહ્યા એવી અંબા પુત્રો આપે છે. લોકમાં પણ આ વાત પ્રસિદ્ધ છે કે જે વસ્તુ હોય છે તે જ આપી શકાય છે (૧૮૯). એ રીતે સમરસિંહને પુત્રપ્રાપ્તિરૂપ ઉન્નતિ પ્રાપ્ત થઈ, ત્યારે દેશલે વિશેષે કરી શ્રીઅંબાજીનું પૂજન કર્યું અને પુત્રના લાભથી 'આ ધર્મ તુરત જ ફળ અર્પે છે' આવો મનમાં વિચાર કરી તેનું વર્દ્ધાપન કરાવ્યું (૧૯૦-૧૯૧). તે પછી દેશલે ભવ્યલોકોના દોષોને દૂર કરનાર શ્રીગજેન્દ્રપદ-કુંડના જળમાં સ્નાન કર્યુ અને તેના પ્રભાવથી પાપને જલાંજલિ આપી પાપથી મુક્ત થયો (૧૯૨). સહજપાલ વગેરે દેશલના નીતિમાન પુત્રોએ પણ સ્વચ્છ હૃદય સમાન એ કુંડમાં સ્નાન કર્યું અને સંસારરૂપ ઘોર વનમાં ફરવાથી થયેલી ગ્લાનિને દૂર કરી આનંદ પ્રાપ્ત કર્યો (૧૯૩). એ પ્રમાણે દશ દિવસ એ તીર્થમાં રહીને સંઘપતિ દેશલ શ્રીનેમિનાથની આજ્ઞા લઈ ગિરનાર ઉપરથી ઉતર્યો (૧૯૪).





## શ્રી હરિભદ્રસૂરિ વિરચિત
## નેમિનાહ ચરિઉ (વિ.સં. ૧૨૧૬)

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત ''શ્રી નેમિનાથ ચરિત્ર''માં નેમિનાથ ભગવાનની દીક્ષા, કેવળજ્ઞાન પ્રાપ્તિ અને નિર્વાણનું વર્ણન :

**મૂળ :---**

कयविविह-संकहाहिं दीसंतो अहिलसिज्झमाणो य ।
सोइज्झंत-गुणोहो सलहिज्झंतो य संपत्तो ।। ३०७१ ।।

सहसंबवणुज्जाणे छट्ठववासेण वट्टमाणेहिं ।
सुद्धज्झवसाणेहिं लेसाहिं विसुज्झमाणीहिं ।। ३०७२ ।।


उत्तरकुरू विसयाओ सिरि नेमिजिणेसरो समुत्तरइ ।
उब्भिय-भुयदंडेहिं थुव्वंतो सुरनरिंदेहिं ।। ३०७३ ।।

**સંસ્કૃત છાયા :-**

कृतविविधसंकथाभिः दिशन् अभिलष्यमानः च ।
शोभमानः गुणौघः श्लाघ्यमानः च संप्राप्तः ।। ३०७१ ।।

सहसाम्रवनोद्याने षष्ठोपवासेन वर्तमानैः ।
शद्धध्यवसानैः लेश्याभिः विशुध्यमानाभिः ।। ३०७२ ।।

उत्तरकुरूविषयात् श्री नेमिजिनेश्वरः समुत्तरति ।
उद्भिद-भुजदण्डैः स्तूयमानः सुरनरैः ।। ३०७३ ।।





અર્થ :- વિવિધ પ્રકારની વાતો કરનારા માણસો વડે દેખાડાતા અને અભિલાષ કરાતા= શુભેચ્છા દેવાતા, શોભતા ગુણ સમૂહવાળા, પ્રશંસા કરાતા નેમિનાથ ભગવાન, સહસ્રામ્રવન ઉદ્યાનમાં પહોંચ્યા.

છઠ્ઠ તપવાળા, શુદ્ધ અધ્યવસાય અને વિશુદ્ધ થતી લેશ્યા વડે વર્તતા, ઉંચા કરેલા હાથવાળા દેવ-મનુષ્યો વડે સ્તુતિ કરાતા નેમિનાથ ભગવાન ઉત્તરકુરૂ નામની શિબિકામાંથી ઉતરે છે. (૩૦૭૧-૭૨-૭૩)


**મૂળ :---**

एत्थ-अंतरि कण्हु विन्नत्तु-
उज्जाणवालगनरिण पहु तिलोयपहु नेमिनाहह
चउपन्नवासर अणुक्कमिण गमिय छउमत्थ-भावह ।
विहरिय नाणाविहमहिहिं सुप्पवित्तचित्तस्सु
रेवयगिरि सहसंबवणि वरकाणणि पत्तस्सु ।। ३०८३ ।।

कमिण अट्ठम तवह पज्जंति -
झाणंतरि वट्टिरइ धाइकम्मसंधाइ झीणइ
आजम्मु अलध्धयरू चाउरंगभवभमणि खीणइ ।
आसोयह अम्मावसह चित्ता नक्खत्तम्मि
गरूतर-तेइहिं ससिरविहिं जायइ सुमुहुत्तम्मि ।। ३०८४ ।।
अज्जु केवलनाणु उपन्नु

**સંસ્કૃત છાયા :-**

अत्राअन्तरा कृष्णविज्ञप्तिः
उद्यानपालकनरानाम् प्रभु ! त्रिलोकप्रभुनेमिनाथः
चतुः पञ्चाशत् वासरान् अनुक्राम्य गमयित्वा छद्मस्थभावान्



विहृत्य नानाविधमहौ सुपवित्रचित्तः
रैवतगिरेः सहसाम्रवने वरकानने प्राप्तः ।। ३०८३ ।।

क्रमेण अष्टमतपपर्यन्ते-
ध्यानांतरे वर्तमानः धातिकर्मसंधाते क्षीणे
आजन्मलब्धचातुरंगभवभ्रमणे क्षीणे
अश्वीन अमावस्याः चित्रा नक्षत्रे
गुरूतरतेजोभिः शशीरविभिः जाते सुमूहूर्ते ।।३०८४।।
अद्य केवलज्ञानं उत्पन्नं ।

**અર્થ :-** આ બાજુ શ્રી કૃષ્ણ ઉદ્યાનપાલક મનુષ્યો દ્વારા વધામણી પામ્યા કે, ''હે સ્વામિ ! ત્રણ લોકના સ્વામિ નેમિનાથ પ્રભુ પૃથ્વી ઉપર વિવિધ સ્થાને વિચરીને, ચોપ્પન દિવસ પસાર કરીને, છદ્મસ્થભાવ દૂર કરીને, સુપવિત્ર ચિત્તવાળા પ્રભુ રૈવતગિરિના સહસ્રામ્રવનમાં આવે છતે, અઠમતપને અંતે, ધ્યાનાંતર શુક્લધ્યાનમાં વર્તતા હતા ત્યારે ઘાતિકર્મનો ક્ષય થયે છતે, અનાદિથી લાગેલ ચારગતિરૂપ સંસારનું ભ્રમણ ક્ષય થયે છતે, આસોમાસની અમાસે, ચિત્રાનક્ષત્રનો ઘણા તેજવાળા ચંદ્ર અને સૂર્યની સાથે યોગ થયે છતે આજે સારા મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન પામ્યા છે.'' (૩૦૮૩-૮૪)

**મૂળ :-**

वासवि गिहवासि :-
कुमरत्तिण वरिससय तिन्नि तयणु चारित्तु धेप्पिणु ।
चउपन्न दिणाइं छउमत्थ भावजोगिण गमिप्पिणु ।
चउपन्नूणयवास सय सत्त धरहं विहरेवि ।
केवलि परियाएण पहु भविय कमल बोहेवि ।। ३३९४ ।।



अंति मासिय तविण जगबंधु :-

वग्धारिय करजुयलु खविय सयल भव भावि कलिमलु ।

पडिबोहिय भविउ वर नाण चरणदंसणिहिं पेसलु ।

छत्तीसाहिय पंचसय समणगणिण संजुत्तु ।

आसाढइ सिय अट्ठमिहिं सेलेसीए गमित्तु ।। ३३१५ ।।

दियह पंचम भाग समयम्मि :-

चइउण शरीर इहु सिध्धि रमणि सुक्कंठमणसु ।

जहरूव सरूव धरु उड्ढगइहिं गमणम्मि अणलसु ।

सामिउ मरगय सामलउ तियसासुर कयसेवु ।

सिवनयरिहि नायगु हुयउ नेमिजिणेसरू देवु ।।३३९६।।

**संस्कृत छाया :-**

अवसत् गृहवासे -

कुमारत्वेन वर्षशतत्रयं तदनु चारित्रं गृहीतः ।

चतुःपञ्चाशत् दिनानि छद्मस्थभावयोगित्वेन अगमयत् ।।

चतुः पञ्चाशत् न्यून वर्षशतसप्त धरणिं व्यहरत् ।

केवलिपर्यायेण प्रभुः भविककमलं अबोधयत् ।। (३३९४)


अन्ते मासं तपेन जगत्बंधुः -

युङ्क्त्वा करयुगलम्, क्षपित्वा सकलभवभाविकल्मषम्।

प्रतिबोध्य भविकं वरज्ञानचारित्रदर्शनेन पेशलं ।।

षट्त्रिंशतधिकपञ्चशतश्रमणगणेण संयुक्तः ।

अषाढशुक्लाष्टम्याम् शैलेशे गत्वा ।। (३३९५)






दिनस्य पञ्चमभागसमये -

त्यक्त्वा शरीरम्, इह सिद्धिरमणिं सोत्कण्ठमानसः ।
यथारुपः सरुपधारकः, उर्ध्वगत्वा गमने अनालसुः ।।
स्वामी मरकतश्यामलः त्रिदशासुरकृतसेवः ।
शिवनगरे नायकोऽभूत्, नेमिजिनेश्वरो देवः ।। (३३९६)

**અર્થ** :- શ્રી નેમિનાથ ભગવાન કુમારપણે ૩૦૦ વર્ષ ગૃહવાસમાં વસ્યા ત્યારપછી ચારિત્ર ગ્રહણ કર્યું. ૫૪ દિવસો છદ્મસ્થ સાધુપણે પસાર કર્યા. ૫૪ દિવસ ઓછા સાતસો વર્ષ કેવલીપણે પૃથ્વી ઉપર વિચર્યા અને કમળરૂપી ભવ્યજીવોને પ્રતિબોધ કર્યા.

અંતે ૧ મહિનાના તપ વડે જગતબંધુ બંને હાથ જોડીને (પદ્માસન મુદ્રામાં) બધા જ ભવમાં થયેલા કર્મમલને ખપાવીને, યોગ્ય ભવ્ય જીવોને શ્રેષ્ઠ-જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે પ્રતિબોધ કરીને, ૫૩૬ શ્રમણો સાથે અષાઢ સુદ આઠમે, શૈલેષિ દશા પામીને,

દિવસના પાંચમા ભાગમાં, શરીરને અહીં છોડીને, ઉત્કંઠિત મનવાળા, આત્માના સહજ સ્વરૂપને ધરનારા, ઉર્ધ્વગતિએ જવામાં આળસ રહિત, મરકત જેવી શ્યામકાંતિવાળા, દેવ-દાનવોથી સેવિત, નેમિજિનેશ્વર શિવનગરમાં સિધ્ધિ રૂપી સ્ત્રીના સ્વામી થયા. (૩૩૯૪-૯૫-૯૬)





## શ્રી ભદ્રબાહુ સ્વામિ પ્રણિત
## શ્રી આવશ્યક નિર્યુક્તિ

(આ ગ્રંથમાં શ્રી નેમિનાથપ્રભુનું દીક્ષાસ્થાન, વિચરણ, પારણું, શિષ્ય પરિવાર, કેવલજ્ઞાન, નિર્વાણ આદિ વિગત આપેલી છે.)

उसभो अ विणीआए, बारवईए अरिट्ठवरनेमी ।
अवसेसा तित्थयरा, निक्खंता जम्मभूमीसुं ।। २२९ ।।

**અર્થ :** અરિષ્ટનેમિ ભગવાને દ્વારિકા નગરીમાં દીક્ષા લીધી.

अवसेसा निक्खंता, सहसंबवणंमि उज्जाणे ।। २३१ ।।

**અર્થ :** અરિષ્ટનેમિ ભગવાને સહસ્રામ્રવન ઉદ્યાનમાં દીક્ષા લીધી.

उसभो नेमी पासो, वीरो अ अणारिएसुं पि ।। २३४ ।।

**અર્થ :** ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર-સ્વામી અનાર્યદેશોમાં પણ વિચર્યા હતા.


आसो अमावासाए, नेमिजिणिंदस्स चित्ताहिं ।। २५१ ।।

**અર્થ :** આસો વદ અમાવસ્યાએ (ગુજરાતી ભા. વદ અમાસ) ચિત્રાનક્ષત્રમાં અરિષ્ટનેમિ ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

सेसाणं केवलाइं जेसुज्जाणेसु पव्वइआ ।। २५४ ।।

અર્થ :- અરિષ્ટનેમિ ભગવાને જે ઉદ્યાનમાં દીક્ષા લીધી હતી તે ઉદ્યાનમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

चत्ता तीसा वीसा, अट्ठारस सोलस सहस्सा ।। २५८ ।।





**અર્થ :** બાવીસમા ભગવાનના અઢાર હજાર સાધુ હતા.

सट्ठि पणपन्न वण्णेगयत्त चत्ता तहट्ठतीसं च । (२६३)

**અર્થ :** બાવીસમા ભગવાનના ચાલીસ હજાર સાધ્વીજી હતા.

इक्कारस दस नवगं, गणाण माणं जिणिंदाणं ।। २६८ ।।

**અર્થ :** બાવીસમા ભગવાનના અગિયાર ગણ હતા.

जावइया जस्स गणा, तावइया गणहरा तस्स ।। २६९ ।।

**અર્થ :** જેમના જેટલા ગણ તેટલા તેમના ગણધર હતા. (વીર પ્રભુ સિવાય) અર્થાત્ બાવીસમા ભગવાનના ગણધર અગિયાર હતા.

तिण्णेव य वाससया कुमारवासो अरिट्ठनेमिस्स ।
सत्त य वाससयाइं, सामण्णे होइ परिआओ ।। २९८ ।।

**અર્થ :** અરિષ્ટનેમિનો કુમારવાસ ત્રણસો વર્ષનો અને દીક્ષાપર્યાય સાતસો વર્ષનો હતો.

तीसा य दस य एगं सयं च बावत्तरी चेव ।। ३०५ ।।

**અર્થ :** બાવીસમા ભગવાનનું ૧ હજાર વર્ષનું આયુષ્ય હતું.


अट्ठावयचंपुज्जिंतपावासम्मेअसेलसिहरेसुं ।
उसम वसुपुज्ज नेमी वीरो सेसा य सिध्धिगया ।। ३०७ ।।

**અર્થ :** શ્રી ઋષભદેવ અષ્ટાપદ ઉપર, શ્રી વાસુપૂજ્ય ચંપાપુરીમાં, શ્રીનેમિનાથ ઉજ્જયંતગિરિ ઉપર, શ્રી મહાવીર સ્વામી પાવાપુરીમાં અને શેષ (વીસ) તીર્થંકરો સમ્મેતશિખર ઉપર નિર્વાણ પામ્યાં.

छत्तीसएहिं पंचहिं, सएहि नेमी उ सिद्धिगओ ।। ३०८ ।।

**અર્થ :** પાંચસો છત્રીસની સાથે નેમિનાથ ભગવાન નિર્વાણ પામ્યા.

(આ ગાથાઓ શ્રીમાન્ પૂર્વધર આચાર્યવર્ય શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ કૃત શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં પણ લીધેલી છે.)






## નિરયાવલિકા સૂત્રનો પાંચમો વર્ગ - વહ્નિદશા સૂત્ર


**બળદેવ-રેવતીના પુત્ર નિષધકુમારની દીક્ષા :-**

एवं खलु जंबू ! तेणं कालेणं २ बारवई नामं नगरी होत्था दुवालसजोयणायामा जाव पच्चक्खं देवलोयभूया पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरूवा । तीसे णं बारवईए नगरीए बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थ णं रेवए नामं पव्वए होत्था, तुंगे गगणतलमणुलिहंत-सिहरे नाणाविहरुक्खगुच्छगुम्मलतावल्ली-परिगताभिरामे हंसमियमयूरकोंचसारसका-गमयणसालाकोइलकुलो-ववेते तडकडगवियरउब्भरपवालसिहरपउरे अच्छरगण-देवसंघविज्जाहरमिहुणसंनिचिन्ने निहत्थणए दसारवर-वीरपुरिसतेलोक्कबलवगाणं सोमे सुभए पियदंसणे सुरूवे पासादीए जाव पडिरूवे । तस्स णं रेवगयस्स पव्वयस्स अदूरसामंते एत्थ णं नंदणवणे नामं उज्जाणे होत्था, सव्वोउयपुप्फ जाव दरिसणिज्जे । तत्थ णं नंदणवणे उज्जाणे सुरप्पियस्स जक्खस्स जक्खायतणे होत्था चिराईए जाव बहुजणो आगम्म अच्चेति सुरप्पियं जक्खाययणं । से णं सुरप्पिए जक्खाययणे एगेणं महता वणसंडेणं सव्वओ समंता संपरिक्खित्ते जहा पुण्णभद्दे जाव सिलाघट्टते । तत्थ





णं बारवईए नयरीए कण्हे नामं वासुदेवे राया होत्था जाव पसासेमाणे विहरति । से णं तत्थ समुद्दविजयपामोक्खाणं दसण्हं दसाराणं, बलदेवपामोक्खाणं पंचण्हं महावीराणं, उग्गसेणपामोवखाणं सोलसण्हं राईसाहस्सीणं, पज्जुण्णपामोक्खाणं अद्धुट्ठाणं कुमारकोडीणं, संबपामोक्खाणं सट्ठीए दुद्दंतसाहस्सीणं, वीरसेणपामोक्खाणं एक्कवीसाए वीरसाहस्सीणं, रुप्पिणिपामोक्खाणं सोलसण्हं देवीसाहस्सीणं, अणंगसेणापामोक्खाणं अणेगाणं गणिया साहस्सीणं, अण्णेसिं च बहूणं राईसर जाव सत्थवाहप्पभिईणं वेयड्ढ गिरिसागरमेरागस्स दाहिणड्ढभरहस्स आहेवच्चं जाव विहरति । तत्थ णं बारवईए नयरीए बलदेवे नामं राया होत्था, महया जाव रज्जं पसासेमाणे विहरति । तस्स णं बलदेवस्स रण्णो रेवई नामं देवी होत्था सोमाला जाव विहरति । तते णं सा रेवती देवी अण्णदा कदाइ तंसि तारिसगंसि सयणिज्जंसि जाव सीहं सुमिणे पासित्ता णं0. एवं सुमिणदंसणपरिकहणं, कलातो जहा महाबलस्स, पंनासतो दातो पण्णासरायकण्णगाणं एगदिवसेणं पाणिं0 नवरं निसढे नामं जाव उप्पिं पासादं विहरति । ते णं कालेणं २ अरहा अरिट्ठनेमी आदिकरे दसधणूइं वण्णतो जाव समोसरिते, परिसा निग्गया । ततेणं से कण्हे वासुदेवे इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतो एतो य कुडुंबियपुरिसे सद्दावेति २ एवं वदासी-खिप्पामेव देवाणुप्पिया ! सभाए सुहम्माए सामुदाणियं भेरिं तालेहि । तते णं से कुडुंबियपुरिसे जाव पडिसुणित्ता जेणेव सभाए सुहम्माए सामुदाणिया




भेरी तेणेव उवा० २ तं सामुदाणियं भेरिं महता २ सद्देणं तालेति । तते णं तीसे सामुदाणियाए भेरीए महता २ सद्देण तालियाए समाणीए समुद्दविजय-पामोक्खा दस दसारा देवीओ उण भाणियव्वाओ जाव अणंगसेणापामोक्खा अणेगा गणियासहस्सा अन्ने य बहवे राईसर जाव सत्थवाहप्पभितितो ण्हाया जाव पायच्छित्ता सव्वालंकारविभूसिया जहाविभवइसिक्कार-समुदएणं अप्पेगइया हयगया जाव पुरिसवग्गुरापरिक्खित्ता जेणेव कण्हे वासुदेवे तेणेव उवा० २ करतलं कण्हं वासुदेवं जएणं विजएणं वद्धावेति । तते णं से कण्हे वासुदेवे कोडुंबियपुरिसे एवं वयासी-खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कहत्थिं कप्पेह हयगयरहपवर जाव पच्चप्पिणंति । तते णं से कण्हे वासुदेवे मज्जणधरे जाव दुरूढे अट्ठट्ठमंगलगा जहा कूणिए सेयवरचामरेहि उद्धुव्वमाणेहि २ समुद्दविजयपामोक्खेहिं दसहिं दसारेहिं जाव सत्थवाहप्पभितीहिं सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव रवेणं बारवइं नगरिं मज्झं मज्झेणं सेसं जहा कूणिओ जाव पज्जुवासइ । तते णं तस्स निसढस्स कुमारस्स उप्पिं पासायवरगयस्स तं महता जणसद्दं च जहा जमाली जाव धम्मं सोच्चा निसम्म वंदइ नमंसइ २ एवं वदासी-सद्दहामि णं भंते निग्गंथं पावयणं जहा चित्तो जाव सावगधम्मं पडिवज्जति २ पडिगते । तेणं कालेणं २ अरहओ अरिट्ठनेमिस्स अंतेवासी वरदत्ते नामं अणगारे उराले जाव विहरति । तते णं से वरदत्ते अणगारे निसढं कुमारं पासति २ जातसड्ढे जाव

पज्जुवासमाणे एवं वयासी-अहो णं भंते ! निसढे कुमारे इट्ठे इट्ठरूवे कंते कंतरूवे एवं पिए मणुन्नए मणामे मणामरूवे सोमे सोमरूवे पियदंसणे सुरूवे, निसढे णं भंते ! कुमारे णं अयमेयारूवे माणुयइड्ढी किणा लद्धा ? किणा पत्ता ? पुच्छा जहा सूरियाभस्स, एवं खलु वरदत्ता ! तेणं कालेणं २ इहेव जंबुद्दीवे २ भारहे वासे रोहीडए नामं नगरे होत्था, रिद्ध, मेहवन्ने उज्जाणे मणिदत्तस्स जक्खस्स जक्खाययणे । तत्थ णं रोहीडए नगरे महब्बले नामं राया, पउमावई नामं देवी, अन्नया कदाइ तंसि तारिसगंसि सयणिज्जंसि सीहं सुमिणे, एवं जम्मणं भाणियव्वं जहा महब्बलस्स, नवरं वीरंगतो नामं बत्तीसतो दाओ बत्तीसाए रायवरकन्नगाणं पाणिं जाव ओगिज्झमाणे २ पाउसवरि-सारत्तसरयहेमंतगिम्हवसंते छप्पि उऊ जहाविभवे समाणे २ इट्ठ सद्द जाव विहरति । तेणं कालेणं २ सिद्धत्था नाम आयरिया जातिसंपन्ना जहा केसी, नवरं बहुस्सुया बहुपरिवारा जेणेव रोहीडए नगरे जेणेव मेहवन्ने उज्जाणे जेणेव मणिदत्तस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागते, अहापडिरूवं जाव विहरति, परिसा निग्गया । तते णं तस्स वीरंगतस्स कुमारस्स उप्पिं पासायवरगतस्स तं महता जणसद्दं च जहा जमाली निग्गतो धम्मं सोच्चा जं नवरं देवाणुप्पिया ! अम्मापियरो आपुच्छामि जहा जमाली तहेव निक्खंतो जाव अणगारे जाते जाव गुत्तबंभयारी । तते णं से वीरंगते अणगारे सिद्धत्थाणं आयरियाणं अंतिए सामाइ-




यमादियाइं जाव एक्कारस अंगाइं अहिज्जति २ बहूइं जाव चउत्थ जाव अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं पणयालीसवासाइं सामन्नपरियायं पाउणित्ता दोमासियाए संलेहणाए अत्ताणं झूसित्ता सवीसं भत्तसयं अणसणाए छेदित्ता आलोइय पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा बंभलोए कप्पे मणोरमे विमाणे देवत्ताए उववन्ने । तत्थ णं अत्थेगइयाणं देवाणं दससागरोवमाइं ठिई पन्नत्ता । तत्थ णं वीरंगयस्स देवस्स दससागरोवमाइं ठिई पण्णत्ता । ते णं वीरंगते देवे तातो देवलोगाओ आउक्खएणं जाव अणंतरं चयं चइत्ता इहेव बारवईए नयरीए बलदेवस्स रन्नो रेवईए देवीए कुच्छिंसि पुत्तत्ताए उववन्ने । तते णं सा रेवती देवी तंसि तारिसगंसि सयणिज्जंसि सुमिणदंसणं जाव उप्पिं पासायवरगते विहरति । तं एवं खलु वरदत्ता ! निसढेणं कुमारेणं अयमेयारूवे ओराले मणुयइड्ढी लद्धा । पभू णं भंते ! निसढे कुमारे देवाणुप्पियाणं अंतिए जाव पव्वइत्तए ? हंता पभू ! से एवं भंते २ ! इइं वरदत्ते अणगारे जाव अप्पाणं भावेमाणे विहरति । तते णं अरहा अरिट्ठनेमी अण्णदा कदाइ बारवतीओ नगरीओ जाव बहिया जणवय विहारं विहरति, निसढे कुमारे समणोवासए जाए अभिगतजीवाजीवे जाव विहरति । तते णं से निसढे कुमारे अण्णया कयाइ जेणेव पोसहसाला तेणेव उवा० २ जाव दब्भसंथारोवगते विहरति । तते णं तस्स निसढस्स कुमारस्स पुव्वरत्ता-वरत्त० धम्मजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए



जाव समुप्पज्झित्था धन्ना णं ते गामागर जाव संनिवेसा जत्थ णं अरहा अरिट्ठनेमी विहरति, धन्ना णं ते राईसर जाव सत्थवाहप्पभितिओ जे णं अरिट्ठनेमिं वंदति नमंसंति जाव पज्जुवासति, जति णं अरहा अीरट्ठनेमी पुव्वाणुपुव्विं नंदणवणे विहरेज्झा तेणं अहं अरहं अरिट्ठनेमिं वंदिज्झा जाव पज्झुवासिज्झा । तते णं अरहा अरिट्ठनेमी निसढस्स कुमारस्स अयमेयारूवं अज्झत्थियं जाव वियाणित्ता अट्ठारसहिं समणसहस्सेहिं जाव नंदणवणे उज्जाणे, परिसा निग्गया, तते णं निसढे कुमारे इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठ0 चाउग्घंटेणं आसरहेणं निग्गते, जहा जमाली, जाव अम्मापियरो आपुच्छिता पव्वयिते, अणगारे जाते जाव गुत्तबंभयारी । तते णं से निसढे अणगारे अरहतो अरिट्ठनेमिस्स तहारुवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जति २ बहूइं चउत्थछट्ठ, जाव विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं नव वासाइं सामण्णपरियागं पाउणति बायालीसं भत्ताइं अणसणाए छेदेति, आलोइय पडिक्कंते समाहिपत्ते आणुपुव्वीए कालगते । तंते णं से वरदत्ते अणगारे निसढं अणगारं कालगतं जाणित्ता जेणेव अरहा अरिट्ठनेमी तेणेव उवा0 २ जाव एवं वयासी-एवं खलु देवाणुप्पियाणं अंतेवासी निसढे नामं अणगारे पगतिभद्दए जाव विणीए से णं भंते ! निसढे अणगारे कालमासे कालं किच्चा कहिं गते ? कहिं उववण्णे ? वरदत्तादि अरहा अरिट्ठनेमी वरदत्तं अणगारं एवं



वयासी-एवं खलु वरदत्ता ! ममं अंतेवासी निसढे नामं अणगारे पगइभद्दे जाव विणीए ममं तहारुवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जित्ता बहुपडिपुण्णाइं नव वासाइं सामण्णपरियागं पाउणित्ता बायालीसं भत्ताइं अणसणाए छेदेत्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा उड्ढं चंदिमसूरिय-गहनक्खत्ततारारुवाणं सोहम्मीसाण जाव अच्चुते तिण्णि य अट्ठारसुत्तरे गेविज्झविमाणे वाससते वीतीवतित्ता सव्वट्ठसिद्धविमाणे देवत्ताए उववण्णे। तत्थ णं देवाणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । से णं भंते ! निसढे देवे तातो देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहि गच्छिहिति ? कहिं उववज्झिहिति ? वरदत्ता ! इहेव जंबुद्दीवे २ महाविदेहे वासे उन्नाते नगरे विसुद्धपिइवंसे रायकुले पुत्तत्ताए पच्चायाहिति ! तते णं से उम्मुक्कबालभावे विण्णयपरिणयमित्ते जोव्वणगमणुप्पत्ते तहारुवाणं थेराणं अंतिए केवलबोहिं बुज्झित्ता अगाराओ अणगारियं पव्वज्झिहिति । से णं तत्थ अणगारे भविस्सति । इरियासमिते जाव गुत्तबंभयारी । से णं तत्थ बहूइं चउत्थछट्ठट्ठमदसमदुवालसेहिं मासद्ध मासखमणेहिं विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामण्णपरियागं पाउणिस्सति २ मासियाए संलेहणाए अत्ताणं झूसिहिति २ सट्ठिं भत्ताइं अणसणाए छेदिहिति । जस्सट्ठाए कीरति णग्गभावे मुंडभावे अण्हाणए जाव अदंतवणए अच्छत्तए अणोवाहणाए फलहसेज्जा कट्ठसेज्जा






केसलोए बंमचेरवासे परघरपवेसे पिंडवाउलद्धावलद्धे उच्चावया य गामकंटया अहियासिज्जति, तमट्ठं आराहेंति, आराहित्ता चरिमेहिं उस्सासनिस्सासेहिं सिज्झिहिति बुज्झिहिति जाव सव्वदुक्खाणं अंतं काहिति २ । एवं खलु जंबू ! समणेणं भगवया महा0 जाव निक्खेवओ । एवं सेसा वि एक्कारस अज्झयणा नेयव्वा संगहणी अणुसारेण अहीणमइरित्त एक्कारससु वि ।।

।। पंचमो वग्गो सम्मत्तो ।।

હે જંબૂ ! તે કાલે અને તે સમયે બાર યોજન લાંબી, પ્રત્યક્ષ દેવલોક સમાન દર્શનીય અને મનોહર દ્વારાવતી = દ્વારિકા નામની નગરી હતી. તે નગરીની બહાર પૂર્વોત્તર = ઈશાન દિશામાં રૈવત નામનો પર્વત હતો. આકાશને સ્પર્શ કરે તેવા શિખરોવાળો, વિવિધ પ્રકારના વૃક્ષો, ગુચ્છા, ગુલ્મ, લતા, વેલડીથી વ્યાપ્ત હોવાથી મનોહર, હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ, કાગડા, મેના, કોયલના સમૂહથી યુક્ત, નદીના કિનારા, પર્વતના મૂળ ભાગ અથવા પર્વતના સમભાગ, ખાડા અને પ્રચુર પરવાળાના શિખરોથી યુક્ત, અપ્સરાઓના સમૂહ, દેવોના સમૂહ, વિદ્યાધર મિથુનોથી યુક્ત, દશાર્હ આદિ વીર પુરૂષો જે ત્રણે લોકમાં બલવાન હતા તેમના નિવાસ માટે અથવા આરામ માટે સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ મહેલોવાળો તે પર્વત હતો.

તે રૈવતગિરિની નજીક નંદનવન નામનું ઉદ્યાન હતું. તે સર્વઋતુના ફૂલોથી દર્શનીય હતું. તે ઉદ્યાનમાં સુરપ્રિય યક્ષનું ઘણું જૂનું મંદિર હતું. ત્યાં ઘણા લોકો આવીને તેને પૂજતા હતા. તે સુરપ્રિય યક્ષાયતનના એક મોટા વનખંડમાં ચારે બાજુથી સમાન પૂર્ણભદ્ર નામની શિલા હતી.






તે દ્વારિકા નગરીમાં કૃષ્ણ નામના વાસુદેવ રાજા રાજ્ય કરતા હતા. તે સમુદ્રવિજય વગેરે દશ દશાર્હ, બલદેવ વગેરે પાંચ મહાવીરો, ઉગ્રસેન વગેરે ૧૬ હજાર સામંતરાજા, પ્રદ્યુમ્ન વગેરે સાડા ત્રણ કરોડ કુમારો, શાંબ વગેરે ૬૦ હજાર દુર્દાંત કુમારો, વીરસેન વગેરે ૨૧ હજાર વીરો, રૂક્ષ્મણી વગેરે ૧૬ હજાર રાણીઓ, અનંગસેના વગેરે હજારો ગણિકાઓ, બીજા પણ ઘણા રાજાઓ અને સાર્થવાહો વગેરેથી યુક્ત, વૈતાઢ્ય પર્વતથી માંડીને સમુદ્ર સુધીના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું પાલન કરતા વિચરે છે.

તે દ્વારિકા નગરીમાં બલદેવ (કૃષ્ણના ભાઈ) નામે રાજા હતા. તેમને રેવતી નામની સૌમ્ય સ્ત્રી હતી. એક વખત તે રેવતી તેવા પ્રકારની શય્યામાં રહેલી, સિંહનું સ્વપ્ન જોઈને જાગી. સ્વામિને સ્વપ્ન કથન આદિ કર્યા, થોડા સમય પછી પુત્ર થયો અને તે પુત્રનું નામ નિષધ કુમાર રાખ્યું અને તેને ૫૦ રાજકન્યાઓ પરણાવી.

તે કાલે અને તે સમયે શ્રી અરિષ્ટનેમિ ભગવાન ત્યાં સમવસર્યા. કૃષ્ણને વધામણી મળી. હર્ષિત થયેલા તેમણે રાજસેવકને બોલાવીને કહ્યું કે, 'ભેરી વગાડો અને પરમાત્માને વંદન કરવા જવાનું નિવેદન કરો.' તે સાંભળીને રાજસેવકોએ મોટા અવાજવાળી તે ભેરી વગાડી. તે ભેરીનો અવાજ સાંભળીને સમુદ્રવિજયાદિ રાજાઓ, બધી રાણીઓ, અનંગસેના આદિ ગણિકાઓ, બીજા રાજાઓ, સાર્થવાહો વગેરે સાથે સર્વ અલંકારથી વિભૂષિત થઈને પોતપોતાના વૈભવને અનુસાર હાથી, ઘોડા આદિમાં તૈયાર થઈને જ્યાં કૃષ્ણ વાસુદેવ છે ત્યાં આવ્યા અને જય-વિજયાદિ શબ્દો વડે તેમને વધાવ્યા.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવે રાજસેવકને કહ્યું કે, 'હે દેવાનુપ્રિય ! જલ્દીથી હસ્તિરત્ન તૈયાર કરો.' તે મુખ્ય હાથી ઉપર આરૂઢ થયેલા શ્વેત ચામર ઢળાતા શ્રી કૃષ્ણ, સમુદ્ર-






વિજયાદિની સાથે સર્વઋદ્ધિપૂર્વક જલ્દીથી દ્વારિકા નગરીમાંથી નીકળીને પરમાત્માને વંદન માટે જાય છે.

તે કાલે અને તે સમયે મહેલના ઉપરના ભાગમાં રહેલા નિષધકુમાર તે લોકોનો કોલાહલ સાંભળીને તેમની સાથે ચાલ્યા ભગવાનની પાસે ધર્મ સાંભળીને, વંદન કરીને, નમન કરીને, આ પ્રમાણે કહે છે કે, 'હે પ્રભુ ! સાધુજીવન શ્રેષ્ઠ છે, એમ હું શ્રદ્ધા કરૂં છું પણ શ્રાવકધર્મ સ્વીકારવા ઈચ્છું છું.'

તે કાલે શ્રી અરિષ્ટનેમિ ભગવાનના વરદત્ત નામના ગણધર હતા. તેમણે નિધષકુમારને આવા પ્રકારના મનોહર રૂપવાળા જોઈને પૂછ્યું કે, ''હે પ્રભુ! આ કુમાર મનુષ્યભવ તથા આવી શ્રેષ્ઠ ઋદ્ધિ ક્યાંથી પામ્યા છે ?''

ભગવાન કહે છે, 'હે વરદત્ત ! આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં રોહીડા નામનું નગર હતું. ત્યાં મેઘવર્ણ ઉદ્યાનમાં મણિદત્ત નામના યક્ષનું મંદિર હતું. તે નગરમાં મહાબલ નામે રાજા હતો. તેને પદ્માવતી નામની રાણી હતી. એક વખતે તે રાણીએ સ્વપ્નમાં સિંહ જોયો ત્યારપછી યથાસમયે પુત્રને જન્મ આપ્યો તેનું વીરાંગ નામ રાખ્યું. યૌવનવય પામેલા તેને ૩૨ રાજકન્યાઓ પરણાવી તેની સાથે છએ ઋતુના ઉદ્યાનમાં યથાસંભવ ભોગ ભોગવતો તે રાજકુમાર રહે છે.

એક વખત ત્યાં સિદ્ધાર્થ નામના આચાર્ય મહારાજ પધાર્યા અને રોહીડા નગરના મેઘવર્ણ ઉદ્યાનમાં મણિદત્ત યક્ષાયતનમાં સમવસર્યા. પર્ષદા બેઠી તે સમયે મહેલના ઉપરના ભાગમાં રહેલા વીરાંગ રાજકુમારે પણ તે જોયું. ગુરૂભગવંત પાસે આવ્યો. દેશના સાંભળી અને વૈરાગ્ય પામી માતાપિતાને પૂછીને સંયમ લીધું. આચાર્ય મહારાજ પાસે સામાયિકાદિ આવશ્યક સૂત્રથી માંડીને ૧૧ અંગનો અભ્યાસ કરીને, ઉપવાસાદિ તપ દ્વારા ૪૫ વર્ષ






સંયમ પાળીને અંતે બે મહિનાની સંલેખના વડે આત્માને (શરીરને) કૃશ કરીને ઓગણસાઈઠ દિવસનું અનશન કરી, આલોચના-પ્રતિક્રમણ દ્વારા શુધ્ધિ કરી, સમાધિપૂર્વક કાળ કરીને પાંચમા-બ્રહ્મદેવલોકમાં મનોરમ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં દેવોનું દસ સાગરોપમ આયુષ્ય કહેલું છે. વીરાંગ દેવનું પણ દસ સાગરોપમ આયુષ્ય હતું. આયુક્ષયે ત્યાંથી ચ્યવીને, આ દ્વારિકા નગરીમાં બલદેવની રેવતી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. આ રીતે નિષધકુમાર માનવભવ અને આ શ્રેષ્ઠ ઋધ્ધિ પામ્યો છે.'

ફરી વરદત્ત ગણધર પૂછે છે, ''પ્રભુ ! આ નિધષકુમાર આપની પાસે દીક્ષા લેશે ?''

પ્રભુએ કહ્યું, ''હા લેશે.''

એક વખત શ્રી નેમિનાથ ભગવાન ફરી પણ દ્વારિકા નગરીની બહારના પ્રદેશમાં વિચરતા હતા. તે નિષધકુમાર જીવા-જીવાદિ પદાર્થોને જાણતો શ્રાવકપણું પાળતો હતો. એક વખત તે નિષધકુમાર પૌષધશાળામાં પૌષધ કરીને દર્ભના સંથારામાં સૂતો હતો ત્યારે શેષ રાત્રીએ ધર્મજાગરિકાએ જાગતા અર્થાત્ તત્ત્વવિચારણા કરતા તેને આવો વિચાર આવ્યો કે, 'તે ગામ, નગર, સંનિવેશ ધન્ય છે, જયાં અરિષ્ટનેમિ ભગવાન વિચરે છે. તે રાજાઓ, સાર્થવાહો વગેરે ધન્ય છે જે પ્રભુને વંદન કરે છે, નમન કરે છે, એમની પાસે સંયમ લે છે. જો ભગવાન વિચરતા અહીં નંદનવનમાં પધારે તો હું એમને વંદન કરીને સંયમ ગ્રહણ કરૂં.'

ભગવાન નિષધકુમારના આવા અધ્યવસાય જાણીને, અઢાર હજાર સાધુની સાથે નંદનવનમાં પધાર્યા. નિષધકુમારે વાત જાણી. તેથી હર્ષિત થયેલો તે તૈયાર થઈને ભગવાન પાસે આવ્યો. પરમાત્માને વંદન કરીને દેશના સાંભળી માતાપિતાને પૂછીને સંયમ લીધું.



ત્યારપછી નિષધ સાધુ સ્થવિર પાસે અગ્યાર અંગ ભણીને ઉપવાસ-છઠ આદિ વિવિધ તપ કરીને, નવ વર્ષ સંયમ પાળી, ૨૦ દિવસનું અનશન કરી, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

નિષધ સાધુનો કાળધર્મ જાણી, જ્યાં ભગવાન હતા ત્યાં વરદત્ત ગણધરે આવીને પૂછ્યું કે, ''હે પ્રભુ! આપના શિષ્ય, પ્રકૃતિથી ભદ્રંકર એવા નિષધ અણગાર, કાળધર્મ પામીને કયાં ગયા ?''

પ્રભુએ કહ્યું, '' વરદત્ત ! તે મારા શિષ્ય, નિષધ મુનિ કાળધર્મ પામીને સર્વાર્થસિધ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા છે.''

વરદત્ત ગણધરે પૂછ્યું, ''હે પ્રભુ ! તે નિષધદેવ આયુક્ષયે, દેવભવથી ચ્યવીને કયાં ઉત્પન્ન થશે ?''

પ્રભુએ કહ્યું, ''હે વરદત્ત ! તે નિષધદેવ આ જ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં, ઉન્નત નગરમાં, વિશુદ્ધ પિતૃવંશવાળા રાજકુલમાં પુત્રપણે ઉત્પન્ન થશે. બાલ્યકાલ પસાર કરી, યૌવનવયમાં સ્થવિરની પાસેથી બોધ પામીને, તેમની પાસે દીક્ષા લેશે. ઉપવાસ, છઠ, અઠમ, ૪, ૫, ૧૫, ૩૦ ઉપવાસાદિ વિવિધ તપ વડે આત્માને ભાવિત કરીને, ઘણા વર્ષો શ્રમણપણું પાળીને, બે મહિનાની સંલેખના કરી, એક મહિનાનું અનશન કરીને, નિર્વાણ પામશે. સર્વદુઃખોનો અંત કરશે.''

(શ્રી નિષધકુમારે રૈવતગિરિના નંદનવન ઉદ્યાનમાં શ્રી નેમિનાથ ભગવાન પાસે સંયમ લીધું હતું. આ સંદર્ભમાં અહીં એમની વાર્તા કહી.)

(આ રીતે શ્રી થાવચ્ચાપુત્રે પણ રૈવતગિરિના નંદનવન ઉદ્યાનમાં શ્રી નેમિનાથ ભગવાન પાસે સંયમ લીધું હતું તેથી હવે જ્ઞાતાધર્મકથા નામના છઠ્ઠા અંગને અનુસારે તે વાત કહેવાય છે.)




## પાંચમાં ગણધર ભગવંત શ્રીસુધર્માસ્વામિ પ્રરૂપિત છટ્ઠુ અંગ :- જ્ઞાતાધર્મકથા

'શૈલક' નામના પાંચમા અધ્યયન અંતર્ગત થાવચ્ચાપુત્રનો વૃત્તાન્ત :-

तस्स णं रेवयगस्स अदूरसामंते एत्थ णं णंदणवणे नामं उज्जाणे होत्था । सव्वोउयपुप्फफलसमिध्धे रम्मे नंदणवणप्पगासे पासातीए, तस्स णं उज्जाणस्स बहुमज्झदेसभाए सुरप्पिएनामं जक्खाययणे होत्था ।

तेणं कालेणं र अरहा अरिट्ठनेमी अट्ठारसहिं समणसाहस्सीहिं सध्धिं संपरिवुडे, चत्तालीसाए अज्जियासाहस्सीहिं सध्धिं संपरिवुडे, पुव्वाणुपुव्विं चरमाणे जाव बारवती नगरी, जेणेव रेवयगपव्वए, जेणव नंदणवणे उज्जाणे जेणेव सुरप्पियस्स जक्खस्स जक्खाययणे जेणेव असोगवरपायवे तेणेव उवागच्छइ । परिसा निग्गया धम्मो कहिओ ।

थावच्चापुत्ते वि निग्गए जहा मेहे तहेव धम्मं सोच्चा णिसम्म जेणेव थावच्चा गाहावतिणी तेणेव उवागच्छति २ पायग्गहणं करेति । तते णं सा थावच्चा आसणाओ






अब्भुट्ठेति जेणेव कण्हे वासुदेवे तेणेव उवागच्छति करयल जाव वद्धावेति २; तं महत्थं महग्धं महरिहं रायरिहं पाहुडं उवणेइ २; एवं वदासी-एवं खलु देवाणुप्पिया ! मम एगे पुत्ते थावच्चापुत्ते नामं दारए इट्ठे जाव से णं संसारभयउव्विगे इच्छति अरहओ अरिट्ठनेमिस्स जाव पव्वतित्तए, अहण्णं निक्खमणसक्कारं करेमि, इच्छामि णं देवाणुप्पिया ! थावच्चापुत्तस्स निक्खममाणस्स छत्त-मउड-चामराओ य विदिन्नाओ ।

तते णं से कण्हे वासुदेवे थावच्चपुत्तं पुरओ काउं जेणेव अरिहा अरिट्ठनेमी (ततो उवागच्छइ) तते णं से थावच्चापुत्ते पुरिससहस्सेहिं सध्धिं सयमेव पंचमुट्ठियं लोयं करेति जाव पव्वतिए । तते णं से थावच्चापुत्ते अरहतो अरिट्ठनेमिस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयातिं चोद्दस पुव्वाइं अहिज्ज्ञति २, बहुहिं जाव चउत्थेणं विहरति ।

**અર્થ :-** તે રૈવતગિરિની નજીક, સર્વઋતુના પુષ્પ અને ફલથી સમૃધ્ધ, મનોહર નંદનવન નામના ઉદ્યાનમાં બહુમધ્ય દેશ ભાગમાં સુરપ્રિય નામનું મનોહર યક્ષાયતન હતું.

તે કાલે અને તે સમયે ભગવાન શ્રી નેમિનાથ ૧૮ હજાર સાધુ અને ૪૦ હજાર સાધ્વીજીથી પરિવરેલા, પૃથ્વી ઉપર વિચરતા, દ્વારિકા નગરીની નજીક જ્યાં રૈવતપર્વત છે તેના નંદનવન ઉદ્યાનમાં સુરપ્રિય યક્ષાયતનમાં અશોકવૃક્ષની નીચે સમવસર્યા, પર્ષદા બેઠી, પ્રભુએ દેશના આપી.

દ્વારિકા નગરીમાં થાવચ્ચા નામે ગાથાપતિ હતો. તેનો






થાવચ્ચાપુત્ર નામે પુત્ર હતો, તેણે મેઘના જેવી પરમાત્માની દેશના સાંભળી, વૈરાગ્ય પામીને માતા પાસે અનુમતિ માંગી. પુત્રનો દીક્ષા મહોત્સવ કરવા માટે થાવચ્ચા ગાથાપત્ની આસનેથી ઉભી થઈ, કૃષ્ણ વાસુદેવ પાસે ગઈ. તેમને અંજલિ જોડીને, જયાદિ શબ્દો વડે વધાવીને, રાજાને યોગ્ય મોંઘામૂલનું ભેટણુ કરીને, કહ્યું કે, ''હે દેવાનુપ્રિય ! મારે એક જ થાવચ્ચાપુત્ર નામનો દિકરો છે. તે નેમિનાથ ભગવાનની વાણી સાંભળીને વૈરાગ્ય પામેલો દીક્ષા લેવા તૈયાર થયો છે. મારે તેનો દીક્ષામહોત્સવ કરવો છે. તો મને છત્ર, મુગટ, ચામર વગેરે આપો.

ત્યારપછી શ્રી કૃષ્ણે પણ હર્ષિત થઈ તે બધું આપ્યું. અને થાવચ્ચાપુત્રને આગળ કરીને, મહોત્સવપૂર્વક ભગવાન પાસે આવ્યા. ત્યાં થાવચ્ચાપુત્રે સ્વયં પંચમુષ્ટિ લોચ કરીને, એક હજાર પુરૂષોની સાથે, પરમાત્મા પાસે દીક્ષા લીધી. ત્યારપછી તે થાવચ્ચાપુત્ર અણગાર સ્થવિરો પાસે ચૌદપૂર્વ ભણે છે અને ઉપવાસાદિ તપપૂર્વક વિચરે છે.

(આ રીતે થાવચ્ચાપુત્રે રૈવતગિરિના નંદનવનમાં સંયમ લીધું માટે એનો સંબંધ કહ્યો. અહિં આગમપાઠમાંથી જરૂરી વાકયો જ લીધા છે.)





(હવે અંતકૃદશાંગ સૂત્રના ત્રીજા વર્ગના આઠમા અધ્યયન અનુસારે ગજસુકુમાલે રૈવતગિરિના સહસામ્રવનમાં દીક્ષા લીધી અને ત્યાં જ કેવળજ્ઞાન તથા નિર્વાણ પામ્યા એ સંબંધ કહેવાય છે.)


## પાંચમાં ગણધર ભગવંત શ્રીસુધર્માસ્વામિ પ્રરૂપિત અંતકૃદશાંગ આઠમું અંગ

### ત્રીજો વર્ગ-આઠમું અધ્યયન :-

### સહસાવનમાં ગજસુકુમાલની દીક્ષા-કેવળજ્ઞાન અને નિર્વાણ :-

तए णं सा देवती देवी अन्नदा कदाइं तंसि तारिसगंसि जाव सीहं सुमिणे पासेत्ता पडिबुध्धा जाव पाढया हट्ठहियया परिवहति, तते णं सा देवती देवी नवण्हं मासाणं जासुमणारत्तबंधुजीवतलक्खारससरस पारिजातकतरूणदिवाकरसमप्पभं सव्वनयणकंतं सुकुमालं जाव सुरुपं गजतालुयसमाणं दारयं पयाया इमे दारते गज तालुसमाणे तं होउणं अम्ह एतस्स दारगस्स नामधेज्जे गयसुकुमाले २, तते णं तस्स दारगस्स अम्मापियरे नामं करेंति गयसुकुमालोत्ति ।

तेणं कालेणं र अरहा अरिट्ठनेमी समोसढे परिसा निग्गया, तते णं से कण्हे वासुदेवे इमीसे कहाणं लध्धट्ठे समाणे ण्हाते जाव विभूसिए गयसुकुमालेणं






कुमारेणं सध्धिं बारवईए नयरीए मझ्झंमज्झेणं अरहतो अरिट्ठनेमिस्स पायवंदते णिग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्ञाणे जाव पज्जुवासति, तते णं अरहा अरिट्ठनेमी कण्हस्स वासुदेवस्स गयसुकुमालस्स कुमारस्स तीसे य धम्मकहाए कण्हे पडिगते ।

तते णं से गयसुकुमाले अरहतो अरिट्ठनेमिस्स अंतियं धम्मं सोच्चा जं नवरं अम्मापियरं आपुच्छामि ।

तए णं से गयसुकुमाले कण्हं वासुदेवं अम्मापियरो य दोच्चंपि तच्चंपि एवं वदासि - एवं खलु देवाणुप्पिया ! माणुस्सया कामा खेलासवा जाव विप्पजहियव्वा भविस्संति, तं इच्छामि णं देवाणुप्पियातुब्भेहिं अब्भणुन्नाये अरहतो अरिट्ठनेमिस्स अंतिए जाव पव्वइत्तए । तते णं तं गयसुकुमालं कण्हे वासुदेवे अम्मापियरो य जाहे नो संचाएति बहुयाहिं अणुलोमाहिं ताहे एव वदासी - इच्छामो णं ते जाया ! निक्खमणं ।

से ग० अणगारे जाते ईरियासमिए जाव गुत्तबंभ-यारी, तते णं से गयसुकुमाले जं चेव दिवसं पव्वतिते तस्सेव दिवसस्स पुव्वावरण्हकालसमयंसि जेणेव अरहा अरिट्ठनेमी तेणेव उवागच्छति २ अरहं अरिट्ठनेमीं तिक्खुत्तो आयाहिणपयाहिणं जाव वंदति णमंसति २ एवं वदासि-इच्छामि णं भंते ! तुब्मेहिं अब्भणुण्णाते समाणे महाकालंसि सुसाणंसि एगराइयं महापडिमं उवसंपज्जित्ता णं विहरेत्तते, अहासुहं देवाणुप्पिया !, तते णं से गयसुकुमाले अणगारे अरहता अरिट्ठनेमिणा अब्भण्णुन्नाए समाणे अरहं अरिट्ठनेमीं वंदति णमंसति २



अहरतो अरिट्ठनेमिस्स अंतियाओ सहसंबवणाओ उज्जाणाओ पडिणिक्खमति २ जेणेव महाकाले सुसाणे तेणेव उवागते २ थंडिल्लं पडिलेहेति २ उच्चारपासवणभूमिं पडिलेहेति २ ईसिंपब्भारगएणं काएणं जाव दोवि पाए साहट्टु एगराइं महापडिमं उवसंपज्जित्ताणं विहरति, इमं च णं सोमिले माहणे सामिधेयस्स अट्ठाते बारवतीओ नगरीओ बहिया पुव्वणिग्गते समिहातो य दब्भे य कुसे य पत्तामोडं च गेण्हति २ ततो पडिनियत्तति २ महाकालस्स सुसाणस्स अदूरसमांतेणं वीईवयमाणे २ संझाकालसमयंसि पविरलमणुस्संसि गयसुकुमालं अणगारं पासति २ तं वेरं सरति २ आसुरुत्ते ५ एवं वदासि-एस णं भो ! से गयसुकुमाले कुमारे अप्पत्थिय जाव परिवज्जिते, जे णं मम धूयं सोमसिरीए भारियाए अत्तयं सोमं दारियं अदिट्ठदोसपइयं कालवत्तिणिं विप्पजहेत्ता मुंडे जाव पव्वतिते, तं सेयं खलु ममं गयसुकुमालस्स कुमारस्स वेरनिज्जायणं करेत्तते, एवं संपेहेति २ दिसापडिलेहणं करेति २ सरसं मट्टियं गेण्हति २ जेणेव गयसुकुमाले अणगारे तेणेव उवागच्छति २ गयसुकुमालस्स कुमारस्स (गयसुकुमालस्स अणगारस्स) मत्थए मट्टियाए पालिं बंधइ २ जलंतीओ चिययाओ फुल्लियकिंसुयसमाणे खयरंगारे कहल्लेणं गेण्हइ २ गयसुकुमालस्स अणगारस्स मत्थए पक्खिवति २ भीए ५ तओ खिप्पामेव अवक्कमइ २ जामेव दिसं पाउब्भूते तामेव दिसं पडिगते, तते णं तस्स गयसुकुमालस्स अणगारस्स सरीरयंसि वेयणा पाउब्भूता उज्जला जाव दुरहियासा, तते




णं से गयसुकुमाले अणगारे सोमिलस्स माहणस्स मणसावि अप्पदुस्समाणे तं उज्झलं जाव अहियासेति, तए णं तस्स गयसुकुमालस्स अणगारस्स तं उज्झलं जाव अहियासेमाणस्स सुभेणं परिणामेणं पसत्थज्झवसाणेणं तदावरणिज्ञाणं कम्माणं खएणं कम्मरयविकिरणकरं अपुव्वकरणं अणुपविट्ठस्स अणंते अणुत्तरे जाव केवल-वरनाणदंसणे समुप्पण्णे, ततो पच्छा सिद्धे जावप्पहीणे ।

**અર્થ :-** તે સમયે તે દેવકી રાણી સિંહનું સ્વપ્ન જોઈને જાગી, હર્ષપૂર્વક ગર્ભને વહન કર્યો. ૯ મહિના પૂર્ણ થયે છતે પારિજાત અને ઉગતા સૂરજ જેવા ઈષત્ રક્ત, સર્વ લોકોના નેત્રને પ્રિય લાગતા અત્યંત કોમળ હાથીના તાલુ ભાગ જેવા પુત્રને જન્મ આપ્યો, ગજના તાલુ ભાગ જેવો હોવાથી તે પુત્રનું નામ ગજસુકુમાલ રાખ્યું.

તે કાલે અને તે સમયે શ્રીનેમિનાથ ભગવાન દ્વારિકા નગરીની પાસે રૈવતગિરિના સહસ્રામ્રવનમાં સમવસર્યા, વધામણી મળે છતે શ્રી કૃષ્ણ પોતાના ભાઈ ગજસુકુમાલ ની સાથે વંદન કરવા ગયા. પર્ષદા બેઠી. દેશના સાંભળી. તે સમયે દેશના સાંભળીને ગજસુકુમાલ વૈરાગ્ય પામ્યા, કૃષ્ણ અને માતાપિતાને સંયમ ગ્રહણ કરવા માટે વિનંતિ કરતાં કહ્યું કે, 'હે દેવાનુપ્રિય ! મનુષ્યના કામભોગ શ્લેષ્મના આશ્રય જેવા છે, ત્યાગ કરવા લાયક છે. તેથી તમારી આજ્ઞા પામેલો હું સંયમ લેવા ઈચ્છું છું.' ત્યારે કૃષ્ણ અને માતાપિતાએ ઘણું સમજાવ્યા, છેવટે અનુમતિ આપી.

ત્યારપછી ગજસુકુમાલે સહસ્રામ્રવનમાં શ્રીનેમિનાથ ભગવાન પાસે જઈ, જાતે લોચ કરીને દીક્ષા લીધી. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે સાંજના સમયે ભગવાન પાસે જઈને કહ્યું કે,





''હે પ્રભુ ! હું આપની આજ્ઞા લઈને મહાકાલ સ્મશાનમાં એક રાત્રિકી મહાપ્રતિમા સ્વીકારીને રહેવા ઇચ્છું છું.''


ત્યારે ભગવાને કહ્યું, ''હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો.'' ત્યારપછી તે ગજસુકુમાલ મુનિ ભગવાનની આજ્ઞા લઈને, ભગવાન પાસેથી અને સહસાવન ઉદ્યાનમાંથી નીકળે છે, જ્યાં મહાકાલ સ્મશાન છે ત્યાં આવે છે, શુદ્ધ ભૂમિનું પડિલેહણ કરી, કાઉસગ્ગ મુદ્રાએ એક રાત્રિકી પ્રતિમા સ્વીકારે છે.

આ બાજુ તે સોમિલ બ્રાહ્મણ ઈંધનાદિ લેવા માટે દ્વારિકા નગરીમાંથી નીકળીને દેવાર્ચન માટે ઈંધનાદિ ગ્રહણ કરે છે. ત્યાંથી પાછા ફરતાં મહાકાલ સ્મશાનની નજીકથી પસાર થતાં, સંધ્યાકાળે ગજસુકુમાલ મુનિને જુએ છે. તેમને જોઈને મનમાં વૈરભાવ આવે છે કે 'આ ગજસુકુમાલે પોતાના આત્માર્થે સંયમ લીધું પણ મારી નિર્દોષ દીકરીને યૌવનવયમાં ત્યાગ કરી તો હું તે વૈરનો બદલો લઉં.'

આ પ્રમાણે વિચારીને આજુબાજુ જુએ છે અને ભીની માટી જોઈને તેને લઈને ગજસુકુમાલ મુનિ પાસે આવે છે. તેમના માથા ઉપર પાળી બાંધે છે અને બળતી ચિતામાંથી બળતા ખેરના ઝાડના અંગારા ઘડાના ઠીકરા વડે ઉપાડે છે અને વિકસિત પલાશ કુસુમ જેવા અર્થાત્ કેસરી-અત્યંત બળતા તે અંગારા માથા ઉપર મૂકે છે. પછી ભય પામેલો તે તત્કાળ ત્યાંથી પાછો ફરે છે અને જ્યાંથી આવેલો ત્યાં પાછો જાય છે.

આ બાજુ ગજસુકુમાલ મુનિને તે તીવ્ર વેદના સહન કરતાં શુભ પરિણામ અને પ્રશસ્તધ્યાનના બળે ઘાતીકર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થયું અને પછી સર્વકર્મક્ષય થવાથી નિર્વાણ પામ્યા.

(આ રીતે ગજસુકુમાલ મુનિએ સહસાવનમાં દીક્ષા લીધી એ અહીં સંદર્ભ બતાવ્યો.)






(હવે શ્રી કૃષ્ણની પટ્ટરાણીઓ પદ્માવતી આદિએ દીક્ષા સહસાવનમાં લીધી એ સંબંધ કહેવાય છે.)

## અંતકૃદશાંગ સૂત્ર : પાંચમો વર્ગ

**પદ્માવતી વગેરે રાણીઓની દીક્ષા :-**

**एवं खलु जंबू ! समणेणं जाव संपत्तेणं पंचमस्स वग्गस्स दस अज्झयणा पन्नत्ता, तं जहा-पउमावती १ गोरी २ गंधारी ३ लक्खणा ४ सुसीमा ५ य । जंबूवइ ६ सच्चभामा ७ रूप्पिणी ८ मूलसीरि ९ मूलदत्ताबि १० ।।**

**तस्स णं कण्हस्स वासुदेवस्स पउमावती नाम देवी होत्था । तते णं सा पउमावती देवी अरहतो अरिट्ठ-नेमिस्स अंतिए धम्मं सोच्चा हट्ठ तुट्ठ जाव हियया अरहं अरिट्ठनेमीं वंदति, णमंसति एवं वयासी सद्दहामि णं भंते ! कण्हं वासुदेवं आपुच्छामि, तते णं अहं देवाणु-पियस्स अंतिए मुंडा जाव पव्वयामि, अहासुहं, तते णं सा पउमावती देवी जेणेव कण्हे वासुदेवे तेणेव उवागच्छति करयल जाव कट्टु एवं वयासि-इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाता समाणी अरहतो अरिट्ठनेमिस्स अंतिए मुंडा जाव पव्वया, अहासुहं, तए**





णं से बारावती नगरी मज्झंमज्झेणं निग्गच्छति २ जेणेव रेवतते पव्वए जेणेव सहसंबवहो उज्झाणे तेणेव उवागच्छइ २ सीयं ठवेति पउमावती देवी सीतातो पच्चोरूभति २ जेणेव अरहा अरिट्ठनेमी तेणेव उवागच्छति २

ततेणं अरहा अरिट्ठनेमी पउमावतीं देवीं सयमेव पव्वावेति तते णं सा पउमावइ अज्ञा जक्खिणीते अज्ञाते अंतिए सामाइय-भाइयाइं एक्कारस अंगाइं अहिज्ञति बहूहिं चउत्थछट्ठ, विविहतव, भावेमणा विहरति, तते णं सा पउमावती अज्ञा बहुपडिपुन्नाइं वीसं वासाइं सामन्नपरियागं पाउणित्ता मासियाए संलेहणाए अप्पाणं सोसेति, सट्ठिं भताइं अणसणाए छेदेति चरिमुस्सासेहिं सिध्धा ।

**અર્થ :-** અંતકૃત્ દશાંગ સૂત્રના પાંચ વર્ગના દસ અધ્યયન કહ્યા છે. તે આ પ્રમાણે (૧) પદ્માવતી (૨) ગૌરી (૩) ગંધારી (૪) લક્ષ્મણા (૫) સુષીમા (૬) જાંબૂવતી (૭) સત્યભામા (૮) રૂક્ષ્મણી (૯) મૂલશ્રી (૧૦) મૂલદત્તા.

કૃષ્ણ વાસુદેવને પદ્માવતી નામે રાણી હતી. તેને પરમાત્મા શ્રીનેમિનાથ પાસે ધર્મ સાંભળીને વૈરાગ્ય થયો. તેથી ભગવાનને વંદન કરીને કહ્યું કે, ''કૃષ્ણને પૂછીને હું સંયમ લેવા ઈચ્છું છું.''

ભગવાને કહ્યું, ''જેમ સુખ થાય તેમ કરો.'' ત્યારપછી તેણે કૃષ્ણની પાસે આવીને અંજલી જોડીને શ્રી કૃષ્ણને કહ્યું, ''હે દેવાનુપ્રિય ! આપની અનુજ્ઞા પામીને હું સંયમ લેવા ઈચ્છું છું.''


કૃષ્ણે કહ્યું, ''જેમ સુખ થાય તેમ કરો.'' ત્યારપછી તે પદ્માવતી તૈયાર થઈને કૃષ્ણ વડે કરાયેલ દીક્ષા મહોત્સવપૂર્વક





દ્વારિકા નગરીમાંથી નીકળીને, રૈવતગિરિના સહસાવન ઉદ્યાનમાં આવે છે. ત્યાં શિબિકાથી ઉતરે છે. અને જ્યાં પરમાત્મા છે ત્યાં આવે છે. પછી ભગવાન પોતે તેને દીક્ષા આપે છે. ત્યારપછી તે પદ્માવતી સાધ્વીજી યક્ષા સાધ્વીજી પાસે અગ્યાર અંગ ભણીને, વીસ વર્ષ સંયમ પાળીને એક મહિનાની સંલેખના પૂર્વક એક મહિનાનું અનશન કરીને નિર્વાણ પામ્યા.


**तेणं कालेणं २ बारवईनयरीए रेवतए पव्वए नंदणवणे उज्जाणे, तत्थ णं बारवईनयरीए कण्हे वासुदेवे तस्स णं कण्हवासुदेवस्स गोरी देवी वन्नतो, अरहा समोसढे कण्हे णिग्गते गोरी जहा पउमावती तहा णिग्गया धम्मकहा परिसा पडिगता, कण्हेवि, तए णं सा गोरी जहा पउमावती तहा णिक्खंता जाव सिद्धा ५ । एवं गंधारी । लक्खणा । सुसीमा । जंबवई । सच्चभामा । रूप्पिणी । अट्ठवि पउमावतीसरिसाओ अट्ठ अज्झयणा ।। सू० १० ।। तेणं कालेणं २ बारवतीनगरीए रेवतए नंदणवणे कण्हे वासुदेवे, तत्थ णं बारवतीए नयरीए कण्हस्स वासुदेवस्स पुत्ते जंबवतीए देवीए अत्तते संबे नामं कुमार होत्था, अहीण जाव सुरूवे, तस्स णं संबस्स कुमारस्स मूलसिरीनामं भारिया होत्था वन्नओ, अरहा समोसढे कण्हे णिग्गते मूलसिरीवि णिग्गया जहा पउमावतीदेवी नवरं देवाणुप्पिया ! कण्हं वासुदेवं आपुच्छामि जाव सिद्धा । एवं मूलदत्ताવि । पंचमो वग्गो समत्तो-५ ।। सू० ११ ।।**



શ્રી કૃષ્ણ વાસુદેવને ગૌરી નામની રાણી હતી. તેણે પદ્માવતીની જેમ રૈવતગિરિના નંદનવન ઉદ્યાનમાં શ્રી નેમિનાથ ભગવાન પાસે સંયમ લીધું અને પાળીને મોક્ષે ગઈ.

આ જ પ્રમાણે ગંધારી, લક્ષ્મણા, સુષીમા, જાંબૂવતી, સત્યભામા, રૂક્ષમણી આઠે કૃષ્ણની રાણીઓ ભગવાનના હાથે સંયમ લઈ મોક્ષમાં ગઈ.

તે કૃષ્ણ વાસુદેવને જાંબૂવતી નામની રાણીથી શાંબ નામનો કુમાર હતો. તે શાંબ કુમારને મૂલશ્રી નામની પત્ની હતી. તેણે પણ પદ્માવતીની જેમ નેમિનાથ ભગવાન પાસે દીક્ષા લીધી અને મોક્ષે ગઈ એ જ પ્રમાણે મૂલદત્તાનું પણ જાણવું.





વિ.સં. ૧૬૭૪માં શાંતિચંદ્રઉપાધ્યાય અંતેવાસી વાચક રત્નચંદ્રગણિ વિરચિત

## શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર મહાકાવ્ય

**શ્રી ગજસુકુમાલની દીક્ષાનું વર્ણન :-**

**સર્ગ ચૌદમો**

अन्यदा समवासार्षीदचिरान्नेमितीर्थकृत् ।
सहस्राम्रवणे चक्रुः सुराः निजनिजोचितम् ।। ५३ ।।

कृष्णो महर्द्ध्या तत्राऽगादनुजेन सहाऽमुना ।
अश्रौषीद्देशना सर्वां सुधादेश्यां स्वकर्णयोः ।। ५४ ।।


चरमो देवकीपुत्रः प्रतिबोधमवाप सः ।
मातुः भ्रातुः पितुः प्राप्य निर्देशं प्राव्रजद् द्रुतम् ।। ५५ ।।

सन्ध्यायां स्वामिनं पृष्ट्वा स्मशानं गतवान् मुनिः ।
कायोत्सर्गधरो भूत्वा नासाऽग्रन्यस्तलोचनः ।। ५६ ।।

इन्धनार्थं गतेनाऽथ ददृशे सोमशर्मणा ।
प्रादुर्भूतकषायाऽग्निः वचोधूमान् ववर्ष सः ।। ५७ ।।

पाखण्डिन् ! पाप ! पाखण्डचिकीश्चेदीदृशं यदि ।
मत्पुत्रिका वराकीयं बालरण्डेवं किं कृता ।। ५८ ।।

एतत् पापफलं प्राप्य याहि त्वं नरकाऽवनौ ।
इत्युक्त्वा स चितावह्निं घटखण्डेन मुक्तवान् ।। ५९ ।।






जाज्वल्यमाने तेनाऽऽशु मूर्ध्नि ध्यानाच्चचाल न ।
कर्माऽष्टाऽपि ज्वलन्ति स्म शुक्लध्यानाऽग्निना क्षणात् ।।६०।।

निर्दग्धाऽखिलकर्माऽपि निर्दग्धस्वशिरा अपि ।
अन्तकृत्त्वं मुनिः प्राप्याऽऽससाद पदमव्ययम् ।। ६१ ।।

એક વખત શ્રી નેમિનાથ ભગવાન સહસ્રામ્રવનમાં સમવસર્યા. દેવોએ પોતપોતાનું ઉચિતકાર્ય કર્યું. (અર્થાત્ સમવસરણ રચ્યું.) પોતાના નાનાભાઈ (ગજસુકુમાલ) સાથે શ્રીકૃષ્ણ મહાન ઋદ્ધિપૂર્વક આવ્યા. બધાએ અમૃતસમાન દેશના પોતાના કાનેથી સાંભળી. (તે સાંભળી) દેવકીનો છેલ્લો પુત્ર ગજસુકુમાલ પ્રતિબોધ પામ્યો અને માતા, પિતા તથા મોટાભાઈની આજ્ઞા લઈને દીક્ષા લીધી. ।। ૫૩-૫૪-૫૫ ।।

સાંજે પરમાત્માને પૂછીને ગજસુકુમાલ મુનિ સ્મશાનમાં ગયા અને નાસિકાના અગ્રભાગે નેત્ર સ્થાપન કરીને કાઉસગ્ગ ધરીને રહ્યા. તે વખતે ત્યાં લાકડા લેવા માટે આવેલા સોમશર્માએ (સસરાએ) તેમને જોયા. તેથી તેનો કષાય રૂપી અગ્નિ પ્રગટ થયો. તેણે વાણી રૂપી ધૂમાડાની વૃષ્ટિ કરી, ''હે પાખંડી પાપી ! જો તારે આવું જ પાખંડ કરવું હતું તો મારી દિકરીને બિચારીને બાળવિધવા જેવી શા માટે કરી ? આ પાપનું ફળ મેળવીને તું નરકમાં જા'' એમ કહીને તેણે ઘડાના ઠીકરા વડે ચિતાનો અગ્નિ મસ્તક ઉપર મૂક્યો. માથું બળવા લાગ્યું પણ (તે મુનિ) ધ્યાનથી ચલાયમાન ન થયા. ત્યારે પોતાના મસ્તકના બળવા સાથે શુક્લધ્યાન અગ્નિથી બધા જ કર્મ બાળીને મુનિ અંતકૃત્પણું પામીને મોક્ષપદ પામ્યા. ।। ૫૬-૬૧ ।।

(આ રીતે શ્રી પ્રદ્યુમ્નચરિત્ર મહાકાવ્યમાં કહેલ ગજસુકુમાલ મુનિનો વૃત્તાન્ત કહ્યો.)





(હવે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા શ્રીરથનેમી અધ્યયન અંતર્ગત શ્રીનેમિનાથ ભગવાને સંયમ લીધું તે પ્રસંગ કહેવાય છે.)

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

**૨૨ મું અધ્યયન : રથનેમિ :-**


सोरियपुरंमि नयरे, आसि राया महड्ढिए ।
समुद्दविजये नामं, रायलक्खणसंजुए ।। ३ ।।

तस्स भज्जा सिवा नाम, तीसे पुत्तो महायसो ।
भयवं अरिट्ठनेमित्ति, लोगनाहे दमीसरे ।। ४ ।।

सोऽरिट्ठनेमिनामो अ, लक्खणस्सरसंजुओ ।
अट्ठसहस्स लक्खणधरो, गोयमो कालगच्छवी ।। ५ ।।

वज्जरिसहसंघयणो, समचउरंसो झसोदरो ।
तस्स राइमइं कन्नं भज्जं जायइ केसवो ।। ६ ।।

**અર્થ :-** શૌરીપુરી નગરમાં મહાનઋદ્ધિવાળા, રાજાના લક્ષણોથી યુક્ત, સમુદ્રવિજય નામના રાજા હતા. ।। ૩ ।। તેમને શિવા નામની પત્ની હતી. તેમનો મહાયશસ્વી, લોકનાથ, દમીશ્વર, ભગવાન અરિષ્ટનેમિ નામે પુત્ર હતો. ।। ૪ ।। તે અરિષ્ટનેમિ લક્ષણ-સ્વરથી યુક્ત, ૧૦૦૮ લક્ષણ ધરનાર, ગૌતમ ગોત્રવાળા, શ્યામકાંતિવાળા, વજઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, મત્સ્ય સમાન ઉદરવાળા હતા. તેમના માટે શ્રી કૃષ્ણે રાજીમતિ કન્યા માંગી હતી. ।। ૫ - ૬ ।।



(રાજીમતિ કન્યાનો ત્યાગ કરીને ભગવાને રૈવતગિરિ ઉપર સંયમ લીધું તે કહે છે)

देवमणुस्सपरिवुडो, सिवियारयणं तओ समारूढो ।
निक्खमिय बारगाओ, रेवययम्मि ठिओ भयवं ।। २२ ।।

उज्जाणे संपत्तो, ओइन्नो उत्तमाउ सीयाओ ।
साहस्सीए परिवुडो अह निक्खमइ उ चित्ताहिं ।। २३ ।।

अह सो सुगंधगंधिए तुरियं मउसकुंचिए ।
सयमेव लुंचई केसे, पंचमुट्ठीहिं समाहिओ ।। २४ ।।

**અર્થ :-** તે ભગવાન દેવ-મનુષ્યથી પરિવરેલા, શિબિકારત્નમાં આરુઢ થયેલા, દ્વારિકા નગરીથી નીકળીને રૈવતગિરિ ઉપર પહોંચ્યા ।। ૨૨ ।।

ત્યાં ઉદ્યાનમાં પહોંચેલા ઉત્તમ શિબિકાથી ઉતર્યા અને એક હજારથી પરિવરેલા એમણે, ચિત્રા નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થયે, સહજ સુગંધી અને કોમલ-વાંકળીયા વાળનો સ્વયં પંચમુષ્ટિ લોચ કરીને સમાધિપૂર્વક સંયમ સ્વીકાર્યું ।। ૨૩ - ૨૪ ।।



(હવે શ્રીનેમિનાથ ભગવાન રૈવતગિરિએ સમોસર્યા હતા, ત્યારે શ્રીકૃષ્ણે તેમના ૧૮ હજાર સાધુઓને વંદન કર્યા હતા. તે સંબંધ શ્રી ઉપદેશમાલા ગ્રંથની વિશેષવૃત્તિના આધારે અહિં કહેવાય છે.)

## પ્રભુવીર અંતેવાસી શ્રીધર્મદાસગણિ વિરચિત ઉપદેશમાલા વિશેષવૃત્તિ


(સાધુવંદન ફળમાં કૃષ્ણ કથા : શ્લોક નં. ૧૬૫ ની ટીકા)

बारवई पुरीए, कयाइ जायवसिरोमणि अरिहं ।
रेवयगिरिणो परिसरवसुंधराए समोसरिओ ।। १ ।।

सपरिवारो सउरी, परमेसरपायवंदणाय तओ ।
निहरिऊण तिपयाहिणाउ दाऊण पणमेइ ।। २ ।।

अट्ठारससहस्साणं, साहूणं दूसहतवचरणतणुतणूणं च ।
कम्मविणिज्जरणकए, वंदणयं देमि मुणिनाह ! ।। १५ ।।

**અર્થ :-** એક વખત યાદવ શિરોમણિ શ્રી નેમિનાથ ભગવાન દ્વારિકા નગરી બહાર રૈવતગિરિએ સમવસર્યા. શ્રી કૃષ્ણે પરમાત્માને વંદન કરવા માટે દ્વારિકામાંથી પરિવાર સહિત નીકળી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કર્યા, ત્યારપછી કૃષ્ણે કહ્યું, ‘‘હે મુનિનાથ ! ભગવાન ! ઈન્દ્રિયોને દમનારા, ક્ષમાવાન, શીલવાન, દુષ્કર તપ કરવા વડે શરીરને શોષનારા, તમારા ૧૮ હજાર સાધુઓને કર્મનિર્જરા માટે હું વંદન કરીશ.’’



(હવે રાજીમતિ ચરિત્ર અંતર્ગત શ્રીનેમિનાથ ભગવાનની દીક્ષાનો અધિકાર કહેવાય છે.)

## રાજીમતિ ચરિત્ર

ततः प्रभृति प्रभुर्वार्षिकं दानं दातुं लग्नः । एवं वर्षं यावद्दानं दत्त्वोज्जयंताद्रौ गत्वा तत्र सहसाम्रवने दीक्षां जग्राह, कियत्कालानंतरं च केवलज्ञानमाप्तवान् । तदा तत्र सदेवैरिन्द्रैः समवसरणं कृतं, अनेके देवा नृपाः कृष्णादयो यादवाश्च भगवतो धर्मदेशनां श्रोतुमुपाययुः । प्रभुणापि धर्मदेशना प्रारब्धा ।

**અર્થ :-** ત્યારથી માંડીને પ્રભુ વાર્ષિક દાન દેવા લાગ્યા. આ પ્રમાણે ૧ વર્ષ સુધી દાન આપીને, ઉજ્જયંત પર્વત ઉપર જઈને, ત્યાં સહસ્રામ્રવનમાં દીક્ષા લીધી. કેટલાક કાળ પછી કેવળજ્ઞાન પામ્યા ત્યારે ત્યાં દેવો સહિત ઈન્દ્રોએ સમવસરણ રચ્યું. ઘણા બધા દેવો, કૃષ્ણ વગેરે રાજાઓ અને યાદવો ભગવાનની દેશના સાંભળવા માટે આવ્યા. ભગવાને પણ દેશના શરૂ કરી.



(હવે શ્રી વસ્તુપાલ મહાકાવ્યના પંદરમા સર્ગમાં શ્રીવસ્તુપાલ મંત્રીની તીર્થયાત્રાના વર્ણનમાં ગિરનારની યાત્રાનું વર્ણન કરાય છે.)

## શ્રીવિજયસેનસૂરિ શિષ્ય શ્રીઉદયપ્રભસૂરિ વિરચિત
## શ્રી વસ્તુપાલ મહાકાવ્ય (વિ.સં. ૧૨૮૮)

**શ્રીવસ્તુપાલ તીર્થયાત્રા વર્ણન :- (સર્ગ પંદર)**

अजाहराख्ये नगरे च पार्श्वपादानजापालनृपालपूज्यान् ।
अभ्यर्चयन्नेष पुरे च कोडीनारे स्फुरत्कीर्त्तिकदम्बमम्बाम् ।।१२।।


देवपत्तनपुरे पुरन्दरस्तूयमानममृतांशुलाञ्छनम् ।
अर्चयन्नुचितचातुरीचितः कामनिर्मथननिर्मलद्युतिम् ।।१३।।

प्रीतस्फीतरुचिश्चिराय नयनैर्वामभ्रुवां वामन-
स्थल्यामेष मनोविनोदजननं क्लृप्तप्रवेशं पुरि ।
धीमान्निर्मलधर्मनिर्मितिसमुल्लासेन विस्मापयन्
दैवं रैवतकाधिरोहमकरोत्सङ्घेन सङ्घेश्वरम् ।।१४।। (विशेषकम्)

गजेन्द्रपदकुण्डस्य तत्र पीयूषहारिभिः ।
चकार मज्जनं मन्त्री वारिभिः पापहारिभिः ।। १५ ।।

जिनमज्जनसज्जसज्जनं कलशन्यस्ततदम्बुकुङ्कुमम् ।
अथ सङ्घमवेक्ष्य सङ्कटे विदधे वासवमण्डपोद्यमम् ।। १६ ।।

संरम्भसङ्घटितसङ्घजनौदृष्टामष्टाह्निकामयमिहापि कृती वितेने ।
सद्भूतभावभरभासुरचित्तवृत्तिरुद्वृत्तकीर्तिचयचुम्बितदिक्कदम्बः ।।१७।।



लुम्पन् रजो विजयसेनमुनीशपाणिवासप्रवासितकुवासनभासमानः ।
सम्यक्त्वरोपणकृते विततान नन्दिमानन्दमेदुरमयं रमयन्मनांसि ।१८।

दानैरानन्द्य बन्दिव्रजमसृजदनिर्वारमाहारदानं
मानी सम्मान्य साधूनपुषदपि मुखोद्धाटकर्मादिकानि ।
मन्त्री सत्कृत्य देवार्यनरचन परानर्चयित्वायमुच्चै
रम्बाप्रद्युम्नशाम्बानिति कृतसुकृतः पर्वतादुत्ततार ।। १९ ।।

शत्रुञ्जये यः सरसीं निवेश्य श्रीरैवताद्रौ च जडाधराणाम् ।
ग्रामस्य दानेन करं निवार्य सङ्घस्य सन्तापमपाचकार ।।४५।।

**અર્થ :-** અજાહરા નગરમાં અજાપાલ રાજા વડે પૂજાયેલા એવા શ્રીપાર્શ્વ ભગવાનની પૂજા કરીને, કોડીનાર નગરમાં સ્ફૂરાયમાન કીર્તિના સમૂહવાળી અંબિકાદેવીને પૂજીને, દેવપત્તન (પ્રભાસપાટણ) નગરમાં ઈન્દ્ર મહારાજ વડે સ્તુતિ કરાતા અને કામદેવને નાશ કરતી નિર્મળકાંતિવાળા શ્રી ચંદ્રપ્રભ પ્રભુની ઉચિત ચતુરાઈયુક્ત ચિત્તવાળા વસ્તુપાલે પૂજા કરી.

ત્યાર પછી પ્રીતિથી પુષ્ટ થયેલી કાંતિવાળા વસ્તુપાલે લાંબા કાળે વંથલી નગરમાં પ્રવશે કર્યો. નિર્મળ ધર્મ વડે નિર્માણ થયેલ ઉલ્લાસથી બુદ્ધિમાનોને આશ્ચર્ય પમાડતા વસ્તુપાલે નયનો વડે સ્રીઓના મનને આનંદ ઉત્પન્ન કરનાર શ્રી નેમિનાથ ભગવાનથી યુક્ત રૈવતગિરિ પર્વત ઉપર સંઘસહિત આરોહણ કર્યું.

ત્યાં અમૃતથી ચડિયાતા, પાપને હરણ કરનારા, ગજપદકુંડના પાણી વડે મન્ત્રીએ સ્નાન કર્યું. કેસર મિશ્રિત ગજપદકુંડનું પાણી કળશમાં ભરીને પરમાત્માના અભિષેક માટે સજ્જ થયેલા સજ્જનોના સંઘને જોઈને તત્કાલ ઈન્દ્રમંડપની તૈયારી કરી.

યથાર્થ ભાવોના સમૂહથી દેદીપ્યમાન ચિત્તવૃત્તિ વડે ઉત્પન્ન થયેલી કીર્તિના સમૂહથી ચુંબન કરાયેલા દિશાઓના સમૂહવાળા

વસ્તુપાલે, ભાગ્યશાળી અને ઉત્સાહથી ભેગા થયેલા સંઘના લોકો વડે જોવાતા ગિરનાર ઉપર પણ અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો.

કર્મરજને દૂર કરતા વિજયસેન આચાર્ય મહારાજના હાથથી વાસક્ષેપ વડે દૂર થઈ ગયેલી કુવાસનાના કારણે શોભતા મંત્રીશ્વર વસ્તુપાલે, સમ્યક્ત્વનું આરોપણ કરવા માટે મનને અત્યંત આનંદદાયક નન્દિ મહોત્સવ કર્યો.

માનનીય એવા મંત્રીએ દાન વડે અર્થીજનોને આનંદીત કરીને, અટકાવ વગરનું આહારદાન કર્યું. સજ્જનોનું સન્માન કરીને મુખોદ્ઘાટકર્માદિ પણ પોષ્યા.

ભગવાનની પૂજા કરનારા બીજા લોકોનો પણ સત્કાર કરીને, અંબા, પ્રદ્યુમ્ન, શાંબ વગેરે શિખરોની પણ પૂજા કરીને પર્વત ઉપરથી ઉતર્યા ।। ૧૨ - ૧૯ ।।

તે મંત્રીશ્વરે શત્રુંજય પર્વત ઉપર સરોવરો બનાવીને અને શ્રીરૈવતગિરિ ઉપર રહેલા જટાધારીઓને ગામનું દાન આપીને કર નિવાર (ટેક્ષ માફ) કરીને સંઘનો સંતાપ દૂર કર્યો. ।। ૪૫ ।।





(કુમારપાળ રાજાએ ગિરનારની યાત્રા કરી તે પ્રસંગ હવે જણાવાય છે.)

## મહોપાધ્યાય ચારિત્રસુંદર ગણિ વિરચિત
## શ્રી કુમારપાલ ચરિત્ર (વિ.સં.૧૪૮૭)


સાતમો સર્ગ : પ્રથમ વર્ગ :-

राजा रैवतकाचलं निजबलं लात्वा ययौ मन्त्रिणा,
सार्धं नेमिजिनं नन्तुमितरत्कृत्यं विधायाखिलम् ।
मार्गं दुर्गममेष वीक्ष्य तरसा पद्यां सुखारोहणां,
तत्राबन्धयदुच्चकैः परकृते कुर्वन्ति किं नोत्तमाः ।। ४१ ।।

मत्वा सत्वरगत्वरं क्षितितले वित्तं समस्तं कृती,
सिद्धाद्रावतनोद्व्यये सचिवराड् धन्यः स एको ह्यम् ।
यद्वा यद्विषये भवन्ति भुवनस्यानन्ददायीन्यहो !
कृत्यानि स्तुतिभाजनं स कुमरः क्ष्मापालचूडामणिः ।।४२।।

श्री रैवताद्रौ कुमरो विधाय यात्रामथो पत्तनमाजगाम ।

**અર્થ :-** કુમારપાલ રાજા પોતાના સૈન્યને રૈવતગિરિ પાસે લાવીને, બીજા બધા કાર્ય કરીને, મંત્રીની સાથે શ્રી નેમિનાથ ભગવાનને નમવા માટે ગયો. (પરંતુ) માર્ગને દુર્ગમ = વિષમ જોઈને ત્યાં જલ્દીથી સહેલાઈથી ચડી શકાય એવો માર્ગ બંધાવ્યો. ઉત્તમપુરૂષો પરોપકાર કરવામાં વિલંબ કરતા નથી. ।। ૪૧ ।।





પૃથ્વી ઉપર ધન તત્કાલ નાશ પામે એવું છે, એમ માનીને પંડિત એવા તેણે સિધ્ધપર્વત = ગિરનાર ઉપર ધન વ્યય કર્યો. તેથી તે ખરેખર ધન્ય છે અથવા જેના દેશમાં ભુવનને આનંદદાયક કાર્યો થાય છે તે રાજાઓમાં શ્રેષ્ઠ કુમારપાળ રાજા સ્તુતિ કરવા લાયક છે. ।। ૪૨ ।। શ્રી રૈવતગિરિ ઉપર યાત્રા કરીને કુમારપાળ રાજા પાટણ ગયા.

દશમો સર્ગ :-

अर्चयन्मधुमती प्रमुखेषु, श्रीजिनेन्द्रभुवनानि परेषु ।
स्थापयन् जिनमतं सुरदेशे रैवताद्रिमगमत्स नरेशः ।। ५६ ।।

तत्र यादवकुलोदयसूर्यं ध्वस्तमोहमदनाखिलशौर्यम् ।
आनमद्भवलताऽतनुनेमिं नेमिमेष विनिमेषदृगर्च्यम् ।। ५७ ।।


सज्जनः सुजननः किल मन्येऽचीकरज्जिनविहारमिमं यः ।
चिन्तयन्निति चिरं स चकार चारूपुष्पनिवहेन जिनार्चाम् ।।५८।।

भरतः इव कुमारस्तीर्थयात्रां स कुर्वन् जलद इव वितेने दानसङ्ख्यां न दक्षः ।

**अर्थ** :- મહુવા વગેરે નગરોમાં શ્રી જિનેન્દ્રભુવનોની પૂજા કરતા, સૌરાષ્ટ્ર દેશમાં જિનમતને સ્થાપન કરતા તે કુમારપાળ રાજા રૈવતગિરિ ઉપર ગયા. ત્યાં યાદવકુલનો ઉદય કરવામાં સૂર્ય સમાન, મોહ અને મદનના સંપૂર્ણ પરાક્રમને નાશ કરનાર, સંસારરૂપી લતાને કાપવામાં ચક્ર સમાન, દેવોથી પૂજ્ય એવા નેમિનાથ ભગવાનને નમસ્કાર કર્યો. ।૫૬-૫૭।

સજ્જન મંત્રીને હું ખરેખર જન્મ સફળ કરનાર માનું છું કે જેણે આ જિનાલય કરાવ્યું. આ પ્રમાણે વિચારતા તે રાજાએ મનોહર પુષ્પોના સમૂહ વડે પરમાત્માની પૂજા કરી. ।। ૫૮ ।।

ભરત ચક્રવર્તીની જેમ તીર્થયાત્રા કરતા તે કુમારપાળ રાજાએ મેઘની જેમ અઢળક દાન આપ્યું.





(શ્રીસિદ્ધરાજ જયસિંહ શ્રીહેમચંદ્રાચાર્યજી સાથે રૈવતગિરિ પર આવ્યા હતા તે પ્રસંગ)

## શ્રીજયસિંહસૂરિવિરચિત
## કુમારપાલભૂપાલચરિત્ર મહાકાવ્ય (વિ.સં. ૧૪૨૨)

સર્ગ – ૩

अवतीर्य ततस्तीर्था-त्सिद्धेशो रैवताचलम् ।
गत्वा प्रणेमिवान्नेमिदेवं मदनसूदनम् ।। ३६ ।।

श्रीखंडकुसुमस्वर्ण-रत्नाद्यैर्नेमिनायकम् ।
पूजयामासिवानात्मपुपूजयिषयेव सः ।। ३७ ।।


आसने समुपानीते, विनीतैर्देवसेवकैः ।
भक्त्या तत्सिद्धराट् त्यक्त्वा, सर्वाध्यक्षमिदं जगौ ।। ३८ ।।

अस्मिंस्तीर्थे नृपेणापि, नोपवेष्टव्यमासने ।
मंचे न शेयं भुक्तौ च, न धार्याऽडुणिकाऽग्रतः ।। ३९ ।।

प्रसवो न स्त्रिया कार्यो, मथनीयं च नो दधि ।
प्रतिपाल्या व्यवस्थेयं, धर्मास्थाऽऽधायिभिर्नृभिः ।।४०।। युग्मम्।।

उल्लसत्कवितावल्लयाः, फलानीव जिनेशितुः-
स्तोत्राण्युपायनी चक्रे, हेमाचार्योऽपि भक्तितः ।। ४१ ।।

उज्जयंतादथोत्तीर्य, देवपत्तनमेत्य च ।





नत्वा सोमेश्वरं प्रापत्कोटीनारपुरं नृपः ।। ४२ ।।


विश्वांबामिव तत्रांबां, भक्त्याऽभ्यर्च्य भुवः प्रभुः ।
अपत्यचिंतासंतप्तो, हेमाचार्यं व्यजिज्ञपत् ।। ४३ ।।

**અર્થ :-** તે તીર્થથી ઉતરીને સિદ્ધરાજે રૈવતગિરિ ઉપર જઈને, કામદેવનો નાશ કરનાર શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કર્યા જાણે કે પોતાના આત્માને પૂજતો હોય તેમ તેણે ચંદન, પુષ્પ, સુવર્ણ અને રત્ન વડે નેમિનાથ ભગવાનને પૂજ્યાં.

વિનીત પૂજારીઓ વડે ભક્તિપૂર્વક આસન લાવતે છતે તે છોડીને સિદ્ધરાજે બધાની સમક્ષ આ પ્રમાણે કહ્યું કે, ' આ તીર્થમાં રાજાએ પણ આસને બેસવું નહિ. પલંગ ઉપર સુવું નહિ. આગળ ઢાલ કે તલવાર પણ ધારણ કરવી નહિ. સ્ત્રીઓએ પ્રસવ=બાળક જન્મ ન કરવો. દહિં ન મથવું. ધર્મ પ્રત્યે શ્રધ્ધા ધારણ કરનારાં મનુષ્યોએ આ મર્યાદા જાળવવી.'

શ્રી હેમચંદ્રાચાર્યે પણ ઉલ્લસિત કવિતા રૂપી વેલડીના ફળો જેવા સ્તોત્રો પરમાત્માને ભક્તિથી ભેટ ધર્યા.

ઉજ્જ્યંતગિરિથી ઉતરીને, સોમેશ્વરને નમન કરીને રાજા કોડીનાર નગરે ગયા, ત્યાં જગતની માતા સમાન અંબિકાદેવીને ભક્તિપૂર્વક પૂજીને પુત્રની ચિંતાથી સંતપ્ત રાજાએ હેમચંદ્રાચાર્યને વિનંતિ કરી. ॥ ૩૬ – ૪૩ ॥






(શ્રી બાલચંદ્રાચાર્યએ રૈવતગિરિ ઉપર તપ આરાધના કરી પણ કુત્સિત મનોવૃત્તિના કારણે શિક્ષા રૂપે મૃત્યુ પામ્યા તે પ્રસંગ કહેવાય છે)

## ચતુરશીતિપ્રબંધ

**अजयपाल प्रबन्ध :-**

इत आचार्यः कृष्णमुखः स्वोपश्रयं ययौ । चिन्तितम्-देवताऽऽराधनं विना मनोरथानां सिद्धिर्न । अतो रैवतके गत्वा देवीं अम्बां परितोष्य हेमाचार्यसमो भविष्यामि । तत्र गतस्तपश्चरणं प्रारेभे । उपवासत्रयं तदनु तलहट्टिकायां पारणम् । एकः परिचर्याकरः । एवं मास २ तपःप्रान्ते देव्यम्बा प्रत्यक्षा जाता-'कार्यं वद' । तेनोक्तम्-'यादृशः कुमारपालदेवस्तादृशम-जयपालदेवम्, यादृशो हेमाचार्यस्तादृशं मां विधेही' ति कथिते देव्याह-'गूर्जरात्रायां न । अन्यत्र गच्छ' । तेनोक्तम्-'ममाप्यत्रैव पडप (?) मस्ति' । अम्बिक-योक्तम्-'तर्हि याहि' । तेनोक्तम्-'यदि एतत् सत्यं करोमि तदाहं...' अम्बिकया हेमाचार्यनृपमूर्त्योरधिष्ठा-यिकावुक्तौ- 'यदेष भवद्यशः समीहते' । ताभ्यां पवनयोगाद् यमलपर्वतान्तरे क्षिप्तश्चूर्णितश्च । क्षुल्लके-



नावलोकमाने रजोहृतिः प्राप्तः (प्राप्ता?) तामादाय समागतः ।

**અર્થ :-** આ બાજુ આચાર્ય બાલચન્દ્ર નિરાશવદને પોતાના ઉપાશ્રયમાં ગયા. અને વિચાર્યું કે, ' દેવીની આરાધના વિના મનોરથ સિદ્ધ નહિ થાય. આથી રૈવતગિરિ ઉપર જઈને, અંબિકાદેવીને ખુશ કરીને, હેમચંદ્રાચાર્ય જેવો થાઉં.'

(આ પ્રમાણે વિચારીને) ત્યાં ગયા અને તપનું આચરણ શરૂ કર્યું. અઠ્ઠમ કરીને તળેટીમાં પારણું કરે. એક સાધુ સેવા કરવામાં હતો. આ પ્રમાણે બે મહિના પછી અંબિકા દેવી પ્રત્યક્ષ થઈ, કહ્યું, ''કામ કહો.''

આચાર્યે કહ્યું, ''જેવા કુમારપાળ રાજા તેવો અજયપાળ રાજા અને જેવા હેમાચાર્ય તેવો મને બનાવ.'' એમ કહે છતે અંબિકા દેવીએ કહ્યું, ''ગુજરાતમાં શક્ય નથી. બીજે જાવ.'' તેમણે કહ્યું,''મારો તો ગુજરાતમાં જ પડાવ છે.'' અંબિકાએ કહ્યુ, ''તો જા.''

આચાર્ય વડે કહેવાયું, ''જો એમ છે તો હું સત્ કરૂં છું.'' (અર્થાત્ આત્મહત્યા કરીશ.)

ત્યારે અંબિકાએ હેમાચાર્ય અને કુમારપાળરાજાની મૂર્તિના અધિષ્ઠાયકોને કહ્યું કે, ''આ તમારો યશ ઈચ્છે છે.''

તે બંનેના અધિષ્ઠાયકોએ પવનયોગથી અર્થાત્ પવન વિકુર્વીને તે આચાર્યને ઉપાડીને બે પર્વતની વચ્ચે નાખી અને ચૂરો કર્યો. નાના સાધુએ તપાસ કરી તો રજોહરણ મળ્યું. તે લઈને (તે સાધુ) પાછો ગયો.



(સજ્જન મંત્રીએ ગુરૂમહારાજ શ્રીભદ્રેશ્વરસૂરિજીની આજ્ઞાથી ગિરનાર ઉપર રહેલા કાષ્ઠના જિનાલયનો ઉદ્ધાર કરી, અંબિકાદેવીની સહાયથી પત્થરનું જિનાલય બંધાવ્યું તે પ્રસંગ કહેવાય છે. આ જ પ્રસંગ ''કુમારપાલ પ્રબોધ પ્રબન્ધ'' ગ્રંથમાં પણ અક્ષરશઃ આપેલ છે.)

## અજ્ઞાતકર્તૃક પુરાતન સંક્ષિપ્ત કુમારપાલદેવ ચરિત્ર (વિ.સં. ૧૩૮૫)

**સજ્જનમંત્રીના જીર્ણોદ્ધારનો પ્રસંગ :-**

ततो मदनपालेन विज्ञप्तः कर्णभूपतिः ।
सार्द्धं धनेश्वराचार्यैरारूढो रैवताचलम् ।। १८ ।।


सज्जनोऽपि स्वगुरुभिः श्रीभद्रेश्वरसूरिभिः ।
चतुर्विधेन सङ्घेन सार्द्धं राजानमन्वगात् ।। १९ ।।

श्रीनेमिभुवनं जीर्णं वीक्ष्य काष्ठमयं ततः ।
सज्जनो गुरुणादिष्टो जीर्णोद्धारकृते कृती ।। २० ।।

यथा-

रायामच्च-सिट्ठी कुडंबिए वावि देसणं काउं ।
जिन्ने पुव्वाययणे जिणकप्पी वावि कारवइ ।। २१ ।।

जीर्णोद्धाराय विज्ञप्तः सज्जनेन नृपस्ततः ।
सुराष्ट्रोद्ग्राहितं दत्त्वाऽणहिल्लपुरमाययौ ।। २२ ।।



अथ भद्रेश्वरः सूरिः सज्जनेन सहाष्टमम् ।
तपः कृत्वाऽम्बिकादेवीमाह्वानयददीनघीः ।। २३ ।।

प्रत्यक्षीभूय साऽप्युचे युवाभ्यां किमहं स्मृता ।
सूरिराह नेमिचैत्यमुद्धरिष्यति सज्जनः ।। २४ ।।

तदेनमनुजानीहि पाषाणखनिमादिश ।
अम्बाप्यूचे भवत्वेतदल्पायुः सज्जनः पुनः ।। २५ ।।

दण्डाधिपः प्राह कार्यस्तीर्थोद्धारो विशेषतः ।
परलोकप्रस्थितानां पाथेयं धर्म्म एव यत् ।। २६ ।।

अम्बानुज्ञां ततो लब्ध्वा पाषाणस्य खनिं च सः ।
श्रीनेमिचैत्यं षण्मास्यां कलशान्तमकारयत् ।। २७ ।।

ज्येष्ठस्य सितपंचम्यां शिरोर्त्याऽर्त्तोऽथ सज्जनः ।
अम्बादेवीवचः स्मृत्वा जातपश्चत्वनिश्चयः ।। २८ ।।

आदिश्य परशुरामं स्वपुत्रं ध्वजरोपणे ।
भद्रेश्वरगुरोः पार्श्वे संस्तरे व्रतमग्रहीत् ।। २९ ।।

दिनाष्टकं पालयित्वाऽनशनं सज्जनो मुनिः ।
दिवं जगाम पुत्रोऽथ ध्वजारोपं व्यधापयत् ।। ३० ।।

**અર્થ :-** ત્યારપછી મદનપાળ વડે વિનંતિ કરાયેલ કર્ણરાજા શ્રીધનેશ્વરસૂરીશ્વરજી સાથે રૈવતાચલ પર્વત ઉપર ચડ્યા. સજ્જનમંત્રી પણ પોતાના ગુરૂમહારાજ શ્રીભદ્રેશ્વરસૂરીશ્વરજી અને ચતુર્વિધ સંઘ સાથે રાજાની પાછળ ચાલ્યા. ત્યારપછી શ્રી નેમિનાથ ભગવાનનું લાકડાનું દેરાસર જીર્ણ થયેલું જોઈને બુદ્ધિમાન સજ્જનમંત્રી ગુરૂમહારાજ વડે જીર્ણોદ્ધાર માટે આદેશ કરાયા. કહ્યું છે કે, ‘‘પૂર્વ આયતન જીર્ણ થયે છતે જિનકલ્પીએ પણ રાજા, અમાત્ય, શેઠ, કૌટુંમ્બિકને (કોઈને) પણ દેશના આપીને (પ્રેરણા કરીને) જીર્ણોદ્ધાર કરાવવો



જોઈએ.'' ત્યારપછી સજ્જનમંત્રી વડે જીર્ણોદ્ધાર માટે રાજા વિનંતિ કરાયા. ત્યારે સૌરાષ્ટ્ર દેશની ઉઘરાણી આપીને રાજા અણહિલ્લપુરે ગયા.


હવે વિશાળ બુદ્ધિવાળા ભદ્રેશ્વરસૂરીજીએ સજ્જનની સાથે અઠ્ઠમ તપ કરીને અંબિકાદેવીનું આહ્વાન કર્યું. પ્રત્યક્ષ થઈને તે દેવીએ પણ કહ્યું કે, 'તમારા વડે હું કેમ યાદ કરાઈ છું ? ' ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે, 'સજ્જનમંત્રીને શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયનો ઉદ્ધાર કરવો છે. તેથી એને અનુજ્ઞા આપો અને પત્થરની ખાણ બતાવો.'

અંબિકાએ કહ્યું, 'એમ થાઓ પણ સજ્જનનું આયુષ્ય થોડું છે.' ત્યારે સજ્જન દંડનાયકે કહ્યું, 'તો તીર્થોદ્ધાર ખાસ કરવો જોઈએ. કારણકે પરલોક પ્રત્યે પ્રયાણ કરનારા જીવોને ધર્મ જ ભાથા રૂપે છે.'

ત્યારપછી અંબિકાની આજ્ઞાથી પત્થરની ખાણ મેળવીને છ મહિનામાં શ્રી નેમિનાથ ભગવાનનું કળશ સુધીનું આખું દેરાસર કરાવ્યું.

જેઠ સુદ પંચમીને દિવસે માથાની પીડાથી અંબિકાદેવીનું વચન યાદ કરીને મૃત્યુનો નિર્ણય થયો છે જેને એવા સજ્જને પોતાના પુત્ર પરશુરામને જિનાલય ઉપર ધજા ચડાવવાનો આદેશ કરીને, ભદ્રેશ્વરસૂરિજી પાસે સંથારા વ્રતને ગ્રહણ કર્યું. આઠ દિવસનું અનશન પાળીને સજ્જન મુનિ સ્વર્ગમાં ગયા અને તેમના પુત્રે ધ્વજારોપણ કરાવ્યું. (શ્લોક નં. ૧૮ થી ૩૦)

❀❀❀





(શ્રી કુમારપાળ રાજા શ્રીહેમચંદ્રાચાર્યજી સાથે રૈવતગિરિની યાત્રા કરવા આવ્યા ત્યારે છત્રશિલા કંપી અને રાજાએ તળેટીથી પરમાત્માની અદ્‌ભુત રીતે ભક્તિ કરી તેનું વર્ણન અહિં બતાવેલ છે.)

**કુમારપાલ રાજાની ગિરનાર ભક્તિનું વર્ણન :-**

**कृत्वा प्रभावनामत्यद्भुतां शत्रुञ्जये गिरौ ।**
**ययौ रेवतके राजा राजमानो गुरुश्रिया ।। ४९८ ।।**


**तत्र चाकस्मिके छत्रशिलाकम्पे समुत्थिते ।**
**पौराणविदुराः सूरिप्रवरा नृपतिं जगुः ।। ४९९ ।।**

**इयं छत्रशिला राजन् ! समकं समुपेतयोः ।**
**द्वयोः पुण्यवतोः शीर्षे किलाकस्मात् पतिष्यति ।। ५०० ।।**

**इत्यत्र सम्प्रदायोऽस्ति तदावां पुण्यवत्तमौ ।**
**यदीदं सत्यतामेति दुर्यशो दुर्धरं तदा ।। ५०१ ।।**

**तत् त्वमेव महीपाल ! नमस्कुरु जिनाधिपम् ।**
**भावपूजावदस्माकं नतिरप्यस्तु भावतः ।। ५०२ ।।**

**नृपेण पुनरभ्यर्थ्य ससङ्घः प्रभवस्तदा ।**
**छत्रशैलेयमार्गेण प्रहिता हितभक्तिना ।। ५०३ ।।**





स्नपनावसरे स्थित्वा पर्वताधः स्वयं नृपः ।
आशैवेयजिनं श्रेण्या स्नात्रकर्तॄनधारयत् ।। ५०४ ।।

स्नात्रारात्रिकमाङ्गल्यदीपप्रभृतिकक्रियाम् ।
करात्करेण सञ्चार्य स्वयं चक्रे नराधिपः ।। ५०५ ।।

कृत्वाऽऽरात्रिकमाङ्गल्यं नृपोऽन्यस्मै प्रयच्छति ।
सोऽप्यन्यस्मै यावदन्ये जिनपादान्तिकेऽमुचन् ।। ५०६ ।।

भावनार्जितसत्पुण्यफलस्येव भवान्तरे ।
सर्वोपाधिसमृद्धायाः सामग्र्याः किमु दुष्करम् ।। ५०७ ।।

यात्रामासूत्र्य सुत्रामसमृद्धिस्पर्धिनीमसौ ।
सत्रैरामन्त्रयामास पृथ्वीं पृथुपराक्रमः ।। ५०८ ।।


अथ शङ्कापनोदार्थं जीर्णप्राकारवर्त्मना ।
मुक्त्वा छत्रशिलामार्गं नव्यपद्याविधौ नृपः ।। ५०९ ।।

पर्वतोपत्यकामारादाश्रीजिनपदाम्बुजम् ।
ददौ महाध्वजं स्फूर्ज्जद्दुकूलपटनिर्मितम् ।। ५१० ।।

आदिश्य वाग्भटं मंत्रिराजं राजन्वतीं भुवम् ।
ख्यापयन् प्राणमत् तीर्थमालामम्लानवैभवः ।। ५११ ।।

लक्षांस्त्रिषष्टिं द्रम्माणां पद्यानिर्माणकर्म्मणि ।
व्ययीचकार मन्त्रीन्द्रो गणना क्व गरीयसाम् ।। ५१२ ।।

**અર્થ :-** શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર અદ્ભુત પ્રભાવના કરીને ગુરૂભગવંત રૂપી લક્ષ્મીથી શોભતા શ્રી કુમારપાળ રાજા રૈવતગિરિ આવ્યા. ત્યાં પર્વત ઉપર ચડતાં અચાનક છત્રશિલા કંપવા લાગી. તેથી પુરાણને જાણનારા અર્થાત્ જ્ઞાની ગુરૂભગવંતે રાજાને કહ્યું. 'હે રાજન્ ! એક સાથે આવેલા બે પુણ્યશાળીના મસ્તક ઉપર અચાનક આ શિલા પડશે. એવી દંતકથા છે.






આપણે બંને પુણ્યશાળી છીએ. એટલે જો આ વાત સત્ય થાય તો અત્યંત ખરાબ અપયશ થશે. તેથી હે રાજન્ ! તમે જ પરમાત્માને નમસ્કાર કરવા જાવ. ભાવપૂજાવાળા અમારે ભાવથી નમસ્કાર છે. ત્યારે હિતકારી ભક્તિવાળા રાજાએ પ્રાર્થના કરીને આચાર્ય ભગવંતને સંઘસહિત છત્રશિલાના માર્ગે (પરમાત્માના દર્શને) મોકલ્યા. (રાજા પોતે નીચે ઉતરી ગયા.) ।।૪૯૮-૫૦૩ ।।

ત્યારપછી પરમાત્માના અભિષેક સમયે શ્રી નેમિનાથ ભગવાન સુધી અભિષેક પૂજા કરનારા ભાવિકોની પર્વત ઉપરથી તળેટી સુધીની હાર બનાવી, રાજા પોતે તળેટીએ રહ્યા. અને સ્નાનથી માંડીને આરતી, મંગળદીવો સુધીની બધી જ ભક્તિ એક બીજાના હાથનો સ્પર્શ (અર્થાત્ રાજાએ આગળના ભાવિકનો હાથ સ્પર્શ્યો. એ ભાવિકે એનાથી આગળના ભાવિકનો હાથ સ્પર્શ્યો. આ રીતે છેક પરમાત્મા સુધી પરંપરાએ હાથનો સ્પર્શ) કરીને રાજાએ કરી. આરતી-મંગળદીવો રાજાએ કરીને બીજાને આપ્યો, એ વ્યકિતએ બીજાને આપ્યો એમ કરતાં છેક પરમાત્મા પાસે એ આરતી પહોંચાડી સ્થાપન કરી. ।। ૫૦૪-૫૦૬ ।।

(આ ભવની) ભાવનાથી ભવાન્તરમાં પણ શુભ=પુણ્ય ફલ પ્રાપ્ત કરનારની જેમ સર્વ ઉપાધિ = ઉપકરણથી સમૃદ્ધ સામગ્રીવાળા વ્યક્તિ = રાજાને શું દુષ્કર હોય ? અર્થાત્ રાજા ધારે તે બધું કરી શકે. ।।૫૦૭।।

ઈન્દ્રમહારાજાની સમૃદ્ધિની સ્પર્ધા કરતી યાત્રા કરીને, વિશાળ પરાક્રમી રાજાએ મંત્રીઓ દ્વારા પૃથ્વીને શણગારી ત્યારપછી શંકા દૂર કરવા માટે છત્રશિલાનો માર્ગ છોડીને જીર્ણપ્રાકાર = જૂનાગઢના માર્ગે નવા પગથિયા દ્વારા રાજાએ



પર્વતની તળેટીથી માંડીને શ્રી જિનેશ્વર ભગવાનના ચરણકમલ સુધીનો સુંદર રેશમી વસ્ત્રથી બનાવેલ મહાધ્વજ સ્થાપન કર્યો. ।। ૫૦૮-૫૧૦ ।।

ત્યારપછી મંત્રીરાજ વાગ્ભટ્ટને આદેશ કરીને વિકસ્વર વૈભવશાળી અને રાજાઓની પૃથ્વીને કીર્તિમાન બનાવતા રાજાએ તીર્થમાળાને નમસ્કાર કર્યો. ।। ૫૧૧ ।।

મંત્રીશ્વર વાગભટ્ટે પણ નવા પગથિયા બનાવવામાં ૬૩ લાખ દ્રમ્મનો વ્યય કર્યો. મોટા પુરૂષોને ગણતરી કયાં હોય ? (અર્થાત્ મહાપુરૂષો સત્કાર્યોમાં ઉદાર હોય છે.) ।। ૫૧૨ ।।

